# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 185 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ શ્રાવણ સુદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 August 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૬ ઓગસ્ટ ૨૦૨૫ , કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# ગાંધીનગરમાં વિધાનસભાના ઘેરાવ કરતા માજી સૈનિકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ, જવાનોને ડિટેન કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે છેલ્લા નવ દિવસથી સરકારી ભરતીમાં બેઠક અનામત મામલે માજી સૈનિકો ધરણાં કરી રહ્યાં છે. માજી સૈનિકોની માગ છે કે તેમની બેઠક અન્ય કોઈ કેટેગરીમાં ન આપવામાં આવે. સરકાર તરફથી વાટાઘાટો કે બાંયધરી ન મળતાં તેમણે વિધાનસભાના ઘેરાવની ચીમકી આપી હતી. એમાં સોમવાર સુધી સરકાર પાસેથી જવાબ ન મળતાં મંગળવાર પાંચ ઓગસ્ટના રોજ સત્યાગ્રહ છાવણી ખાતે ૩૦૦ જેટલા માજી સૈનિકો એકઠા થયા હતા.

પૂર્વ સૈનિકોની આ ચીમકીને પગલે સવારથી જ ચુસ્ત પોલીસ-બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. બપોર સુધીમાં સરકાર તરફથી કોઈ હકારાત્મક જવાબ ન મળતાં વિધાનસભા તરફ કૂચ કરી કહ્યું હતું કે વિધાનસભા ઘેરાવ માટે ફક્ત સરકાર જવાબદાર રહેશે.

પોલીસે બેરિકેડિંગ તેમજ નાકાબંધી કરી હોવા છતાં માજી સૈનિકોએ આગળ વધવાનું ચાલુ રાખ્યું હતું. આ દરમિયાન પોલીસ અને માજી સૈનિકો વચ્ચે ઘર્ષણનાં દૃશ્યો સર્જાયાં હતાં. પોલીસ દ્વારા રાખવામાં આવેલાં બેરિકેડિંગ સહિતનું હટાવીને માજી સૈનિકો વિધાનસભા તરફ વધી રહ્યા હતા. આ સમયે પોલીસ સાથે ઉગ્ર ઘર્ષણ થયું હતું. પોલીસે માજી સૈનિકોને ડિટેઇન કરવાની કાર્યવાહી શરૂ કરી હતી. આ જોઈને માજી સૈનિકોએ પોલીસની વાનને રોકી દઈને પોતાના સાથીદારોને છોડાવવાની પેરવી કરી હતી.

આ અંગે પૂર્વ સૈનિક સેવા ફાઉન્ડેશનના પ્રમુખ જિતેન્દ્ર નિમાવતે કહ્યું હતું કે છેલ્લા આઠ દિવસથી અમે ધરણાં પર બેઠા છીએ. જે ગુજરાત સરકારમાં માજી સૈનિકોની અનામત છે અને અન્ય બીજા અન્ય મુદ્દાઓ છે એ મુદ્દાઓનું ઓલરેડી નિયમ બનેલો છે છતાં પણ આ મુદ્દાઓનું નિયમોમાં પાલન જ નથી થતું. એની અમલવારી માટે અહીં ધરણાં પર બેઠા છીએ. આજે નવ દિવસ થઈ ગયા પણ સરકારનો એકપણ પ્રતિનિધિ અહીં અમારી સાથે વાતચીત કરવા આવ્યો નથી. અમે સામેથી વારંવાર વાતચીત કરવા જઈએ છીએ, પણ કહેવાય કે એ ફાઈલ અધિકારી પાસે મોકલી દેવાય છે, તેથી સરકારને નમ્ર વિનંતી છે કે અમારી સાથે વાતચીત કરે.

# ગંભીરા બ્રિજ તૂટી પડતાં લટકતું ટેન્કર અંતે એર કેપ્સ્યૂલની મદદથી બહાર કઢાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા જિલ્લાના પાદરા નજીકના મુંજપુર ખાતે આવેલો ગંભીરા બ્રિજ ગત ૯ જુલાઈના રોજ ધરાશાયી થઈ ગયો હતો. જે બાદ છેલ્લા ૨૯ દિવસથી તૂટેલા પુલ પર જોખમી રીતે લટકી રહેલા ટેન્કરને મંગળવારે બહાર કઢાયું હતું. મરિન બલૂન ટેક્નોલોજીનો ઉપયોગ કરી ટેન્કરને લગભગ ૨૮ દિવસ બાદ બહાર કઢાયું હતું. ટેન્કર નીચે બ્લેક કલરના મરીન બલૂન મૂકાયા હતા. જ્યારે મરીન બલૂનમાં હવા ભરીને ટેન્કરને ઊંચું કરાયું હતું. આખરે ટેન્કરને ભારે જહેમત બાદ સલામતીપૂર્વક બહાર કાઢવામાં આવતાં ટેન્કર માલિક અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

હકીકતમાં બ્રિજ પરથી ટેન્કરને હટાવવા માટે વિશ્વકર્મા મરીન કંપની તેમજ મરીન ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરની ટીમ દ્વારા મંગળવારે સતત બીજા દિવસે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતુ. જેમાં ૫૦ જેટલા એન્જિનિયરો અને કર્મચારીઓ ટેન્કરને સલામત રીતે બહાર કાઢવા માટે કાર્યરત હતા. જે અંતર્ગત ટેન્કરની નીચે બ્લેક કલરના મરીન બલૂન મૂકવામાં આવ્યાં હતાં. આ સમયે ટેન્કરને મજબૂત તાર વડે બાંધવામાં આવ્યું હતું. જેથી રેસ્ક્યુ કામગીરી દરમિયાન કોઈ જાનહાનિનો ખતરો ના રહે.

બે એર કેપ્સ્યૂલ બલૂનની મદદથી ટેન્કરને ઊંચકવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જે અંતર્ગત એર લિફ્ટિંગ રોલર બેગમાં હવા ભરાતા ટેન્કર આગળથી ઊંચુ થતું જોવા મળ્યું હતું. જેના કારણે ઓપરેશનને પ્રાથમિક સફળતા સાંપડી હતી.

આ સંપૂર્ણ ઓપરેશનનું સંચાલન કંટ્રોલ રૂમમાંથી કરવામાં આવ્યું હતું. જ્યાંથી અધિકારીઓની ટીમ રિયલ ટાઈમ મોનિટરિંગ કરી રહી હતી. ૪ ડ્રોન કેમેરાની મદદથી કામગીરીનું સતત રેકોર્ડિંગ થઈ રહ્યું હતું અને ઓપરેશન પર સતત નજર રાખવામાં આવી રહી હતી. આ અગત્યના ઓપરેશનમાં દરેક પગલાં સાવચેતીપૂર્વક લેવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ૯ જુલાઈની વહેલી સવારે મુંજપુર ગંભીરા બ્રિજ ધરાશાયી થતા ૨૧ નિર્દોષ લોકોનાં મોત થયાં હતાં.

# રાજ્યમાં ૧૯,૭૩૧ બાળકોને અમૃતરૂપી દૂધનું દાન કરી ૨૧,૩૫૭ માતા યશોદા બની

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બાળકના જન્મથી લઈને છ મહિના સુધી માતાનું દૂધ બાળક માટે અમૃત સમાન છે, પરંતુ જે માતા બાળકને દૂધ નથી આપી શકતી તેવા બાળકો અને આરોગ્યના કારણથી જે બાળકો માતાના દૂધને સીધુ ગ્રહણ કરવા સક્ષમ નથી હોતા તેવા બાળકોને બીજી માતા પરોક્ષ માતા તરીકે અમૃતરૂપી દૂધ આપી શકે તે માટે રાજ્ય સરકારે 'હ્યુમન મિલ્ક બૅન્ક' (માનવ દૂધ બૅન્ક)ની વ્યવસ્થા કરી છે.

રાજ્યના નવજાત શિશુઓને પોષણક્ષમ આહાર મળી રહે તેમજ બાળ મૃત્યૃદરનું પ્રમાણ ઘટે તેવા ઉમદા આશયથી રાજ્ય સરકારના સહયોગથી સરકારી હૉસ્પિટલમાં 'હ્યુમન મિલ્ક બૅન્ક' કાર્યરત છે. આ બૅન્ક અનેક નવજાત બાળકોના પોષણનું માધ્યમ બની રહી છે. સામાન્ય રીતે મધર મિલ્ક બૅન્ક તરીકે ઓળખાતી આ માતૃબેંકમાં અનેક માતાઓ પોતાના મહામૂલા ધાવણનું દાન કરી નવજાત બાળકો માટે સાચા અર્થમાં યશોદા બની રહી છે.

રાજ્યમાં કાર્યરત 'હ્યુમન મિલ્ક બૅન્ક' માં અત્યાર સુધીમાં ૨૧,૩૫૭ માતાઓ દ્વારા અમૃતરૂપી દૂધનું દાન કરાયું છે. જેનો અંદાજે ૧૯,૭૩૧ બાળકોને લાભ અપાયો છે. ગાંધીનગરની સિવિલ હૉસ્પિટલ ખાતે વર્ષ ૨૦૨૧ થી આવી જ એક હ્યુમન મિલ્ક બૅન્ક કાર્યરત છે. આ બૅન્કમાં અત્યાર સુધી કુલ ૬૪૬ માતાઓએ પોતાના અમૃતરૂપ દૂધનું દાન કર્યું છે. આ દૂધથી ૬૯૪ બાળકોને નવજીવન મળ્યું છે. આ બૅન્કમાં અત્યાર સુધી ૧૮૩.૧૮ લીટર દૂધ એકત્ર કરાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતની એસ.એસ.જી હૉસ્પિટલ વડોદરાને ઉચ્ચ ગુણવત્તા યુક્ત માપદંડોનું (એનક્યુએએસ) પ્રમાણપત્ર અનાયત કરવામાં આવ્યું છે. આ પ્રકારનું પ્રમાણપત્ર મેળવનાર આ હૉસ્પિટલ ભારતની પ્રથમ હૉસ્પિટલ છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૪-૨૫માં હ્યુમન મિલ્ક બૅન્કમાં ૫,૫૩૭ માતાઓએ ૫,૦૩૬ લીટર દૂધ ડોનેટ કર્યું છે. આ વર્ષે હ્યુમન મિલ્ક બૅન્ક દ્વારા ૨,૦૯૨ લીટર દૂધ આપીને ૭,૮૨૯ બાળકોને નવજીવન મળ્યું છે.

ગુજરાતમાં દર વર્ષે અંદાજે ૧૩ લાખ બાળકોનો જન્મ થાય છે જેમાંથી અમુક બાળકો પ્રિટર્મ હોય છે અને ઓછા વજનવાળા હોય છે. સામાન્ય રીતે તેમની તબીબી પરિસ્થિતિઓને કારણે તેઓ માતાનું દૂધ સીધું ગ્રહણ કરી શકતા નથી. આવા બાળકો માટે આ અન્ય માતાઓ દ્વારા આપવામાં આવેલું દૂધ અમૃત સમાન બને છે.

હ્યુમન મિલ્ક બૅન્ક રાજ્યની ચાર મેડિકલ કોલેજ હૉસ્પિટલ સુરત, વડોદરા, વલસાડ અને ગાંધીનગર ખાતે કાર્યરત છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૧,૩૫૭ માતાઓ દ્વારા મિલ્ક ડોનેટ કરી ૧૯,૮૭૧ બાળકોને તેમના આ પોષણયુક્ત મિલ્કનો લાભ આપવામાં આવ્યો છે.

# મુખ્ય પ્રધાને ત્રિ-દિવસીય એક્સપોનું હેલીપેડ એક્ઝિબિશન સેન્ટરમાં ઉદ્દ્ઘાટન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશના નાના અને મધ્યમ કક્ષાના ફાર્મા મશીનરી, એન્જિનિયરિંગ ઉત્પાદકો અને ફાર્માસ્યુટિકલ્સ ફોર્મ્યુલેશન ઉત્પાદનો, લેબટેકને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડતા ફાર્મા એન્ડ લેબટેક એક્સપો-૨૦૨૫નો ગાંધીનગરમાં પ્રારંભ થયો છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે એક્સપોનો પ્રારંભ આરોગ્ય પ્રધાન ઋષિકેશભાઇ પટેલની ઉપસ્થિતિમાં કરાવ્યો હતો. તેમણે પ્રદર્શનના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી હતી. ફાર્મા એન્ડ લેબટેક એક્સપોની આ ૨૦માં એડિશનમાં કોનકરન્ટ ઇવેન્ટ્સ, કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગ એક્સ્પો અને રો એન્ડ પેકેજિંગ મટિરિયલ એક્સ્પો ઉમેરવામાં આવ્યા છે. આ ક્ષેત્ર ફાર્માસ્યુટિકલ્સ ઉત્પાદનો, મશીનરી અને સાધનોના પૂરક છે, તેથી ઔદ્યોગિક મુલાકાતીઓ માટે ઉપયોગી થશે.

આ પ્રદર્શન ફાર્માસ્યુટિકલ મશીનરી અને સાધનો ઉત્પાદન ક્ષેત્ર અને ફાર્માસ્યુટિકલ્સ પેકેજિંગ, લેબ અને વિશ્લેષણાત્મક સાધનો, ફાર્માસ્યુટિકલ ફોર્મ્યુલેશન, કોસ્મેટિક્સ, ન્યુટ્રાસ્યુટિકલ અને એપીઆઈ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. પ્રદર્શન વિસ્તારમાં પંપ, વાલ્વ, પાઇપ અને ફિટિંગ પર એક ખાસ પેવેલિયન પણ પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

# અંબાજીમાં પહેલી સપ્ટેમ્બરથી ભાદરવી પૂનમ મેળાનો આરંભ

## શ્રદ્ધાળુઓની સુવિધા માટે તંત્ર સજ્જ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શક્તિ, ભક્તિ અને પ્રકૃતિના ત્રિવેણી સંગમ સમાન યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમનો મહામેળો આ વર્ષે ૧ થી ૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી યોજાશે. આ મહામેળામાં ૩૫ થી ૪૦ લાખ શ્રદ્ધાળુઓ સામેલ થશે એવી સંભાવના છે. મહામેળાની તૈયારીઓની સમીક્ષા કરવા માટે પ્રવાસન સચિવ રાજેન્દ્ર કુમાર અંબાજી પહોંચ્યા, જ્યાં તેમણે શ્રેણીબદ્ધ મીટિંગો કરી. તેમણે સંબંધિત વિભાગો અને અધિકારીઓની સાથે અંબાજી મેળાની તૈયારીઓની તેમજ રીંછડિયા મહાદેવ તથા તેલિયા ઇકો ટ્રેલ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સની પણ સમીક્ષા કરી હતી. તેમણે આ સંબંધિત સ્થળોની મુલાકાત પણ લીધી હતી.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર અને આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ-અંબાજીના સંયુક્ત ઉપક્રમે ભાદરવી પૂનમનો મેળો આયોજિત થાય છે. પ્રવાસન સચિવ રાજેન્દ્ર કુમારે મીટિંગ દરમિયાન મેળામાં આવનારા શ્રદ્ધાળુઓ માટે સ્વચ્છતા અને સુરક્ષાના મંત્ર સાથે સુદૃઢ તેમજ ઉત્તમ વ્યવસ્થાઓ પ્રદાન કરવા માટેની તૈયારીઓની સમીક્ષા કરી હતી.

મીટિંગમાં અંબાજી મેળામાં આવનારા મુલાકાતીઓની સુરક્ષા, એસટી બસ, ઇલેક્ટ્રિસિટી, ક્રાઉડ મેનેજમેન્ટ, પીવાનું પાણી, કામચલાઉ વિરામ અને વિશ્રામનું સ્થળ, ભોજન, સફાઈ, આરોગ્ય, સેનિટેશન, ફાયર સેફ્ટી વગેરે વિષયો પર જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવ્યા. ખાસ કરીને સ્વચ્છતા, સુરક્ષા અને ભીડ નિયંત્રણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સભ્ય સચિવ રમેશ મેરજાએ અંબાજી મેળા દરમિયાન બોર્ડ દ્વારા કરવામાં આવનારી વિવિધ વ્યવસ્થાઓ જેવીકે કામચલાઉ આવાસ સુવિધા, પાર્કિંગ, લાઇટિંગ વગેરેની વિસ્તૃત સમીક્ષા કરી હતી. પ્રવાસન સચિવે બનાસકાંઠા જિલ્લાના કલેક્ટર તથા અંબાજી ટ્રસ્ટના અધ્યક્ષ મિહિર પટેલ દ્વારા જિલ્લા સ્તરીય કુલ ૨૯ સમિતિઓ તરફથી કરવામાં આવનારા કાર્યો અને આયોજનો વિશે ચર્ચા કરી, તેમ જ તમામ વિભાગો વચ્ચે સમન્વય, કટોકટીની સ્થિતિમાં કંટ્રોલ રૂમમાંથી તાત્કાલિક કનેક્ટિવિટીની વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. અંબાજી મંદિરના સંચાલક તેમજ અધિક કલેક્ટર કૌશિક મોદીએ મેળાના આયોજન અંગે પ્રેઝન્ટેશન આપ્યું હતું.

# ગુજરાતમાં ટૂંક સમયમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ થશે

## યુસીસી કમિટીની ખાસ મિટીંગ યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)નો અમલ થાય એ માટે રાજ્ય સરકારે પહેલ કરી છે. રાજ્યમાં કોમન સિવિલ કોડની આવશ્યક્તા ચકાસવા માટે અને કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રંજના દેસાઈની અધ્યક્ષતામાં કમિટી રચવામાં આવી હતી.

આજે રંજના દેસાઈ સહિતના સભ્યોએ ગાંધીનગરમાં મુખ્ય પ્રધાન અને ગૃહ રાજ્યપ્રધાન સાથે બેઠક યોજી હતી. એક મહિનામાં કમિટી તરફથી સરકારને રિપોર્ટ સોંપવામાં આવી શકે છે. ગુજરાતમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ પહેલાં જ યુસીસી લાગુ થઈ જાય એવી શક્યતા છે.

ગાંધીનગર સ્વર્ણિમ સંકુલમાં આજે યુસીસી કમિટીના અધ્યક્ષ રંજના દેસાઈ અને સભ્યોની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી સાથે બેઠક યોજાઈ હતી. બેઠક બાદ રંજના દેસાઈએ કહ્યું હતું કે અમે ગઈકાલે રાજ્યપાલ સાથે મુલાકાત કરી હતી અને આજે મુખ્યમંત્રીને મળ્યા છીએ. ઔપચારિક મિટિંગ હતી. રિપોર્ટ સબમીટ કરવાની તારીખ નક્કી નથી, પરંતુ એક મહિનામાં થઈ શકે છે. હવે એક્ટેન્શનની જરૂર પડે એવું લાગતું નથી.

ગાંધીનગરમાં મુખ્ય પ્રધાન અને ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી સાથે બેઠક યોજ્યા બાદ કમિટીના અધ્યક્ષ રંજના દેસાઈએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે હવે એક્ટેન્શનની જરૂરિયાત નથી. એને જોતાં લાગે છે કે કમિટી તરફથી રિપોર્ટ સબમીટ કરાયા બાદ સરકાર એને ગુજરાતમાં આ વર્ષના અંતમાં અથવા આગામી વર્ષની શરૂઆતમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલાં લાગુ કરે એવી શક્યતા છે.

જોકે આ બેઠક અંગે વધુમાં જણાવતાં રાજ્ય સરકારના પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, મુખ્યમંત્રી સાથે આજે યુસીસીની બેઠક યોજાઇ હતી. જે બાદ ચોમાસુ સત્ર દરમિયાન રાજ્ય સરકાર બિલ લાવી શકે છે. એક મહિનામાં યુસીસી રિપોર્ટ સોંપશે, ત્યાર બાદ રાજ્ય સરકાર યુસીસી લાગુ કરવા અંગે નિર્ણય લેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રંજના દેસાઈના અધ્યક્ષપણા હેઠળ પાંચ સભ્યોની કમિટીની રચના કરી હતી. આ કમિટીમાં પૂર્વ વાઇસ ચાન્સેલર દક્ષેશ ઠાકર, સામાજિક કાર્યકર ગીતાબેન, એડવોકેટ આર.સી. કોડેકર અને નિવૃત્ત આઈએએસ સી.એલ. મીણાનો સમાવેશ થાય છે.

# માછીમારોને બોટ માટે પ્રતિ માસ ૪૫૦ લીટર કેરોસીન-પેટ્રોલની સહાય અપાશે: મત્સ્યોદ્યોગ પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મત્સ્યોદ્યોગ પ્રધાન રાઘવજી પટેલે ગાંધીનગર ખાતે ગીર-સોમનાથ જિલ્લાના વિવિધ માછીમારી કેન્દ્રો બાબતેના પ્રશ્નો અંગે માછીમાર આગેવાનો સાથે સમીક્ષા બેઠક યોજી હતી. માછીમાર આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના માછીમારોને સ્પર્શતા વિવિધ પ્રશ્નોના ઉકેલ આવે તેવા શુભ આશય સાથે રાઘવજી પટેલે આ બેઠકમાં માછીમારોની વિવિધ રજૂઆતો ધ્યાનપૂર્વક સંભાળીને સઘન ચર્ચા કરી હતી.

રાજ્ય સરકાર દ્વારા માછીમારોને આપવામાં આવતી પ્રતિ માસ ૧૫૦ લિટર કેરોસીન અને પેટ્રોલની સહાયને વધારવા માટે પણ માછીમાર આગેવાનો દ્વારા આ બેઠકમાં રજૂઆત કરવામાં આવી હતી. માછીમારોના સૂચનને આવકારતા રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ચાલુ વર્ષમાં રાજ્યની તમામ ઓબીએમ બોટને રાજ્ય સરકાર દ્વારા પ્રતિ માસ ૪૫૦ લિટર કેરોસીન અને પેટ્રોલની સહાય આપવામાં આવશે.

આ ઉપરાંત માછીમાર આગેવાનો દ્વારા ઓબીએમ બોટને બંધ સિઝન દરમિયાન પણ માછીમારી કરવાની મંજૂરી આપવા બાબતે રજૂઆત કરવામાં આવી હતી. જે સંદર્ભે રાઘવજી પટેલે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, માછલીની બ્રીડિંગ સિઝન દરમિયાન જ રાજ્ય સરકાર દ્વારા પરિપત્ર જાહેર કરીને માછીમારી બંધ કરવાનો આદેશ આપવામાં આવે છે. બંધ સિઝનમાં માછીમારી કરવાથી માછલીની બ્રીડિંગમાં મુશ્કેલીઓ ઉભી થઇ શકે છે અને રાજ્યનું મત્સ્ય ઉત્પાદન પણ ઘટી શકે છે. એટલા માટે જ રાજ્યના તમામ માછીમારોને રાજ્ય સરકારના બંધ સિઝનના પરિપત્રનું પાલન કરવા રાઘવજી પટેલે અનુરોધ કર્યો હતો.

# મોરબીમાં કેજરીવાલ વિશે સવાલ કરનાર આપ કાર્યકરને બીજા કાર્યકરે ઈસુદાનની હાજરીમાં ઝાપટ મારતા વિવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આમ આદમી પાર્ટી દ્વારા હાલ ગુજરાત જોડો અભિયાન ચાલી રહ્યું છે. જે અંતર્ગત સોમવારે મોરબીમાં એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીના સંબોધન દરમિયાન એક યુવાને કેજરીવાલ વિશે પ્રશ્ન પૂછ્યો હતો, જે અંગે આપના જ એક કાર્યકર્તા દ્વારા લાફો મારવામાં આવ્યો હતો. આ અંગેનો વીડિયો વાયરલ થયા બાદ વિવાદ વકર્યો હતો.

મોરબીમાં ઈસુદાન ગઢવી જ્યારે સભાને સંબોધી રહ્યા હતા ત્યારે યુવકે સવાલ કર્યો હતો કે, દિલ્હીમાં યમુના નદીના પાણી ઘૂસી જાય છે. દસ વર્ષથી ત્યાં આમ આદમી પાર્ટીની સરકાર છે, તો તેમણે શું કર્યું છે? આમ આદમી પાર્ટી ભ્રષ્ટાચાર કરતી નથી તેવું તમે કહો છો, તો તમારા નેતાઓને ૧૨ મહિના સુધી જેલમાં રહેવું પડ્યું. જો તેઓ નિર્દોષ હતા, તો તેમણે રાજીનામું કેમ ન આપ્યું? દિલ્હીમાં જે રીતે ઝૂંપડપટ્ટીઓ વસાવી છે, શું અહીં મોરબીમાં પણ એ જ રીતે ઝૂંપડપટ્ટી વસાવવામાં આવશે? આ દરમિયાન આપના એક કાર્યકર્તાએ યુવાન પાસેથી માઈક આંચકી લીધું અને તેને જાહેરમાં લાફો મારી દીધો. આ ઘટનાથી સભામાં તણાવ સર્જાયો હતો.

આ મામલે ઈસુદાન ગઢવીએ જવાબ આપ્યો કે, યમુના નદીમાં જે ગંદકી આવે છે તે દિલ્હીની નથી, પરંતુ ઉત્તર પ્રદેશ અને હરિયાણાથી આવે છે. કેન્દ્ર સરકારના રિપોર્ટ મુજબ, યમુના કરતા પણ સાબરમતી નદી વધારે ગંદી છે. નેતાઓ પર લાગેલા આરોપો અંગે તેમણે સત્યેન્દ્ર જૈનનો ઉલ્લેખ કરતા કહ્યું કે, તેમને અઢી વર્ષ જેલમાં રાખવામાં આવ્યા હતા, પરંતુ હાઈ કોર્ટે તેમને નિર્દોષ જાહેર કર્યા છે. તેવી જ રીતે, અરવિંદ કેજરીવાલની દારૂ કૌભાંડમાં ધરપકડ થઈ હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે પણ કહ્યું છે કે, આમાં કશું નથી, જેથી તેઓ પણ નિર્દોષ સાબિત થશે. જ્યારે ટ્રમ્પના પત્ની દિલ્હી આવ્યા હતા, ત્યારે તેમણે ત્યાંની સ્કૂલો જોઈ હતી. દિલ્હી એકમાત્ર એવું રાજ્ય છે જે લોકોને તમામ વસ્તુઓ મફત આપવા છતાં નફામાં ચાલે છે. ઈસુદાન ગઢવીએ ખુલાસો કરતાં ભાજપ પર ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે આ ઘટના પાછળ મુખ્ય પ્રધાન અને ભાજપના નેતાઓનું ષડ્યંત્ર હોઈ શકે છે. મોટી સંખ્યામાં જનતાની હાજરી જોઈને મુખ્ય પ્રધાન અને ભાજપના નેતાઓએ પોતાના મળતિયાઓને મોકલીને અમારી સભાને ડિસ્ટર્બ કરવાની કોશિશ કરી હતી. તેમણે વધુમાં ઉમેર્યું કે વિસાવદર જેવી સ્થિતિનો ડર લાગતાં ભાજપે આપની જનસભાને ખંડિત કરવાની મેલી મુરાદ અપનાવી છે.

ગઢવીએ સ્પષ્ટતા કરી કે જે વ્યક્તિએ થપ્પડ મારી તે આપ સાથે સંકળાયેલી નથી. તેમણે આ ઘટનાને ભાજપ અને મુખ્ય પ્રધાનની નિમ્ન કક્ષાની રાજનીતિનો નમૂનો ગણાવ્યો હતો. તેમણે દાવો કર્યો કે ગુજરાતભરમાં આપની ૨૦૦૦થી પણ વધારે જનસભાનું આયોજન થઈ રહ્યું છે અને આ સભાઓથી ભાજપમાં ભયનો માહોલ ફેલાયો છે.

# ગુજરાતમાં રાજ્ય બહારથી આવતી ડુપ્લિકેટ અને નકલી દવાઓ પર બ્રેક લાગશે: રાજ્ય સરકાર એસઓપી તૈયાર કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના પ્રત્યેક નાગરિકને ગુણવત્તાયુક્ત દવાઓ અને ખોરાક મળી રહે તે માટે રાજ્યના આરોગ્ય વિભાગ હેઠળના ફૂડ એન્ડ ડ્રગ્સ યુનિટ સતત કાર્યરત છે. તાજેતરમાં રાજ્યમાં કેટલાક સ્થળે નકલી તેમજ બનાવટી દવાઓ રાજ્ય બહારમાંથી પ્રવેશતી હોય અને વેચાણ થતું હોવાનું રાજ્ય સરકારને ધ્યાને આવ્યું. રાજ્ય સરકારના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે સ્થળ ચકાસણી કરીને આવાં તત્ત્વો સામે કાર્યવાહી પણ કરી હતી જેને વધુ સઘન અને સખ્ત બનાવવા માટે ગુજરાતમાં રાજ્ય બહારથી આવતી દવાઓની ચકાસણી અર્થે સરકાર દ્વારા એસઓપી તૈયાર કરવામાં આવનાર હોવાનું આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

એસઓપી અમલીકરણ સાથે ડુપ્લિકેટ/નકલી દવાઓ સામે ઝીરો ટોલરન્સ અપનાવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બની રહેશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. ગુજરાતમાં રાજ્ય બહારની બનાવટી/સ્પુરીયસ/કાઉન્ટરફિટ દવાઓ અટકાવવાની દિશામાં સરકાર સઘન કામગીરી હાથ ધરશે. રાજ્યનું ખોરાક તથા ઔષધ નિયામક તંત્ર અને કેન્દ્ર સરકારનું સીડીએસસીઓ દવા વ્યવસાયમાં પ્રતિબંધિત પ્રવૃત્તિઓ સામે સતત મોનિટરિંગ કરે છે.જેથી કરીને રાજ્યના નાગરિકોના જાહેર આરોગ્ય સાથે લેભાગુ તત્ત્વો દ્વારા દવાના ઉત્પાદન અને વેચાણમાં ગેરરીતિ કરીને લોકોના સ્વાસ્થ્યને નુકશાન પહોંચાડી શકે નહીં. છેલ્લા ચાર વર્ષમાં રાજ્યમાં બનાવટી દવાઓ / કોસ્મેટીક બનાવટો અટકાવવા માટે દરોડા પાડીને આશરે છ કરોડથી વધુની દવાઓ / કોસ્મેટીક બનાવટો જપ્ત કરવામાં આવી. જેમાં આશરે ૭૫ વ્યક્તિ / પેઢીઓ સંડોવાયેલી જોવા મળી હતી જેની સામે કાર્યવાહી કરાઇ. જેમાંથી મોટાભાગના કિસ્સાઓમાં આવી બનાવટી દવાના ખરીદ વેચાણ સંગ્રહના માન્ય પરવાના ધરાવતા ન હોય તેવી વ્યક્તિઓનો સમૂહ જોડાયેલ હોય છે તથા તપાસમાં એ પણ જાણવા મળેલ છે કે મોટાભાગના કિસ્સાઓમાં બનાવટી દવાઓ રાજ્ય બહારથી આવતી હોય છે. ગુજરાત ભારતના ફાર્મા ઉદ્યોગમાં અગ્રણ્ય રાજ્ય છે. રાજ્યમાં ૫૦૦૦ કરતાં વધારે દવાના ઉત્પાદકો અને ૫૫૦૦૦ કરતાં વધારે રિટેલ/હોલસેલ દુકાનો લાઇસન્સ સાથે કાર્યરત છે. રાજ્યમાં નકલી/સ્પુરીયસ/બનાવટી દવાઓ આવતી અટકે અને આવે તો તુરંત પકડી શકાય તેના માટે રાજ્ય સરકાર વડોદરાની હાલની કાર્યરત એન.એ.બી.એલ. પ્રમાણિત લેબોરેટરી ઉપરાંત નવી ત્રણ ટેસ્ટિંગ લેબ શરૂ કરવામાં આવશે. નકલી/સ્પુરીયસ/બનાવટી દવા પકડવા ફ્લાઈંગ સ્કોડની રચના કરવામાં આવી છે. જેથી આવા ઈસમોને તાત્કાલિક પકડી શકાય. તાજેતરમાં ફ્લાઈંગ સ્કોડ (ડ્રગ) દ્વારા ૨૦ લાખની કિંમતની નકલી દવાઓ (લીડિંગ કંપનીની ડુપ્લિકેટ પણ સામેલ છે) પકડવામાં આવી હતી. તંત્રને વધુ સક્ષમ કરવા તથા નકલી દવાઓને અન્ય રાજ્યમાંથી આવતી અટકાવવા માટે ટ્રાન્સપોર્ટર / કુરિયર એજન્સી જાણે અજાણે સામેલ હોય છે અને મોટેભાગે દવાઓ લાઇસન્સ વગરની જગ્યાએથી/ બિલ વગર/ બિલથી/ કેશથી/ કેશ મેમો વગર અસલી દવા કરતા ખૂબ જ ઓછી કિંમતે (૧૦-૫૦ ટકા ભાવથી) વેચાણ થતી હોય છે. જેને અટકાવવાની કામગીરી વધુ સુદ્રઢ કરવા માટે ડીપાર્ટમેન્ટમાં એક બ્રેઈન સ્ટોર્મિંગ ચાલી રહ્યું છે. તથા સ્ટેક હોલ્ડરના ઈનપુટ મેળવવામાં આવી રહ્યા છે. જે મેળવીને ગુજરાતમાં ડુપ્લિકેટ/ બાનાવટી/ કાઉન્ટર ફિટ દવા સામે ઝીરો ટોલરંન્સ ધ્યાને રાખીને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિઝર તૈયાર કરવામાં આવશે.

# ગુજરાત પોલીસને મળ્યાં 'અભિરક્ષક' આધુનિક ટેક્નોલોજીથી સજ્જ સ્પેશિયલ પર્પઝ વ્હિકલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં ગંભીર માર્ગ અકસ્માતની ઘટનાઓ સર્જાય ત્યારે ઇજાગ્રસ્તોને સમયસર સારવાર મળી રહે અને વધુ જાનહાની અટકાવી શકાય એ મુખ્ય હેતુ સાથે ગુજરાત પોલીસે અદ્યતન "અભિરક્ષક" વ્હિકલ ખરીદ્યાં છે. આ એક્સિડન્ટ રિસ્પોન્સ એન્ડ રેસ્ક્યૂ વ્હિકલને પાઇલટ પ્રોજેક્ટના ભાગરૂપે અમદાવાદ ગ્રામ્ય અને સુરત ગ્રામ્યમાં તહેનાત કરવામાં આવ્યા છે.

ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીના દિશાનિર્દેશ હેઠળ આ સ્પેશ્યલ પર્પઝ વ્હિકલને ખરીદવા માટે બજેટમાં મંજૂરી આપવામાં આવી હતી. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શન હેઠળ રાજ્યના એક્સિડન્ટ ડેટા એનાલિસિસ કર્યા બાદ જ્યાં વધુ ગંભીર અકસ્માતો સર્જાય છે તેવા બે જિલ્લા પસંદ કરી આ વાહનોને પાયલટ પ્રોજેક્ટ તરીકે અમદાવાદ ગ્રામ્ય અને સુરત ગ્રામ્ય વિસ્તારમાં મૂકવામાં આવ્યા છે.

આ અભિરક્ષક વાહનો ખાસ કરીને માર્ગ અકસ્માતોના ઘટનાસ્થળે સૌથી પહેલાં પહોંચીને તત્કાલિક રિસ્પોન્સ આપશે અને "ગોલ્ડન અવર્સ" દરમિયાન ઈજાગ્રસ્તોને બચાવી તેઓને નજીકની હૉસ્પિટલ સુધી પહોંચાડશે. આ વાહન માર્ગ અકસ્માત બાદ ઈજાગ્રસ્ત વ્યક્તિ વાહનના અંદર ફસાઈ ગઈ હોય અથવા એવા કોઈ સ્થળે ધડાકાભેર ટકરાયા હોય જ્યાંથી રેસ્ક્યુ કરવા પડે તેવી ગંભીર હાલતમાં ફસાયા હોય ત્યારે ખૂબ મદદરૂપ સાબિત થશે.

આ આધુનિક વાહનમાં ઓક્સિજન બોટલ ઉપરાંત ૩૨થી વધુ ખાસ રેસ્ક્યૂ ટૂલ્સ અને ઇક્વિપમેન્ટ્સ મૂકવામાં આવ્યા છે. જેમાં મેટલ કટર, ગ્લાસ કટર, બોલ્ટ કટર, ટેલિસ્કોપિક લેડર, સ્ટ્રેચર, જનરેટર અને હેવી વેઇટ લિફ્ટ કરી શકે તેવી વીંચ જેવા ખાસ પ્રકારના અદ્યતન વ્યાવસાયિક સાધનોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, રાત્રિના સમયમાં પણ અસરકારક રેસ્ક્યુ થઈ શકે તે માટે પાવરફુલ લાઈટિંગ સિસ્ટમ અને જનરેટર પણ આ વાહનમાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત, નાઈટ વિઝન ગોગલ્સ, પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ, ટ્રાફિક કંટ્રોલ લાઈટ બ્લિન્કર્સ અને ડ્રોન ઓપરેશન માટેના ચેમ્બર જેવી અન્ય સુવિધાઓ પણ અભિરક્ષકમાં ઉપલબ્ધ છે. આ વાહનની બોડી તેમજ એન્ટ્રી-એક્ઝિટ ડિઝાઈન પણ ફાયરપ્રૂફ અને હુમલારોધક છે, જે ખાસ કરીને સંવેદનશીલ પરિસ્થિતિઓમાં સુરક્ષિત કામગીરી માટે ઉપયોગી છે. અભિરક્ષક પાયલટ પ્રોજેક્ટ સફળ થયા બાદ આવનારા સમયમાં રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ આવા રેસ્ક્યૂ વ્હિકલ તહેનાત કરવાનું આયોજન છે.

દૈનિક મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 185 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ શ્રાવણ સુદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 August 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૬ ઓગસ્ટ ૨૦૨૫ , કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ઉત્તરકાશીમાં આભ ફાટતાં ભયંકર તારાજી

## ચાર મોતઃ આખું ગામ કાદવ નીચે દબાયુંઃ ૬૦-૭૦ લોકો કાદવ નીચે ફસાયા છે







**કુદરત વીફરીઃ** ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લાના ધરાલીમાં ખીર ગઢ વિસ્તારમાં ભારે વરસાદને પગલે ભેખડો ધસી પડી હતી અને પૂરની પરિસ્થિતિ નિર્માણ પામી હતી. (એજન્સી)

ઉત્તરકાશી (ઉત્તરાખંડ): અહીં વાદળ ફાટતા ઊંચાણવાળા ધરાલીના ગામોમાં નવેસરથી આવેલા પૂરમાં ઓછામાં ઓછા ચાર જણ માર્યાં ગયાં હતાં અને ૬૦થી ૭૦ લોકો ફસાયા હતા. અનેક વૃક્ષો અને ઘરોને ભારે નુકસાન થયું હતું. એક આખું ગામ કાદવ નીચગ દબાઈ ગયું હતું.

ગંગોત્રી જતાં માર્ગમાં આવતા મુખ્ય સ્થાનકોમાં ધરાલી અગ્રસ્થાને હોવાથી અહીં મોટી સંખ્યામાં હૉટેલ, રેસ્ટોરાં અને ઘરો આવેલા છે જે હજી પણ કાદવ નીચે દબાયેલા છે. મંગળવાર મોડી રાત સુધી બચાવ કામગીરી શરૂ થઈ હતી પણ કાદવ નીચે ફસાયેલા લોકોની બચવાની શક્યતા ઓછી હતી. ખીર ગંગા નદીના કાંઠાવિસ્તારમાં વાદળ ફાટવાથી નવેસરથી પૂર આવ્યું હતું.

ઉત્તરકાશી જિલ્લા મેજિસ્ટ્રેટ પ્રશાંત આર્યાએ જણાવ્યું હતું કે પ્રાથમિક અહેવાલ મુજબ પૂરમાં ઓછામાં ઓછા ચાર જણ માર્યાં ગયાં હતાં. બચાવ અને રાહત કામગીરી કરવા માટે હર્સિલ ખાતેથી લશ્કરની એક ટુકડી મોકલાઇ હતી.

રાજેશ પાનવાર નામના એક ગ્રામ્યજને દાવો કર્યો હતો કે આ દુર્ઘટનામાં અંદાજે ૧૦થી ૧૨ જણ ભેખડો અને કાટમાળ હેઠળ દટાઇ ગયા હતા. આ ઉપરાંત, વીસથી પચીસ હૉટેલ અને (જુઓ પાનું ૨) ▶▶




**દોસ્ત, દોસ્ત ના રહા...**

# ભારતની ટૅરિફમાં જબરજસ્ત વધારો કરીશઃ ટ્રમ્પનો હુંકાર

ન્યૂ યોર્કઃ ભારતના ખાસ મિત્ર ગણાતા અને હવે અચાનક જ નવી દિલ્હી પર ભડકેલા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે મંગળવારે જણાવ્યું હતું કે ભારત અમારો 'સારો વેપારી ભાગીદાર દેશ નથી'. ભારત દ્વારા રશિયા પાસેથી ઑઇલ ખરીદવામાં આવતું હોવાથી હું ભારતમાંથી અમેરિકા ખાતે આયાત કરવામાં આવતા માલસામાન પરની ટૅરિફમાં આગામી ૨૪ કલાકમાં 'મોટો વધારો' કરીશ.

ટ્રમ્પે એક ઇન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે મને ભારતનો ઊંચો ટૅરિફ દર નથી ગમતો. ભારત વિશ્વમાં સૌથી વધુ ટૅરિફ વસૂલતા રાષ્ટ્રોમાંનું એક છે. તેઓ અન્ય બધા દેશ પાસેથી ઊંચો ટૅરિફ દર લે છે. ભારતનો ટૅરિફ દર ઊંચો હોવાથી અમેરિકા તેની સાથે બહુ જ ઓછો વેપાર કરે છે.

અમેરિકાના પ્રમુખે જણાવ્યું હતું કે ભારત અમારો સારો વેપારી ભાગીદાર દેશ નથી, કારણ કે ભારત અમેરિકામાં માલસામાનની મોટા પ્રમાણમાં નિકાસ કરે છે, પરંતુ અમે

(જુઓ પાનું ૨) ▶▶










# કૅનેડામાં ખૂલી ગઈ 'ખાલિસ્તાન એમ્બસી'




બ્રિટિશ કોલમ્બિયાઃ કૅનેડાના સરે ખાતે ખાલિસ્તાની સંગઠન 'શીખ્સ ફોર જસ્ટિસ' દ્વારા શીખ ગુરુદ્વારાની ઇમારતની ઉપર 'ખાલિસ્તાનની એમ્બસી' (એલચી કચેરી) શરૂ કરાઇ છે અને તેના પર લગાડેલા પાટિયાં પર લખ્યું છે 'રિપબ્લિક ઑફ ખાલિસ્તાન' (ખાલિસ્તાન પ્રજાસત્તાક).

સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે બ્રિટિશ કોલમ્બિયાની સરકારે આપેલા ભંડોળમાંથી જે ઇમારત બંધાઇ છે ત્યાં જ ખાલિસ્તાનની એલચી કચેરી શરૂ કરાઇ છે.

તેઓએ જણાવ્યું હતું કે બ્રિટિશ કોલમ્બિયાની સરકારે આ ઇમારતમાં એલિવેટર બેસાડવા માટે ૧,૫૦,૦૦૦ ડૉલર તાજેતરમાં જ આપ્યા હતા.

કૅનેડાની જાસૂસી સંસ્થા - કૅનેડિયન સિક્યોરિટી (જુઓ પાનું ૨) ▶▶

# બૅન્ક લોન ફ્રોડ કેસઃ અનિલ અંબાણી ઈડી સમક્ષ હાજર થયા

નવી દિલ્હી : રિલાયન્સ ગ્રૂપના ચેરમેન અનિલ અંબાણી મંગળવારે તેમની ગ્રૂપ કંપની સામેના કરોડો રૂપિયાના મલ્ટિપલ બૅંક લોન ફ્રોડ કેસ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ (ઈડી) સમક્ષ હાજર થયા હતા. અંબાણી સવારે ૧૦. ૫૦ કલાકે ઈવી વેહિકલમાં બેસીને મધ્ય દિલ્હીની ઈડી ઑફિસમાં ગયા હતા.

૬૬ વર્ષના બિઝનેસમેન અનિલનું નિવેદન પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) હેઠળ નોંધવામાં આવ્યું છે, એમ સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું.

એજન્સીએ ૨૪ જુલાઈએ મુંબઈમાં બિઝનેસ ગ્રૂપના એક્ઝિક્યુટિવ સહિત ૨૫ જણ તથા ૫૦ કંપનીના ૩૫ ઠેકાણાં પર દરોડા પાડ્યા હતા. ઈડીએ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ

(જુઓ પાનું ૨) ▶▶



## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોહમ્મદ સિરાજઃ ૨૪ કલાકમાં વિલનમાંથી સુપરહીરો

**ઓવલમાં** રમાયેલી ઈંગ્લેન્ડ સામેની સીરિઝની છેલ્લી ટેસ્ટ જીતીને ભારતીય ક્રિકેટ ટીમે ક્રિકેટ ચાહકોનો દિવસ સુધારી દીધો. આ જીત સાથે ભારતે ટેસ્ટ સીરિઝ તો ૨-૨થી સરભર કરી જ પણ છેલ્લાં છ વર્ષથી ઈંગ્લેન્ડ સામે સીરિઝ નહીં હારવાનો રેકોર્ડ પણ અખંડ રાખ્યો. બાકી આગલા દિવસે જો રૂટ અને હેરી બ્રુકે આપણા બોલરોનાં છોતરાં ફાડી નાંખતી બેટિંગ કરી પછી ભારતના મોંમાંથી જીતનો કોળિયો છિનવાઈ ગયેલો લાગતો હતો. સદનસીબે ચોથા દિવસે છેલ્લે છેલ્લે આપણા બોલરોએ જો રૂટ અને હેરી બ્રુક બંનેને આઉટ કરીને જીતની શક્યતા ઊભી કરેલી પણ છતાં પલ્લુ ઈંગ્લેન્ડ તરફ નમેલું હતું કેમ કે ઈંગ્લેન્ડે ૩૫ રન જ કરવાના હતા ને તેની ૪ વિકેટો બાકી હતી. છેલ્લા દિવસે ઈંગ્લેન્ડે શરૂઆત ધમાકેદાર કરી પણ પછી મોહમ્મદ સિરાજ અને પ્રસિધ્ધ ક્રિષ્ણાએ સપાટો બોલાવીને ઈંગ્લેન્ડના બેટ્સમેનને વારાફરત રવાના કરીને ૩૫ રન પણ ન કરવા દીધા.

આ જીત પછી મોહમ્મદ સિરાજ ચોતરફ છવાયેલો છે કેમ કે ઈંગ્લેન્ડની બીજી ઈનિંગમાં પાંચ વિકેટો લઈને સિરાજે મેઈન ડિસ્ટ્રોયરનું કામ કર્યું છે. સિરાજની વાહવાહી યોગ્ય છે કેમ કે જીતનો અસલી હીરો મોહમ્મદ સિરાજ છે પણ પ્રસિધ્ધ ક્રિષ્ણા પણ યશનો સિરાજ જેટલો જ હકદાર છે. સિરાજે પહેલી ઈનિંગમાં ૪ ને બીજી ઈનિંગમાં ૫ વિકેટ લઈને કુલ ૯ વિકેટો લીધી જ્યારે પ્રસિધ્ધ ક્રિષ્ણાએ બંને ઈનિંગમાં ૪-૪ મળીને ૮ વિકેટ લીધી છે.

સિરાજ છવાઈ ગયો કેમ કે છેલ્લા દિવસે પડેલી ૪ વિકેટમાંથી ૩ વિકેટ સિરાજે લીધી અને ૭ જ રન બાકી હતા ત્યારે ડેન્જરસ બની ગયેલા ગસ એટકિન્સની દાંડી ઉડાવીને ભારતને જીત અપાવી દીધી પણ એ પહેલાં જીતનો તખ્તો સિરાજ ને ક્રિષ્ણા બંનેએ સાથી મળીને તૈયાર કરેલો. ભારતની જીતમાં સૌથી મોટો અવરોધ એવા જો રૂટને આગલા દિવસે ક્રિષ્ણાએ જ આઉટ કરેલો તેથી ક્રિષ્ણા પણ સિરાજ જેટલો જ હકદાર છે.

ઓવલની જીતમાં વોશિંગ્ટન સુંદર અને આકાશદીપને બધા ભૂલી ગયા પણ ભારતની બીજી ઈનિંગમાં બંનેએ કરેલી બેટિંગે જ મોટો ફરક પાડી દીધો. નાઈટ વોચમેન તરીકે આવેલા આકાશદીપે ૯૪ બોલ રમીને ફટકારેલા ૬૬ રન અને વોશિંગ્ટન સુંદરે છેલ્લે છેલ્લે કરેલી તોફાની બેટિંગના કારણે જ ભારત ઈંગ્લેન્ડને પડકારજનક સ્કોર આપી શક્યું. આકાશદીપને એ રીતે પણ યાદ કરી લેવો જોઈએ કેમ કે ચોથા દિવસે દેવાવાળી કરી રહેલા બ્રુકને આકાશે આઉટ કરેલો. બાકી બ્રુક જે રીતે રમતો હતો એ જોતાં મેચ પાંચમા દિવસ લગી ખેંચાશે જ નહીં એવું લાગતું હતું.

બીજી ઈનિંગમાં ભારતીય ટોપ ઓર્ડરમાંથી યશસ્વી જયસ્વાલને બાદ કરતાં બાકીના બધા બેટ્સમેને ધોળકું ધોળેલું. રાહુલ ૭, સાઈ સુદર્શન ૧૧, શુભમન ગિલ પણ ૧૧ અને કરૂણ નાયર ૧૭ રન કરીને આઉટ થયા ત્યારે ભારતના હાલ પહેલી ઈનિંગ જેવા જ થશે ને ઈંગ્લેન્ડ સરળતાથી જીતી જશે એવું લાગતું હતું પણ પહેલાં યશસ્વી જયસ્વાલે અને પછી રવિન્દ્ર જાડેજાએ છેડો સંભાળ્યો અને પૂંછડિયાઓએ તેને સાથ આપ્યો તેમાં ભારત સારો સ્કોર કરી શક્યું. આકાશદીપે ત્રીજા દિવસની શરૂઆતનો કપરો સમય કાઢી નાખ્યો એ રીતે તેની બેટિંગ અત્યંત નિર્ણાયક કહેવાય.

આકાશના આઉટ થયા પછી શુભમન ગિલ, કરુણ નાયર અને જયસ્વાલ પણ ઝડપથી આઉટ થતાં ભારતનો સ્કોર ૬ વિકેટે ૨૭૩ રન થઈ ગયેલો. એ વખતે ભારત ૩૦૦ રનના સ્કોરને પણ પાર કરશે કે કેમ તેમાં શંકા હતી પણ ભારતની છેલ્લી ૪ વિકેટે ૧૨૩ રન ઉમેર્યા. રવિન્દ્ર જાડેજા ઓલરાઉન્ડર છે ને વિકેટકીપર ધ્રુવ જુરેલ સારો બેટ્સમેન છે તેથી તેમની પાસેથી સારી બેટિંગની અપેક્ષા હોય જ ને એ અપેક્ષા ફળી પણ પૂંછડિયાઓએ અપેક્ષા કરતાં વધારે સારી બેટિંગ કરી. રવિન્દ્ર જાડેજા અને ધ્રુવ જુરેલે પોતાની ભૂમિકા સારી રીતે ભજવી. જાડેજા બાપુએ ૫૩ ને ધ્રુવે ૩૪ રન કરીને ભારતનો સ્કોર ૩૫૦ને પાર કરાવ્યો પણ ૩૫૭ના સ્કોરે ઉપરાછાપરી બે વિકેટો ગુમાવી ત્યારે ૪૦૦ની નજીક સ્કોર થવાની કોઈને આશા નહોતી.

વોશિંગ્ટન સુંદરે એ વખતે ખભા ઊંચકીને કરેલી તોફાની બેટિંગે ભારતને ૪૦૦ની નજીક જ ના લાવી દીધું પણ બહુ મોટો ફરક પાડી દીધો. સુંદરે ૪૬ બોલમાં ૪ સિક્સર ને ૪ બાઉન્ડ્રી સાથે ૫૩ રન ઠોકીને કરેલ બેટિંગનું ભારતની જીતમાં મહત્વનું યોગદાન છે. સુંદરે ૪ ઓવરમાં ૩૯ રન ઠોક્યા તેમાં ભારત ૩૯૬ રને પહોંચ્યું ને ઈંગ્લેન્ડને ૩૭૪ રનનો પડકારજનક સ્કોર આપી શક્યું. બાકી આ ૪૦ રન ઓછા થયા હોત તો ભારતના બોલરોએ વધારે પરસેવો પાડવો પડ્યો હોત.

ભારત ઓવલ ટેસ્ટ જીતીને સીરિઝ ડ્રોમાં ખેંચી શક્યું એ મોટી સિદ્ધિ છે કેમ કે પહેલાં કદી એવું બન્યું નથી. ભારત ૧૯૩૨થી ટેસ્ટ ક્રિકેટ રમે છે એ જોતાં ૯૩ વર્ષ થયાં. આ ૯૩ વર્ષના ઈતિહાસમાં ભારતે વિદેશની ધરતી પર પાંચમી ટેસ્ટ જીતી હોય એવું કદી નહોતું બન્યું. પહેલી વાર ભારત કમબેક કરીને ટેસ્ટ જીતવામાં સફળ રહ્યું. ભારતની જીત એ રીતે પણ મહત્ત્વની કહેવાય કે જસપ્રિત બૂમરાહ અને રીષભ પંતની ગેરહાજરીમાં ભારત જીત્યું છે. છેલ્લાં કેટલાંક વરસોમાં વિદેશની ધરતી પરની ભારતની મોટા ભાગની યાદગાર જીતમાં જસપ્રિત બૂમરાહ અને રીષભ પંતનું મુખ્ય યોગદાન રહેતું. ઓવલ ટેસ્ટમાં બંને નહોતા છતાં ભારત જીતી ગયું. ત્રીજી મહત્ત્વની વાત એ છે કે, જૂના જોગીઓની વિદાય પછીની પહેલી સીરિઝ હતી ને ભારત સાવ નવા ખેલાડીઓ સાથે ઉતરેલું છતાં સીરિઝ હાર્યા નથી પણ ડ્રો કરીને બરાબરી પર રહ્યા છે.

ભારતની જીત પછી એક મેસેજ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે કે, ભારત કા અબ્દુલ સિર્ફ પંક્ચર હી નહીં બનાતા લેકિન ઈંગ્લેન્ડ મેં ભારત કો જીતાતા ભી હૈ. સિરાજે આગલા દિવસે હેરી બ્રુકનો કેચ પકડ્યો પણ તેનો પગ બાઉન્ડ્રીને અડકી ગયો ને પછી બ્રુકે આપણી પથારી ફેરવી નાખતી તોફાની બેટિંગ કરી.

તેના કારણે સિરાજના માથે જોરદાર માછલાં ધોવાયેલાં. ભારત મેચ હારી જ ગયું હોય એ રીતે સિરાજને વિલન ચિતરી દેવાયેલો. સિરાજ વિરોધી કોમેન્ટ્સમાં કેટલીક કોમેન્ટ્સ સિરાજ મુસ્લિમ હોવા અંગે પણ થયેલી. આ વિકૃત માનસિકતા કહેવાય ને સિરાજે ભારતને જીતાડીને તેનો કદી ના ભૂલાય એવો જવાબ આપી દીધો છે. આશા રાખીએ કે, મુસ્લિમોની દેશભક્તિ સામે શંકા કરનારા કંઈક શીખશે ને ભવિષ્યમાં વિકૃત માનસિકતાનું પ્રદર્શન નહીં કરે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ પ્રારંભ, બુધવાર, તા. ૬-૮-૨૦૨૫, બુધપૂજન, પવિત્રા બારસ

- ભારતીય દિનાંક ૧૫, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ સુદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ સુદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૨મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર મૂળ બપોરે ક. ૧૨-૫૯ સુધી, પછી પૂર્વાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૦, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૦-૩૯, રાત્રે ક. ૨૧-૫૧.
- ઓટઃ સાંજે ક. ૧૬-૪૪, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૧ (તા. ૭).
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ શુક્લ - દ્વાદશી. બુધપૂજન, પવિત્રા બારસ, વિષ્ણુ પવિત્રારોપણ, બુધ દ્વાદશી, પ્રદોષ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, બુધ ગ્રહ દેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, પરદેશગમનનું પસ્તાનું, પ્રયાણ મધ્યમ, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિદ્યારંભ, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, પ્રાણી પાળવા, નિત્ય થતાં મિલકત લેવડદેવડના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ પૈસાનો વેડફાટ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-કન્યા, વક્રી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# સાચા ભારતીય કોણ એ કાંઈ કોર્ટ નક્કી ન કરી શકેઃ પ્રિયંકા

### ભાઈ રાહુલ ગાંધીને ઝાટકનાર સર્વોચ્ચ અદાલતને બહેનનો સણસણતો જવાબ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને ચીન મુદ્દે તતડાવ્યા બાદ પ્રિયંકા ગાંધી રાહુલ ગાંધીના બચાવમાં ઉતર્યા છે. તેમણે કોર્ટને જવાબ આપ્યો છે કે, હું સંપૂર્ણ સન્માન સાથે ન્યાયધીશોને કહેવા માંગું છું કે તમે એ નક્કી ના કરી શકો કે સાચા ભારતીય કોણ છે. કોણ સાચા ભારતીય છે કે નહી એ અદાલત નક્કી ના કરી શકે. આ તેમના કાર્યક્ષેત્રમાં નથી આવતું. રાહુલ ગાંધીના દિલમાં સેના માટે આદર અને સન્માન છે. મારો ભાઈ ક્યારે પણ સેના વિરુદ્ધ ના બોલી શકે. તે સેનાનું ઉચ્ચ સન્માન રાખે છે. તેમના નિવેદનનો ખોટો અર્થ નીકાળવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટે સોમવારે કોંગ્રેસના નેતા અને સાંસદ રાહુલને ઝાટક્યા હતા. તેમણે ભારતીય સેના વિરુદ્ધ કરેલી ટિપ્પણી મામલે ફટકાર લગાવી હતી. કોર્ટે તેમને પૂછ્યું કે તમને કેવી રીતે ખબર પડી કે ચીને ભારતની ૨૦૦૦ વર્ગ કિલોમીટર જમીન હડપી લીધી છે. જો તમે સાચા ભારતીય હોત તો આવું ના બોલ્યા હોત.

ઉલ્લેખનીય છે કે, રાહુલ ગાંધીએ સેના વિરુદ્ધ કરેલી ટિપ્પણીના માનહાનિ કેસને પડકારવા સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. જેમાં રાહુલ ગાંધીએ વર્ષ ૨૦૦૩માં ભારત જોડો યાત્રા દરમિયાન દાવો કર્યો હતો કે એક ભૂતપૂર્વ સેના અધિકારીએ તેમને જણાવ્યું છે કે, ચીને ભારતની ૨૦૦૦ વર્ગ કિલોમીટર જમીન પર કબજો કર્યો છે. આ નિવેદન બાદ રાજકીય વિવાદ છેડાયો હતો અને રાહુલ ગાંધી પર માનહાનિનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જોકે, રાહુલ ગાંધીની અરજી પર સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશ સરકાર અને ફરીયાદીઓ બંનેને નોટિસ ઇશ્યુ કરી છે. કોર્ટે રાહુલ ગાંધીને રાહત આપતા નીચલી અદાલતમાં માનહાનિ કેસમાં કાર્યવાહી પર રોક લગાવી છે. તેમ જ સુનાવણી માટે ત્રણ અઠવાડિયાનો સમય આપ્યો છે.

# સર્વોચ્ચ અદાલતે અલાહાબાદ હાઈ કોર્ટના જજને જ 'સજા' કરી

### નિવૃત્તિ સુધી ફોજદારી કેસ નહિ આપવાનો અને સિનિયર જજ સાથે ડિવિઝન બૅન્ચમાં બેસાડવાનો આદેશ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે દીવાની કેસમાં ફોજદારી કાર્યવાહી માટે મંજૂરી આપનારા અલાહાબાદ વડી અદાલતના એક ન્યાયાધીશને તેઓ નિવૃત્ત થાય ત્યાં સુધી ફોજદારી કેસ નહિ સોંપવાનો અને તેમને ડિવિઝન બૅન્ચના વરિષ્ઠ ન્યાયાધીશની સાથે જ બેસાડવા આદેશ આપ્યો હતો.

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને ન્યાયાધીશ આર. મહાદેવનની બૅન્ચે અલાહાબાદ વડી અદાલતના ન્યાયાધીશ દ્વારા દીવાની કેસને ફોજદારી ગણીને સમન્સના અમલને આપેલી બહાલીને 'ભૂલ ભરેલી' ગણાવી હતી અને આ નિર્ણય લેનારા જજને નિવૃત્તિ સુધી ફોજદારી કેસ નહિ સોંપવા અને તેમને ડિવિઝન બૅન્ચના કોઇ સિનિયર જજની સાથે જ બેસાડવાનો આદેશ આ વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશને આદેશ આપ્યો હતો.

મેસર્સ શિખર કેમિકલ્સે પોતાની સામેના નાણાંની ચુકવણીના કેસને ફોજદારી ગણીને સમન્સ પાઠવવાના વડી અદાલતના આદેશને સર્વોચ્ચ અદાલતમાં પડકાર્યો હતો.

ફરિયાદી લલિત ટેક્સ્ટાઇલ્સે શિખર કેમિકલ્સને રૂપિયા ૫૨.૩૪ લાખના મૂલ્યના (કાપડના) દોરા (થ્રેડ) આપ્યા હતા અને તેમાંના રૂપિયા ૪૭.૭૫ લાખ ચૂકવી દેવાયા હતા, પરંતુ બાકીની રકમ હજી સુધી ચૂકવવામાં નહોતી આવી. લલિત ટેક્સ્ટાઇલ્સે પોતાના નાણાં પાછા મેળવવા એટલે કે વસૂલી માટે ફોજદારી ફરિયાદ કરી હતી. તે પછી ફરિયાદીનું નિવેદન નોંધાયું હતું અને એક મેજિસ્ટ્રેટની કોર્ટે સમન્સ બહાર પાડ્યું હતું. આ કંપનીએ સંબંધિત સમન્સને હાઇ કોર્ટમાં પડકાર્યું હતું અને આ કેસને દીવાની કેસ ગણાવ્યો હતો. આમ છતાં, વડી અદાલતે સંબંધિત અરજી કાઢી નાખી હતી. સર્વોચ્ચ અદાલતે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે અમે અલાહાબાદ વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશને આ કેસ બીજા કોઇ ન્યાયાધીશને સોંપવા વિનંતિ કરીએ છીએ. આ ઉપરાંત, અગાઉ આ કેસ હાથ ધરીને 'ભૂલ ભરેલો' ચુકાદો આપનારા ન્યાયાધીશ પાસેથી બધા ફોજદારી કેસ લઇ લેવા અને તેમને હાઇ કોર્ટના એક સિનિયર જજની સાથે જ ડિવિઝન બૅન્ચમાં બેસાડવા તેમ જ તેમને નિવૃત્તિ સુધી કોઇ ફોજદારી કેસ નહિ સોંપવા આદેશ આપીએ છીએ. (એજન્સી)

# પ્રયાગરાજમાં પૂરની સ્થિતિ વકરી

### કુદરતી આપત્તિ વચ્ચે પ્રધાનનો બફાટઃ ગંગા મૈયા પુત્રના પગ ધોવા આવે છે

ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે રાજ્યના અનેક જિલ્લાઓમાં પૂરની પરિસ્થિતિ સર્જાઈ છે. પૂરની સૌથી વધુ અસર સંગમ શહેર તરીકે જાણીતા પ્રયાગરાજમાં જોવા મળી છે. પ્રયાગરાજમાં ગંગા અને જમુના એમ બંને નદીઓ પોતાની ભયજનક સપાટી વટાવી ગઈ છે. જેથી નદીકાંઠાના મોટાભાગના વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. પ્રયાગરાજમાં સ્થળ ત્યાં જળની પરિસ્થિતિ સર્જાઈ છે. જે જગ્યાએ મહા કુંભમેળો યોજાયો હતો, તે જગ્યાએ હવે દરિયા જેવા દૃશ્યો જોવા મળી રહ્યા છે.

આખો ગંગા-જમુનાના સંગમ વિસ્તારમાં આવેલા મઠો, મંદિરો, આશ્રમો, ઝૂંપડીઓ અને દુકાનોનો સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ગંગા ઘાટ પર માત્ર મંદિરોના શિખરો જ નજરે પડી રહ્યા છે. ખેતરો, રસ્તાઓ, શાળાઓ અને રહેણાંક વિસ્તારો પણ પાણીમાં ડુબી ગયા છે. જેના કારણે પ્રયાગરાજમાં જનજીવન ખોરવાયું છે.

યોગી સરકારમાં પ્રધાન ડો. સંજય નિષદનું એક વિચિત્ર અને બેજવાબદાર નિવેદન સામે આવ્યું હતું. તેમણે પૂરગ્રસ્ત પીડિતોને કહ્યું કે ગંગા મૈયા, ગંગા પુત્રોના પગ ધોવા માટે આવે છે અને ગંગાના પુત્ર સીધા સ્વર્ગમાં જાય છે.

મળતી વિગતો અનુસાર નિષદ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ સંજય નિષદને ટીમ-૧૧માં કાનપુર જિલ્લાનો પ્રભાર આપવામાં આવ્યો છે. આજ રોજ તેઓ પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે ગયા હતા, આ દરમિયાન તેઓ એક ગામની મુલાકાત લઇ રહ્યા હતા, ત્યારે એક વ્યક્તિએ સમસ્યા વ્યક્ત કરી હતી, તેના જવાબમાં તેમણે કહ્યું કે ''ગંગા મૈયા ગંગાના પુત્રોના પગ ધોવા આવે છે. ગંગાના પુત્રો સીધા સ્વર્ગમાં જાય છે. વિરોધી લોકો તમને ઊંધુંચત્તું ભણાવે છે. એ સૌભાગ્ય છે કે ગંગાજી આવી જાય છે. ઘઉંનો પાક સારો થાય છે. ભલે ત્રણ મહિના માટે પરેશાની થાય.''

# અમેરિકાના વિઝા માટે ૧૩ લાખ રૂપિયાનો બૉન્ડ પણ આપવો પડશે

નવી દિલ્હીઃ આ વર્ષે જાન્યુઆરી મહિનામાં અમેરિકાના પ્રમુખનું પદ સાંભળ્યા બાદ ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાની ઇમિગ્રેશન પોલિસીમાં ધરખમ ફેરફાર કરવામાં આવી રહ્યા છે, જેના ભાગ રૂપે યુએસના વિઝા મેળવવા માટેના નિયમો કડક બનાવવામાં આવી રહ્યા છે. કેટલાક દેશોના નાગરિકોને અમેરિકાના વિઝા મેળવવા માટે ૧૫,૦૦૦ યુએસ ડોલર (૧૩.૧૭ લાખ રૂપિયા)નો વિઝા બોન્ડ તરીકે ચૂકવવા પડશે.

વિદેશ ખાતાએ કરેલી જાહેરાત મુજબ વિઝા ઓવરસ્ટે ઘટાડવાના હેતુથી એક વર્ષ માટેના પાઇલટ પ્રોગ્રામના ભાગ રૂપે વિઝા બોન્ડ ફરજિયાત કરવામાં આવ્યો છે. અહેવાલ મુજબ આ પાઇલટ પ્રોગ્રામ ૨૦ ઓગસ્ટથી શરૂ થશે. જે દેશોના અમેરિકાના વિઝા ધારકોમાં વિઝા ઓવરસ્ટે રેટ વધુ છે, એ દેશોના ચોક્કસ એપ્લિકન્ટ્સને ઇ-૧ બિઝનેસ અને ઇ-૨ ટૂરિસ્ટ વિઝા મેળવવા બોન્ડ લાગુ પડશે.

આ નોટિસ મુજબ નોન-ઇમિગ્રન્ટ વિઝા એપ્લિકન્ટ્સને કોન્સ્યુલર અધિકારીઓ યુએસના વિઝા આપવાની શરત તરીકે ૧૫,૦૦૦ સુધીના બોન્ડ પોસ્ટ કરવાની જરૂર પાડી શકે છે. ફેડરલ રજિસ્ટરમાં નોટિસ પ્રકાશિત થયાના ૧૫ દિવસની અંદર આ પ્રોગ્રામ અમલમાં આવશે. નોટિસ મુજબ યુએસના વિઝા મેળવવા માટે બોન્ડની ઓછામાં ઓછી રકમ ૫,૦૦૦ રહેશે, અને જો વિઝાધારક વિઝા શરતોનું પાલન કરશે તો તેને બોન્ડની રકમ પરત કરવામાં આવશે, જો તે મંજૂરી કરતા વધુ સમય માટે યુએસમાં રહેશે બોન્ડની સંપૂર્ણ રકમ જપ્ત કરવામાં આવશે.

# ૧૦૫ કરોડના ફ્રૉડનો કેસઃ ભૂતપૂર્વ આઈએએસ અધિકારી, અન્યો પર ઈડીના દરોડા

ગુવાહાટી : આસામ સ્ટેટ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (સ્કર્ટ) માં ૧૦૫ કરોડ રૂપિયાના કથિત છેતરપિંડી કૌભાંડમાં નિવૃત્ત આઈએએસ અધિકારી સેવાલી દેવી શર્મા અને અન્ય લોકોના પરિસરમાં ઈડીએ મંગળવારે દરોડા પાડ્યા હતા, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

સ્કર્ટના ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ ચેરમેન-કમ-ડિરેક્ટર શર્મા અને તેમના કેટલાક કથિત સહયોગીઓ સાથે સંકળાયેલા ઓછામાં ઓછા આઠ પરિસર પર પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની જોગવાઈઓ હેઠળ દરોડા પાડવામાં આવ્યા હતા, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ મની લોન્ડરિંગનો કેસ આસામના મુખ્ય પ્રધાનના સ્પેશિયલ વિજિલન્સ સેલના નિર્દેશો પર રાજ્ય પોલીસે મે ૨૦૨૩માં દાખલ કરેલી એફઆઈઆર માંથી ઉદ્ભવ્યો છે. ફરિયાદ દાખલ કર્યાના થોડા દિવસો પછી રાજ્ય પોલીસે તેમની રાજસ્થાનથી ધરપકડ કરી હતી.

સૂત્રો અનુસાર, ત્યારબાદ પોલીસે ૫.૭ કરોડ રૂપિયાની અપ્રમાણસર સંપત્તિ રાખવા બદલ શર્મા સામે ચાર્જશીટ દાખલ કરી હતી.

# આયર્લૅન્ડમાં વધુ બે ભારતીય પર હુમલો

### દૂતાવાસે એકલા સૂમસામ સ્થળોમાં ન ફરવાની સલાહ આપી ભારતીયોને

લંડનઃ આયર્લૅન્ડના ડબ્લિનમાં ભારતીયો પર સતત વધી રહેલા હુમલા બાદ ભારતીય દુતાવાસે એડવાઇઝરી જાહેર કરી છે. ભારતીય દૂતાવાસે આર્યલેન્ડમાં ભારતીય નાગરિકોને પોતાની સુરક્ષા રાખવા અને સુમસામ વિસ્તારમાં એકલા પ્રવાસ કરવાનું ટાળવાનું જણાવ્યું છે. ડબ્લિનમાં હાલમાં જ ભારતીયો પર વધુ બે હુમલા થયા છે. તેમજ દૂતાવાસ આયલૅન્ડ સાથે અધિકારીઓના સંપર્કમાં છે.

ભારતીયો પર ડબ્લિનમાં થયેલા હુમલાની વિગત મુજબ ૨૮ જુલાઈના રોજ એક સિનિયર ડેટા વૈજ્ઞાનિક ડો. સંતોષ યાદવ પર છ લોકોએ પાછળથી હુમલો કર્યો હતો. જ્યારે તે ભોજન કર્યા બાદ પોતાના નિવાસે પરત કરી રહ્યા હતા. હુમલાખોરોએ તેમના ચશ્માં છીનવી લીધા હતા અને તેની બાદ ઢોર માર મારવામાં આવ્યો હતો. જેના લીધે તે લોહીલુહાણ થયા હતા અને ફૂટપાથ પર પટકાયા હતા. જ્યારે અન્ય એક ઘટનામાં ૨૪ જુલાઈના રોજ સ્થાનિક સમય મુજબ રાત્રે ૧૦.૩૦ વાગ્યે ટ્રામ સ્ટેશન પર હુમલાખોરોએ ૨૦ વર્ષના એક ભારતીય પર હુમલો કર્યો હતો. તેમને ધક્કો મારવામાં આવ્યો અને માર મારવામાં આવ્યો હતો.

પહેલા પાનાનું ચાલુ

### ભારતની ટૅરિફમાં

(અમેરિકા) ભારતની સાથે વધુ વેપાર નથી કરતા (એટલે કે અમેરિકા દ્વારા ભારત ખાતે વધુ નિકાસ નથી કરાતી). અમે ભારતથી આયાત કરાતા માલસામાન પર પચીસ ટકા ટૅરિફ લાદી છે, પરંતુ ભારત દ્વારા રશિયા ખાતેથી તેલ ખરીદવાનું ચાલુ રખાયું હોવાથી હવે આગામી ૨૪ કલાકમાં ભારત પર 'બહુ જ મોટો' ટૅરિફ દર લાદીશ. ભારત યુદ્ધની યંત્રણાને 'ઈંધણ પૂરું પાડે છે' (એટલે કે રશિયાને મદદ કરે છે). જો ભારત દ્વારા રશિયા ખાતેથી તેલની આયાત ચાલુ રાખાશે, તો હું ખુશ નહિ થાઉં.

દરમિયાન, ભારતે આક્ષેપ કર્યો હતો કે આ કિસ્સામાં અમેરિકા અને યુરોપના દેશો બેવડું વલણ ધરાવે છે અને નવી દિલ્હીને ખોટી રીતે લક્ષ્ય બનાવવા પ્રયાસ કરે છે.

ભારતના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે યુરોપના દેશો રશિયા પાસેથી માત્ર ઊર્જા જ નહિ, પરંતુ ખાતર, ખાણના ઉત્પાદનો (ખનિજો), રસાયણો, લોખંડ, સ્ટીલ, મશીનરી અને પરિવહનના સાધનો ખરીદે છે, જ્યારે અમેરિકા પણ રશિયા ખાતેથી અણુ-ઉદ્યોગ માટે યુરેનિયમ હેક્ઝાફલોરાઇડ, ઇલેક્ટ્રિકલ વાહનોને લગતા ઉદ્યોગ માટે પેલેડિયમ, રસાયણો અને ખાતર ખરીદે છે. આવા સંજોગમાં ભારત દ્વારા રશિયા પાસેથી તેલની કરાતી ખરીદી માટે માત્ર નવી દિલ્હીને લક્ષ્ય બનાવવું અયોગ્ય ગણાય. ભારત પોતાના હિતના રક્ષણાર્થે જરૂરી પગલાં લેશે.

અગાઉ, ટ્રમ્પે ભારતથી અમેરિકામાં આયાત કરાતા માલસામાન પર પચીસ ટકા ટૅરિફ અને 'પેનલ્ટી' લાદવાની જાહેરાત કરી હતી. (એજન્સી)

### ઉત્તરકાશીમાં

હૉમસ્ટેને પૂરના પાણીથી ભારે નુકસાન થયું હતું.

મુખ્ય પ્રધાન પુષ્કરસિંહ ધામીએ સોશિયલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે (ઉત્તરકાશીના) ધરાલી ખાતે વાદળ ફાટવાની ઘટનાથી જાનમાલને ભારે નુકસાન થયું છે. રાજ્ય અને રાષ્ટ્રીય ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ, જિલ્લા વહીવટીતંત્ર અને અન્ય લોકો બચાવ અને રાહત કામગીરી કરી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે હું વરિષ્ઠ અધિકારીઓના સતત સંપર્કમાં છું અને પરિસ્થિતિ પર નજર રાખી રહ્યો છું.

વાદળ ફાટવાથી આવેલા પૂરને કારણે આસપાસના ગ્રામ્યજનો પણ ડરી ગયા છે.

પૂરગ્રસ્ત વિસ્તારની વીડિયો ક્લિપિંગ્સમાં પૂરને લીધે ધસી પડેલી ભેખડો અને કાદવ તેમ જ લોકો ચીસાચીસ કરતા દેખાતા હતા.

ઉત્તરકાશીના પૂરગ્રસ્ત ધરાલીના લોકો માટે હું પ્રાર્થના કરી રહ્યો છું એમ જણાવી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અસરગ્રસ્તોને તમામ મદદ પૂરી પાડવાની મંગળવારે ખાતરી આપી હતી.

ધરાલીની કરુણાંતિકાના અસરગ્રસ્તો પરત્વે હું સહાનુભૂતિ વ્યક્ત કરું છું અને તેમના માટે પ્રાર્થના કરું છું. મુખ્ય પ્રધાન પુષ્કર ધામી સાથે વાત કરી પરિસ્થિતિની જાણકારી મેળવી હોવાનું તેમણે કહ્યું હતું.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પણ ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કર ધામી સાથે વાત કરી હતી અને પૂરને કારણે નિર્માણ પામેલી પરિસ્થિતિની જાણકારી મેળવી હતી. અસરગ્રસ્તોને મદદ કરવા આઈટીબીપીની ત્રણ અને એનડીઆરએફની ચાર એમ કુલ સાત બચાવટુકડી રવાના કરવાનો તેમણે આદેશ આપ્યો હતો. જલદી જ આ ટુકડીઓ રાહત કામગીરીમાં જોડાશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### બૅન્ક લોન

પ્રોસિજર હેઠળ અંબાણી સામે લૂકઆઉટ સર્ક્યુલર (એલઓસી) બહાર પાડયો છે. ગ્રૂપના અમુક એક્ઝિક્યુટિવને તપાસના ભાગરૂપે આ અઠવાડિયા દરમિયાન પૂછપરછ કરવા માટે બોલાવવામાં આવશે. આને સંબંધિત કેસમાં ઈડીએ બનાવટી બૅન્ક ગેરન્ટી આપવા બદલ ઓડિશાસ્થિત કંપનીના એમડી પાર્થસારથી બિસવાલની તાજેતરમાં ધરપકડ કરવામાં આવી છે. અંબાણીને પૂછપરછ દરમિયાન બિસવાલ સાથે બેસાડવામાં આવે એવી સંભાવના છે. (એજન્સી)

### કૅનેડામાં

ઇન્ટેલિજન્સ સર્વિસીસે ચાલુ વર્ષે જૂન મહિનામાં જાહેરમાં કબૂલ કર્યું હતું કે ખાલિસ્તાની ઉગ્રતાવાદીઓ ભારતમાં હિંસા ફેલાવવા માટેનું ષડ્યંત્ર ઘડવા અને તેના માટેનું ભંડોળ ભેગું કરવા માટે કૅનેડાની ભૂમિનો દુરુપયોગ કરી રહ્યા છે. ભારત પણ પોતાની વિરુદ્ધ પ્રવૃત્તિ ચલાવવા માટે ખાલિસ્તાની ઉગ્રતાવાદીઓ દ્વારા કૅનેડાની ધરતીનો દુરુપયોગ કરાતો હોવાનો ઘણાં સમયથી આક્ષેપ કરે છે. (એજન્સી)

શ્રી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક



ગં.સ્વ. શ્રીમતી હેમલતાબેન પરીખ - (ઉંમર ૮૯ વર્ષ)
સ્વ. પિયૂષકાંત (પીનુભાઈ) પરીખ ના ધર્મપત્ની

હાલ મુબંઈ, તા.૦૪-૦૮-૨૦૨૫ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે

શોકાકુલ પરિવાર

વિરલ પિયૂષકાંત પરીખ, સોનલ નિમેશ પટેલ, રૂપલ જીજ્ઞાશુ શાહ, તેજલ જતિન શાહ ના માતુશ્રી, કવિતા વિરલ પરીખ ના સાસુ, આદિત્ય ના દાદી, અનિકેત, અંકિત, રિશી, ઋષભ, શર્વરી ના નાની,

પિયર પક્ષે

સ્વ. લીલાવતી હરિલાલ ધારાશી શાહ ના દીકરી.

લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે

જય શ્રી કૃષ્ણ

9820151236

viralparikh2000@gmail.com


# શિવસેના-યુબીટી અને મનસે 'ચોક્કસ' ચૂંટણીઓ સાથે લડશેઃ રાઉત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે મંગળવારે જણાવ્યું હતું કે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટી અને તેમના પિતરાઈ રાજ ઠાકરેના નેતૃત્વ હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ 'ચોક્કસ' રીતે ભેગા મળીને લડશે. મહિનાઓની અટકળો પછી અઢી દાયકા પહેલા અલગ પડી ગયેલા પિતરાઈ ભાઈઓ ઉદ્ધવ અને રાજ ઠાકરે હિન્દી 'લાદવા'નો વિરોધ માટે ફરી ભેગા થયા હતા, અને આ નિર્ણય પાછો ખેંચાયા પછી તેમણે સંયુક્ત 'વિજય' કાર્યક્રમ પણ યોજ્યો હતો.

નવી દિલ્હીમાં પત્રકારોએ, રાજ્યસભાના સાંસદ રાઉતને મહારાષ્ટ્રમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ લડવા માટે સેના (યુબીટી) અને મનસે સાથે આવવાની શક્યતા વિશે પૂછવામાં આવતાં તેમણે સકારાત્મક જવાબ આપ્યો હતો.

'બંને ઠાકરે સાથે આવશે અને આ અંગે ચર્ચા કરશે,' એમ પણ તેમણે કહ્યું હતું. શિવસેનાનો અઢી દાયકાથી ગઢ રહેલા મુંબઈ મનપા સહિત રાજ્યની બધી જ મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીઓ આગામી મહિનાઓમાં યોજાવાની છે.

રાઉતે કહ્યું હતું કે પિતરાઈ ભાઈઓ વચ્ચેના સંબંધોને કારણે સેના (યુબીટી) અને મનસેના કાર્યકરોને વિશ્વાસ છે કે આ યુતી મુંબઈ, પુણે, નાસિક, છત્રપતિ સંભાજીનગર, થાણે અને કલ્યાણ-ડોમ્બિવલીની પાલિકામાં બહુમતી મેળવશે. ■

## કોલાબામાં સુધરાઈની સ્કૂલ બિલ્ડિંગ અસુરક્ષિત

# હજારો વિદ્યાર્થીઓ ઓનલાઈન અભ્યાસ કરવા મજબૂર

મુંબઈઃ છેલ્લા પખવાડિયાથી કોલાબામાં એક નાગરિક સંચાલિત સ્કૂલના અંગ્રેજી-માધ્યમના ૧,૫૦૦ વિદ્યાર્થીઓ ઓનલાઈન વર્ગો ભરી રહ્યા છે. બીએમસીના સ્કૂલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેલે (એસઆઈસી) કોલાબામાં આવેલી સ્કૂલની બે ઇમારતોને અસુરક્ષિત જાહેર કર્યા પછી અને તેમને તોડી પાડવાનો આદેશ આપ્યા પછી વર્ચ્યુઅલ લર્નિંગ તરફ વળવાની શરૂઆત થઈ છે.

કેમ્પસમાં બે ઇમારતો છે, આઠ શિક્ષણ માધ્યમો સાથે રહેઠાણ વિભાગો છે, જેમાં મરાઠી, હિન્દી, કન્નડ, ઉર્દૂ અને અંગ્રેજીનો સમાવેશ થાય છે. કુલ મળીને ૨,૮૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. નવેમ્બર ૨૦૨૪ માં, પહેલી નોટિસ જારી કરવામાં આવી હતી. આ દરમિયાન શાળાના આચાર્યો, શિક્ષકો અને સ્થાનિક અધિકારીઓ જાન્યુઆરી ૨૦૨૫ થી પ્રારંભિક નોટિસ મળ્યા પછી વૈકલ્પિક સ્થાનો શોધી રહ્યા હતા. આ પછી વિદ્યાર્થીઓને નજીકની મ્યુનિસિપલ સ્કૂલોમાં ખસેડવાનું શરૂ કર્યું હતું.

મરાઠી, હિન્દી, કન્નડ અને ઉર્દૂ વિભાગના વિદ્યાર્થીઓને સ્થાનાંતરિત કરવામાં આવ્યા હતા, જ્યારે ૧,૫૦૦ વિદ્યાર્થીઓ ધરાવતા બે અંગ્રેજી-માધ્યમોને સ્થાનાંતરિત કરી શકાયા નથી. વૈકલ્પિક રીતે તેમનું શિક્ષણ ઓનલાઈન શરૂ કરવામાં આવ્યું છે.

વાલીઓ અને કાર્યકરો માંગ કરી રહ્યા છે કે બીએમસી બંને ઇમારતોને એકસાથે તોડવાને બદલે એક પછી એક ઇમારત તોડી પાડે. શિક્ષક પરિષદ, શિક્ષક સંઘના પ્રતિનિધિ શિવનાથ દરાડેએ જણાવ્યું હતું કે, એક ઇમારતને સીર તરીકે ચિહ્નિત કરવામાં આવી છે, જેનો અર્થ છે કે તેને મોટા સમારકામની જરૂર છે પરંતુ તે ખતરનાક નથી. ■

# મહારાષ્ટ્ર કેબિનેટની નવી સ્ટાર્ટઅપ પૉલિસીને મંજૂરી

મુંબઈઃ મહારાષ્ટ્ર કેબિનેટે મંગળવારે અનેક મહત્ત્વના નિર્ણયોને મંજૂરી આપી દીધી છે, જેમાં નવી સ્ટાર્ટઅપ અને ઇનોવેશન પોલિસી, ફ્રેઇટ કોરિડોર પ્રોજેક્ટ, જમીન સુધારણા અને રક્તપિત્ત સંભાળ સંગઠનો માટે વધારે સહાયનો સમાવેશ થાય છે.

મુખ્ય પ્રધાન કાર્યાલય (સીએમઓ) તરફથી એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પ્રધાનમંડળે રાજ્યભરમાં કૌશલ્ય વિકાસ, ઉદ્યોગ સાહસિકતા અને નવી શોધખોળને પ્રોત્સાહન આપવા માટે મહારાષ્ટ્ર સ્ટાર્ટઅપ, ઉદ્યોગસાહસિકતા અને નવીનતા નીતિ ૨૦૨૫ને મંજૂરી આપી છે. આ ઉપરાંત પાલઘર જિલ્લાના વાઢવણ બંદરને હિન્દુ હૃદય સમ્રાટ બાળાસાહેબ ઠાકરે મહારાષ્ટ્ર સમૃદ્ધિ મહામાર્ગને ભરવીર ખાતે જોડતા નવા ફ્રેઇટ કોરિડોરને પણ મંજૂરી આપી હતી. પ્રોજેક્ટ પ્લાનિંગ અને જમીન સંપાદનની પ્રક્રિયાને મંજૂરી મળી ગઈ છે એવી જાણકારી પણ આપવામાં આવી હતી. નિવેદનમાં વધુમાં જાણકારી આપવામાં આવી છે કે મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની વધારાની જમીનના વાણિજ્યિક ઉપયોગ માટે સુધારેલી નીતિને પણ મંજૂરી આપવામાં આવી છે. પરિણામે એમએસઆરટીસી તેની માલિકીની વધારાની જમીન વેચી શકશે. (પીટીઆઈ)■

# રાજ્ય સરકારની હોર્ડિંગ્સ માટેની નવી નીતિમાં ઇ-ઓક્શન અને નિયમિત દેખરેખ

મુંબઈઃ રાજ્ય સરકાર સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી, કોન્ટ્રાક્ટરોની પાત્રતા અને હોર્ડિંગ્સની પર્યાવરણીય અસર અને બરાબર નજરે પડે છે કે કેમ જેવા પાસાંઓને લગતા કડક નિયમો સાથેના હોર્ડિંગ્સ માટે એક વ્યાપક નીતિ ઘડવાની તૈયારીમાં છે. આ વિચાર ૨૦૨૪ની ઘાટકોપર હોર્ડિંગ દુર્ઘટના પછી કરવામાં આવ્યો છે. એ દુર્ઘટનામાં ૧૭ લોકો માર્યા ગયા હતા અને ૭૫ને ઈજા થઈ હતી.

મહિનાના અંત સુધીમાં ડ્રાફ્ટ પોલિસી રજૂ થવાની અપેક્ષા છે. નવી નીતિને પગલે હોર્ડિંગ કોન્ટ્રેક્ટરો માટે ઇ-લિલામી દ્વારા ફાળવણી ફરજિયાત બનશે અને નિયમિત સ્ટ્રક્ચરલ ઓડિટ અને હોર્ડિંગ સાઇટ્સનું નિરીક્ષણ પણ ફરજિયાત કરવાનું રહેશે. હોર્ડિંગ્સને નિયંત્રિત કરતી સ્થાનિક સંસ્થાઓ માટે એક વ્યાપક રૂપરેખા હશે, જ્યારે જિલ્લા કલેક્ટરોને જમીનની ફાળવણી માટે માર્ગદર્શિકા આપવામાં આવશે.

જાહેર બાંધકામ, શહેરી વિકાસ, પર્યાવરણ અને મહેસૂલ વિભાગના અધિકારીઓની બનેલી એક ઉચ્ચ સ્તરીય સમિતિ નીતિને વ્યાપક બનાવવા તમામ વિભાગોના સૂચનો પર વિચાર કરી રહી છે. હોર્ડિંગને કારણે અકસ્માત અને જાનહાનિ થાય તો તે માટે જમીન ફાળવતા અધિકારીઓ પર નહીં પણ કોન્ટ્રાક્ટર પર પોલિસીમાં જવાબદારી નક્કી કરવામાં આવી છે. ■

# ડ્રગ્સની તસ્કરીમાં 'ફોટો કોડ'નો ઉપયોગ

મુંબઈઃ મુંબઈની સાકીનાકા પોલીસે કર્ણાટકમાં ગૅરેજની આડમાં ચાલતા મેફેડ્રોન ડ્રગ બનાવવાના કારખાનાનો પર્દાફાશ કર્યા બાદ ડ્રગ્સની તસ્કરીમાં સંડોવાયેલા આરોપીઓ 'ફોટો કોડ'નો ઉપયોગ કરતા હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી હતી. ડ્રગ્સનું વિતરણ કરનારી અને રિસીવ કરનારી વ્યક્તિ એકબીજાથી અજાણ હોય છે અને પોલીસ ટ્રેસ ન કરી શકે તે માટે આ પદ્ધતિનો ઉપયોગ કરતો હોવાનું તપાસમાં જણાયું હતું.

સાકીનાકા પોલીસે એપ્રિલ મહિનામાં વસઈના કામણ ખાતેની એક લૅબોરેટરી પર રેઇડ કરી અંદાજે આઠ કરોડ રૂપિયાનું મેફેડ્રોન (એમડી) જપ્ત કર્યું હતું. આ જ કેસની તપાસમાં પોલીસે તાજેતરમાં સલીમ શેખ ઉર્ફે સલીમ લંગડાને બાન્દ્રાથી પકડી પાડ્યો હતો. લંગડાએ પૂછપરછમાં કર્ણાટકના મૈસૂરથી ડ્રગ્સ લાવતો હોવાની કબૂલાત કરી હતી. માહિતીને આધારે પોલીસની ટીમે મૈસૂરના રિંગ રોડ પર ગૅરેજ અને હોટેલની આડમાં ચાલતા એમડી બનાવવાના કારખાના પર કાર્યવાહી કરી હતી. ત્યાંથી ૩૮૨ કરોડ રૂપિયાનું એમડી જપ્ત કરવામાં આવ્યું હતું.

આરોપીઓની પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ડ્રગ્સના 'કુરિયર' અને 'રિસીવરો' એકબીજાને ઓળખી કાઢવા માટે ફોટો કોડનો ઉપયોગ કરતા હતા. ડ્રગ્સની તસ્કરીમાં બે જૂથ કામ કરતાં હતાં. એક જૂથ કર્ણાટકથી ડ્રગ્સ મુંબઈ લાવતું હતું, જેને કુરિયર અને મુંબઈમાં ડ્રગ્સ પ્રાપ્ત કરનારા બીજા જૂથને રિસીવર તરીકે ઓળખવામાં આવતું. આ બન્ને જૂથના લોકો એકબીજાને ઓળખતા નહોતા.

ડ્રગ્સની ડિલિવરી હોય ત્યારે બન્ને જૂથની વ્યક્તિ તેમના શર્ટની તસવીરો એકબીજાને વૉટ્સઍપ પર મોકલાવી દેતી. પછી એ શર્ટને આધારે જ બન્ને એકબીજાની ઓળખાણની ખાતરી કરતી. ડીલ દરમિયાન આરોપીઓ ભૂલથી પણ ફોન પર વાતચીત કરતા નહીં. ■

# સીએમ રિલીફ ફંડ પર દેખરેખ શક્ય નથી, પણ હેતુ જળવાય એવી આશાઃ હાઈ કોર્ટ

મુંબઈઃ મુખ્ય પ્રધાન રાહત ભંડોળમાંથી કરવામાં આવતી નાણાંની વહેંચણી પર દેખરેખ રાખવી શક્ય નથી, પણ એ વહેંચણીનો હેતુ જળવાઈ રહેશે એવી આશા અને વિશ્વાસ છે, એમ બોમ્બે હાઈ કોર્ટે જણાવ્યું છે. ચીફ જસ્ટિસ આલોક આરાધે અને ન્યાયમૂર્તિ સંદીપ માર્નેની ખંડપીઠે ૩૧ જુલાઈએ આપેલા આદેશમાં નોંધ્યું હતું કે ભંડોળના વ્યવહાર અંગેની જાણકારી હંમેશા માહિતી અધિકાર અધિનિયમ (આરટીઆઈ) હેઠળ મેળવી શકાય છે. અમે સીએમઆરએફની કામગીરી પર દેખરેખ નથી રાખી શકતા. જોકે સીએમઆરએફમાં ફાળવવામાં આવેલા ભંડોળનો ઉપયોગ કેવળ નક્કી કરવામાં આવેલા ઉદ્દેશો અને હેતુઓ માટે જ કરવામાં આવે છે અને બીજો કોઈ ઉપયોગ નથી થતો એવી આશા અને વિશ્વાસ અમને છે. મુંબઈ સ્થિત એનજીઓ 'પબ્લિક કન્સર્ન ફોર ગવર્નન્સ ટ્રસ્ટ' દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજીનો નિકાલ હાઈ કોર્ટે કર્યો હતો. અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે મુખ્ય પ્રધાન રાહત ભંડોળનો ઉપયોગ નક્કી કરવામાં આવેલા હેતુ સિવાયના અન્ય હેતુઓ માટે કરવામાં આવી રહ્યો છે.અરજીમાં કહેવામાં આવ્યું છે કે સીએમઆરએફનો ઉપયોગ ફક્ત અને માત્ર કુદરતી આફતો, આપત્તિઓ અને પીડિતોને મદદ કરવા માટે થવો જોઈએ. એ હેતુ સાથે જ તેની રચના કરવામાં આવી હતી. (પીટીઆઈ)■


વ્યાવસાયિક શિક્ષા વિદ્યાર્થી માટે સ્કૉલરશિપ

ઍન્જિનિયરીંગ ડીગ્રી, ડીપ્લોમા, મેડિકલ, ફાર્મસી,માસ મિડીયા, નર્સિંગ, ટુરીઝમ હોટેલ મેનેજમેંટ

ધોરણ ૧૦ અને ૧૨ પછી વ્યાવસાયિક શિક્ષણ ના વિદ્યાર્થી માટે

આ યોજના લાગુ છે

આ શિષ્યવૃતી લોન સ્વરુપે આપવામાં આવશે. ૧૦ અને ૧૨ માં ધોરણ પછી નોકરી મળ્યા પછી લોન ના હપ્તા માસિક દરે પાછા આપવામાં રહેશે. આના ઉપર કોઈ પણ પ્રકારનું વ્યાજ લેવામાં આવશે નહિં.

Introducing New Feature
Ask any Question on VLS WA Chatbot
99877 80151

અહીં અનલાઇન અરજી કરો :
sites.google.com/site/mulundrotaryvls/
અરજી સ્વિકારવાની અંતીમ તારીખ : ૩૧ ઓગસ્ટ ૨૦૨૫

આયોજક
Rotary Club Of Mulund
facebook.com/MulundRotaryVls/
022 - 4972 4760, 4004 4898
97690 79853, 83560 12866





Deepak Somaiya



Deepak Somaiya



KAAJAL ADS



Deepak Somaiya



Theatrix


## વિધાન ભવનમાં મારામારી

# આજે વિધાનસભા વિશેષાધિકાર સમિતિની બેઠક

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની વિશેષાધિકાર સમિતિની બેઠક છઠ્ઠી ઓગસ્ટ,બુધવારે મળશે. આ બેઠકમાં વિધાનસભ્યો જિતેન્દ્ર આવ્હાડ અને ગોપીચંદ પડળકરના સમર્થકો વચ્ચે ગયા મહિને વિધાનસભા ભવન પરિસરમાં થયેલી ધમાલના મુદ્દે ચર્ચા કરવામાં આવશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

એનસીપી (એસપી)ના વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડ અને ભાજપના પડળકરના સમર્થકો બંને વિધાનસભ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ એના બીજા દિવસે એટલે કે ૧૭ જુલાઈએ ચોમાસુ સત્ર દરમિયાન વિધાનસભા ભવનની લોબીમાં મારામારી પર ઉતરી આવ્યા હતા. બંને વિધાનસભ્યનાં એક એક સમર્થકની ધરપકડ કરવામાં આવી હતી. સ્પીકર રાહુલ નાર્વેકરે આ કેસ વિધાનસભા વિશેષાધિકાર સમિતિને મોકલ્યો હતો. આ બેઠક બુધવારે બપોરે ૨ વાગ્યે થશે તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. મરીન ડ્રાઈવ પોલીસે આ કેસનો રિપોર્ટ કમિટીને સુપરત કર્યો છે, જે ભવિષ્યમાં શું પગલાં લેશે તે નક્કી કરશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# મોબાઈલ ફોન માટે સગીરે ટેકરી પરથી ઝંપલાવ્યું

છત્રપતિ સંભાજીનગરઃ પોલીસ ભરતી માટેની પરીક્ષાની તૈયારી કરી રહેલા ૧૬ વર્ષના સગીરે વડીલોએ મોબાઈલ ફોન ખરીદી આપવાનો ઇનકાર કરતાં છત્રપતિ સંભાજીનગર શહેરમાંની એક ટેકરી પરથી કૂદકો મારી કથિત આત્મહત્યા કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ અથર્વ તાયડે તરીકે થઈ હતી.

રવિવારે સાજાપુર વિસ્તારમાંથી પસાર થનારા બે જણે તાયડેને ટેકરીની તળેટીમાં બેભાન અવસ્થામાં જોયો હતો. બન્ને જણ તાયડેને નજીકની હૉસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ પ્રકરણે પોલીસે એડીઆર નોંધી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે પરિવારજનોએ મોબાઈલ આપવાનો ઇનકાર કરતાં તાયડેએ ટેકરી પરથી કૂદકો માર્યો હતો. (પીટીઆઈ)■

# 'મહાદેવી'ને પરત લાવવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરાશેઃ મુખ્ય પ્રધાન

કોલ્હાપુરઃ કોલ્હાપુર જિલ્લાના નાંદણી જિનસેન મઠના માધુરી ઉર્ફે મહાદેવી હાથીને પરત લાવવા માટે ચાલી રહેલા સંઘર્ષમાં લોકોની તીવ્ર લાગણીઓ જોવા મળી છે. આ કારણે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર સુપ્રીમ કોર્ટમાં સમીક્ષા અરજી દાખલ કરશે.

નાંદણીથી મહાદેવી હાથીને લઈ જતી વખતે ટોળાએ પથ્થરમારો કર્યો હતો. પોલીસે આ કેસમાં ધરપકડ કરી છે.

આ પ્રકરણના શંકાસ્પદ આરોપીઓ સામે દાખલ કરવામાં આવેલા ગુનાઓ પાછા ખેંચવામાં આવે, એવી માગણી વિધાનસભ્ય રાહુલ આવડીએ કરી છે.

આ અંગે દેવેન્દ્ર ફડણવીસે સ્પષ્ટતા કરી હતી કે આ સંદર્ભમાં યોગ્ય નિર્ણય લેવામાં આવશે. આ ઘટનાની નોંધ લેતા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પણ કહ્યું કે રાજ્યમાં લગભગ ચારથી પાંચ પાળેલા હાથીઓનાં મોત થયા છે. ■






# થાણેની પ્રતિષ્ઠિત સ્કૂલમાં ચાર વર્ષની દીકરીની જાતીય સતામણી કરાઇઃ માતા-પિતાનો આક્ષેપ

થાણેઃ થાણેમાં આવેલી પ્રતિષ્ઠિત સ્કૂલમાં પોતાની ચાર વર્ષની પુત્રીની જાતીય સતામણી કરવામાં આવી હોવાનો આક્ષેપ માતા-પિતા દ્વારા કરાયા બાદ પોલીસે આ મામલે તપાસ આદરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસમાં નોધાવેલી ફરિયાદમાં માતા-પિતાએ આક્ષેપ કર્યો હતો કે સ્કૂલ પરિસરમાં ૩૦ જુલાઇના સવારે ૧૧.૧૫થી બપોરે ૩.૦૦ વાગ્યા દરમિયાન તેની પુત્રીની બ્લ્યુ રંગના કપડાં પહેરેલા શખસે જાતીય સતામણી કરી હતી.

આ ફરિયાદને ગંભીરતાથી લઇને પોલીસે તપાસના ભાગરૂપે સ્કૂલના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ અમે મામલાની તપાસ કરી રહ્યા છીએ. જોકે પ્રારંભિક સીસીટીવી ફૂટેજની તપાસમાં કોઇ શંકાસ્પદ હિલચાલ જોવા મળી નથી. અમે તપાસનો અવકાશ વિસ્તારી રહ્યા છીએ જેથી કોઇ કડી બાકી ન રહે. આ કેસમાં સ્કૂલના સત્તાવાળાઓ પોલીસને સહકારી આપી રહ્યા છે, એમ પણ અધિકારીએ કહ્યું હતું.

સ્કૂલના કર્મચારીઓનાં નિવેદન નોંધવામાં આવી રહ્યા છે અને એ વિસ્તારના સાક્ષીઓ પાસેથી માહિતી મેળવવામાં આવી રહી છે, એમ તેમણે કહ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે થાણે જિલ્લાના બદલાપુરમાં સ્કૂલના ટોઇલેટમાં ઑગસ્ટ, ૨૦૨૪માં સફાઇ કર્મચારી દ્વારા બે બાળકીની જાતીય સતામણી કરવામાં આવી હતી. આ ઘટનાને પગલે લોકોમાં આક્રોશ ફેલાયો હતો અને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આ ગુનામાં સંડોવણી બદલ સફાઇ કર્મચારી અક્ષય શિંદેની ધરપકડ કરવામાં આવી હતી. ( પીટીઆઇ)■




# ઘર ઘરની વાત એટલે ગુજરાતી ફિલ્મ ''મહારાણી''



મુંબઈ: મુંબઈ જેવા મહાનગરમાં પતિ-પત્ની બન્ને નોકરી કરવા જતા ઘરમાં નાની દિકરીનું ધ્યાન રાખવા મેડને મહારાણી સમજીને સંભાળવાની હોય છે! આવી જ ખાટી-મીઠી અને મજા કરાવતું ચિત્ર.

આ ચિત્રમાં ત્રણ નેશનલ ઍવોર્ડ વિજેતા કલાકાર અને દિગ્દર્શક એક સાથે આવ્યા છે. જેમાં માનસી પારેખ, શ્રદ્ધા ડાંગર અને દિગ્દર્શક વિરલ શાહ છે સાથે ગુજરાતી રંગભૂમિના બેતાજ બાદશાહ સંજય ગરોડિયાના કોમિક ટાઈમિંગ જબરદસ્ત છે.

ઘણા પ્રોફેશન એવા છે જે આપણી તાતી જરૂરિયાતો પૂરી કરે છે, પરંતુ તેમના વિશે વાતો નથી થતી. આવું જ એક પ્રોફેશન છે. ઘરકામ કરતો નોકર કે નોકરાણી જેને ઘણા ઘરોમાં માસી કે કાકા કહીને બોલાવવામાં આવતા હોય છે. તે કામવાળી બાઈ એક પરિવાર કે ગૃહિણીના જીવનમાં કેટલી મહત્ત્વની છે તે તો તમે ઘરમાં જોતા જ હશો. જેમ કામવાળીના વર્તનથી ઘરમાલિક પરેશાન થાય છે અને તે એક નવી કામવાળી શોધવા નીકળે છે, તેમ ફિલ્મ એક ઉત્સુકતા અને મનોરંજનથી ભરેલ ડ્રામામાં ફેરવાય છે.

ફિલ્મમાં વિરાજ ઘેલાણીનું ગીત તાજગી ભરી દે છે. પેનારોમા સ્ટુડિયોઝ નિર્મિત ''મહારાણી''ના પ્રોડ્યુસર્સ છે - કુમાર મંગત પાઠક, અભિષેક પાઠક, પ્રિતેશ ઠક્કર, મધુ શર્મા અને વિરલ શાહ. જ્યારે કો-પ્રોડ્યુસર્સ તરીકે મુરલીધર ચતવાની, ચંદ્રેશ ભાનુશાલી, સુચિન આહલુવાલિયા અને માસુમેહ માખીજાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. ગુજરાતી ફિલ્મોમાં નવો વિષય લાવવા બદલ નિર્માતાઓની પ્રશંસા કરવી જોઈએ. પરિવાર સાથે મોજ-મજા માટે થિયેટરમાં જઈ જોઈજ રહી. ■

# હાઉસિંગ સોસાયટીઓ અને કમર્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ પાસેથી સુધરાઈ જાતે કચરો ભેગો કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાએ સમગ્ર મુંબઈમાં રહેણાંક અને કમર્શિયલ સ્તરે મોટા પ્રમાણમાં નિર્માણ થનારા કચરાને ભેગો કરવા પર સીધું નિયંત્રણ પોતાના હાથમાં લેવાનો નિર્ણય લીધો છે, જેમાં તમામ ખાનગી કૉન્ટ્રેક્ટરોને આ પ્રક્રિયામાંથી બાકાત રાખવામાં આવ્યા છે. હાઉસિંગ સોસાયટી અને કમર્શિયલ એસ્ટાબ્લિશમેન્ટમાં નિર્માણ થનારો કચરો હવે તેમની પાસેથી સીધો મુંબઈ મહાનગરપાલિકા જ જમા કરવાની છે. તેથી મોટા પ્રમાણમાં કચરો નિર્માણ કરનારી (બલ્ક વેસ્ટ જનરેટર) સંસ્થાએ તેમની ત્યાં નિર્માણ થનારા કચરાને હવે થર્ડ પાર્ટી એટલે કે બહારથી લેવામાં આવતી સેવાને તાત્કાલિક ધોરણે બંધ કરવાની રહેશે. આ કચરાનો નિકાલ કરવા માટે કોઈ પણ પ્રકારની ફી આપવી નહીં એવો નિર્દેશ પણ પાલિકા પ્રશાસને આપ્યો છે. પાલિકા દ્વારા બ્લક વેસ્ટ જનરેટરો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેમાં દરરોજ ૧૦૦ કિલો કે તેનાથી વધુ કચરો નિર્માણ કરે છે, તેમાં મોટી હાઉસિંગ સોસાયટી, મોલ, હોટલ, હૉસ્પિટલ, શૈક્ષણિક સંસ્થા અને ઓફિસનો સમાવેશ થાય છે.

# ભાયંદરમાં હત્યાના કેસનો ફરાર આરોપી ૨૮ વર્ષ બાદ ઝડપાયો

થાણે: ભાયંદરમાં હત્યાના કેસમાં છેલ્લાં ૨૮ વર્ષથી ફરાર આરોપીને ક્રાઇમ બ્રાન્ચે વસઇથી ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી. હાલ

પચાસ વર્ષની વયનો આરોપી રાજેન્દ્ર રામદુલાર પાલ ધરપકડથી બચવા માટે પોતાની ઓળખ બદલીને વિવિધ સ્થળે છુપાતો ફરતો હતો. આરોપી રાજેન્દ્ર પંજાબ, હરિયાણા, દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં રહ્યો હતો, જ્યાં તેણે મજૂરીકામ કર્યું હતું.

દરમિયાન પોલીસે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ, જૂના કેસના રેકોર્ડનું વિશ્લેષણ, ઇન્ટેલિજન્સ ઇનપુટ્સ તેમ જ માહિતીને આધારે આરોપીને ૪ ઑગસ્ટે વસઇ પૂર્વથી શોધી કાઢ્યો હતો, એમ ક્રાઇમ બ્રાન્ચના સિનિયર ઇન્સ્પેક્ટર પ્રમોદ બડાખે જણાવ્યું હતું.

ભાયંદર પૂર્વમાં આવેલી દુકાનમાં પાંચમી ઑક્ટોબર, ૧૯૯૭ના રોજ નજીવી બાબતે થયેલા વિવાદમાં આરોપીએ ધરમનાથ પાંડે પર લાઠીથી હુમલો કર્યો હતો, જેમાં ગંભીર ઇજાને કારણે તેનું મૃત્યુ થયું હતું. (પીટીઆઇ)

## પોલીસ સ્ટેશનમાં શિવસેનાના નેતા પર ગોળીબાર

# હાઇ કોર્ટે ભૂતપૂર્વ વિધાનસભ્ય ગણપત ગાયકવાડના જામીન નકાર્યા

મુંબઈ: ગયા વર્ષે પોલીસ સ્ટેશનમાં શિવસેનાના નેતા મહેશ ગાયકવાડ પર ગોળીબાર કરવાના કેસમાં ધરપકડ કરાયેલા ભાજપના ભૂતપૂર્વ વિધાનસભ્ય ગણપત ગાયકવાડને જામીન આપવાનો હાઇ કોર્ટે મંગળવારે ઇનકાર કર્યો હતો. કોર્ટે કહ્યું હતું કે આ ઘટના સભ્ય સમાજમાં આઘાતજનક અને અસ્વીકાર્ય છે. જસ્ટિસ અમિત બોરકરની ખંડપીઠે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે મામલો ગોળીબાર કરવા સુધી અટક્યો નહોતો, પરંતુ પીડિત જીવિત હોવાનું જોયા બાદ ગણપત ગાયકવાડે તેની છાતી પર બેસીને રિવોલ્વરના બટ્ટાથી તેના પર હુમલો કર્યો હતો, એવો આક્ષેપ તપાસકર્તા પક્ષ દ્વારા કરવામાં આવ્યો છે.

જો આવા કૃત્યને સાચું માનવામાં આવે તો તે અરજદાર (ગણપત ગાયકવાડ)ના હત્યાના ઇરાદાને છતું નથી કરતો, પરંતુ પોલીસ અધિકારીઓની હાજરી તેમ જ સ્થળની ચિંતા કર્યા વિના ઘાતક પરિણામો નિશ્ચિત કરવાનો તેનો ઉદ્દેશ પણ સ્પષ્ટ કરે છે.

પોલીસ સ્ટેશનની ચાર દીવાલની અંદર કરવામાં આવતી કોઇ પણ હિંસાને હળવાશથી લઇ શકાય નહીં, કારણ કે તે કાયદો અને વ્યવસ્થાના મૂળ પર પ્રહાર કરે છે, એમ કોર્ટે જણાવ્યું હતું.

આરોપી સામેનો ગુનો ઘૃણાસ્પદ છે. આ એક 'આઘાતજનક ઘટના' હતી, જેમાં પોલીસ સ્ટેશનના પરિસરમાં હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસ સ્ટેશન કોઇ યુદ્ધનું મેદાન નથી અને એક સામાન્ય નાગરિક, ખાસ કરીને ભૂતપૂર્વ વિધાનસભ્ય, હથિયાર લઇને પોલીસ સ્ટેશનની મુલાકાત લે તેવી અપેક્ષા રાખવામાં આવતી નથી. સિવાય કે તેનો ઉપયોગ કરવાનો ઇરાદો ધરાવતો હોય એમ પણ હાઇ કોર્ટે જણાવ્યું હતું. (પીટીઆઇ)

# સાંતાક્રુઝમાં હિટ ઍન્ડ રનના કેસમાં રાહદારીનું મૃત્યુ

મુંબઈ: સાંતાક્રુઝમાં હિટ ઍન્ડ રનના કેસમાં બાઈકસવારે અડફેટે લેતાં રાહદારીનું મૃત્યુ થયું હતું. પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ ગણેશ શહા (૪૦) તરીકે થઈ હતી. ઘટના બાદ ફરાર બાઈકસવાર વિરુદ્ધ ગુનો નોંધી સાંતાક્રુઝ પોલીસે તેની શોધ હાથ ધરી હતી. પ્લમ્બિંગનું કામ કરતો ગણેશ પત્ની અને ત્રણ સંતાન સાથે સાંતાક્રુઝ વિસ્તારમાં રહેતો હતો. હંમેશ મુજબ શુક્રવારે સવારે તે કામે જવા નીકળ્યો હતો. સવારે સાડાસાત વાગ્યાની આસપાસ તે જુહુ તારા રોડ પર એસએનડીટી કૉલેજ સામેથી રસ્તો ઓળંગતો હતો ત્યારે પૂરપાટ વેગે આવેલી બાઈકે તેને અડફેટે લીધો હતો.

અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ગણેશને કૂપર હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. પ્રાથમિક સારવાર બાદ તેને કેઈએમ હૉસ્પિટલમાં દાખલ કરવાની ભલામણ તબીબે કરી હતી, પરંતુ બપોર થઈ ગઈ હોવાથી બીજે દિવસે કેઈએમ જવાનું પરિવારજનોએ નક્કી કર્યું હતું. જોકે એ જ સાંજે ગણેશનું સ્વાસ્થ્ય બગડ્યું હતું. શ્વાસ લેવામાં તકલીફ થતી હોવાથી તેને કેઈએમ હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાં સારવાર દરમિયાન શનિવારની સવારે તેનું મૃત્યુ થયું હતું, એમ પોલીસે જણાવ્યું હતું.

# વરસાદી પાણી રોકવા માટે કેઇએમ હૉસ્પિટલમાં સ્પેશિયલ ટીમ

મુંબઈ: ૨૬ મેના રોજ મુંબઈમાં પડેલા ભારે વરસાદને કારણે કેઇએમ હૉસ્પિટલના પીડિયાટ્રિક ઇન્ટેન્સિવ કેર યુનિટ અને વોર્ડ-૪એમાં મોટા પ્રમાણમાં પાણી ભરાઈ ગયું હતું. બોમ્બે હાઈ કોર્ટે મહાનગરપાલિકાના વહીવટની આકરી ટીકા કરી હતી અને તેની નોંધ લઈને, વહીવટીતંત્રે પ્રથમવાર હૉસ્પિટલમાં વરસાદનું પાણી ન પ્રવેશે તે માટે એક વિશેષ ટીમ તૈયાર કરી છે. વરસાદી પાણીના કારણે વોર્ડમાં રહેલા દર્દીઓ અને સગાસંબંધીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બોમ્બે હાઈકોર્ટે આ ઘટના માટે કેઇએમ હૉસ્પિટલ વહીવટીતંત્ર અને મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન વહીવટીતંત્રની આકરી ટીકા કરી હતી. ૨૬ મે પછી, ૨૧ જુલાઈના રોજ સવારે કેઇએમ હૉસ્પિટલના બીજા માળે આવેલા વરંડામાંથી દર્દીના રૂમ ૯માં મોટા પ્રમાણમાં પાણી ઘૂસી ગયુ હતું. દર્દીના રૂમમાં સફાઈ કામદારો ન હોવાથી, સાંજ સુધી પાણી ભરાઈ રહ્યું. સાંજે ૪ વાગ્યા પછી દર્દીના રૂમમાંથી પાણી ઓસરી ગયું હતું, પરંતુ બધે ભીનું હોવાથી લપસી પડવાની અને પડી જવાની શક્યતા હતી.

છેલ્લા પાનાનું ચાલુ

## સ્થાનિક સ્વરાજ્યની

સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયા માટે લગભગ ૮,૭૦૫ કંટ્રોલ યુનિટ અને ૧૭,૦૦૦ થી વધુ મતદાન મશીનોની જરૂર પડશે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં વોટર વેરિફાઇબલ પેપર ઓડિટ ટ્રેઇલ મશીનોનો ઉપયોગ કરવામાં આવશે નહીં. ૧ જુલાઈ, ૨૦૨૫ થી મતદારોની યાદીના આધારે ચૂંટણીઓ યોજાશે. વોર્ડની સીમાઓને અંતિમ સ્વરૂપ આપવાનું કામ પહેલાથી જ ચાલી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે બેઠક દરમિયાન કર્મચારીઓ અને તકનીકી માળખાગત સુવિધાઓ અંગેની તૈયારીઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યું કે નાશિક વિભાગમાં ૫૦.૪૫ લાખ મતદારો અને ૪,૯૮૨ મતદાન મથકો છે. (પીટીઆઈ)

## વિવિધ પ્રોજેક્ટો માટે

થી-રાજ્ય ધોરણે આ મુદ્દા પર વિચાર કરી શકાય છે. આ જ સુનાવણી વખતે એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્ય ભાટીએ એમ કહ્યું હતું કે દેશમાં બાંધકામ પ્રોજેક્ટ્સની સંખ્યા વધુ હોવાથી, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (એમઓઈએફસીસી) માટે દેશભરના તમામ પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન કરવું શક્ય નથી.

કોર્ટે આ વાત સ્વીકારી, અને નોંધ્યું હતું કે કેન્દ્ર દ્વારા રચાયેલી નિષ્ણાત સંસ્થા એસઈઆઈએએ હોવાથી, રાજ્ય સ્તરે આ કાર્ય તેઓ અસરકારક રીતે કરી શકે છે.

આખરે, એવું તારણ કાઢવામાં આવ્યું હતું કે મૂલ્યાંકન પ્રક્રિયા સ્ટેટ એન્વાર્યનમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરિટી (એસઈઆઈએએ) અને સ્ટેટ એક્સપર્ટ અપ્રેઝલ કમિટી (એસઈએસી) સમક્ષ હાથ ધરવામાં આવવી જોઈએ.

સુપ્રીમ કોર્ટ દ્વારા લેવામાં આવેલો નિર્ણય મુંબઈ શહેર માટે કેટલો મહત્ત્વનો છે એ સમજાવતાં ક્રેડાઈ-એમસીએચઆઈના વાઈસ પ્રેસિડેન્ટ જિતેન્દ્ર મહેતાએ જણાવ્યું હતું કે મુંબઈના પ્રોજેક્ટ આડેનો મોટો અવરોધ દૂર થયો છે. એનજીટી ભોપાલ દ્વારા આપવામાં આવેલા આદેશ મુજબ નેશનલ પાર્કની હદથી પાંચ કિલોમીટર સુધીના વિસ્તારમાં કોઈપણ નવા પ્રોજેક્ટના બાંધકામ માટે કેન્દ્રીય પર્યાવરણ ખાતાની પરવાનગી આવશ્યક હતી. કેન્દ્રમાં મંજૂરી માટે લગભગ છેલ્લા પંદર મહિનાથી મોટા ભાગના પ્રોજેક્ટ અટકેલા પડ્યા હતા, પરંતુ સુપ્રીમ કોર્ટના આ ચુકાદા પછી હવે કેન્દ્રીય પર્યાવરણ ખાતાની પરવાનગી માટે પ્રોજેક્ટ અટકી રહેશે નહીં, રાજ્યની એસઈઆઈએએ અને એસઈએસી પાસેથી પ્રોજેક્ટની મંજૂરી મેળવી શકાશે. તેમણે એમપણ કહ્યું હતું કે પ્રોજેક્ટની સાઈઝ માટે પણ સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે દોઢ લાખ મીટર સુધીના પ્રોજેક્ટની મંજૂરી રાજ્યમાં જ લઈ લેવાની રહેશે, જ્યારે બે લાખ મીટરથી (એટલે કે પંદર લાખ ચો. ફૂટથી વધુ)ના બાંધકામ માટે જ કેન્દ્રના પર્યાવરણ ખાતા પાસે જવાની આવશ્યકતા રહેશે. આ ચુકાદાથી ઘાટકોપર, મુલુંડ, થાણે, બોરીવલી, કાંદિવલી, પવઈ, ભાંડુપમાં અટકી પડેલા રિયલ એસ્ટેટના પ્રોજેક્ટ સહિત રાજ્ય સરકારના વિકાસના અનેક અટકી પડેલા પ્રોજેક્ટ આડેનો મોટો અવરોધ દૂર થયો છે.

## ફ્લેટ જેટલો મોટો

ફ્લેટ માલિકોએ આ નિર્ણય સામે પુણેની સહકારી કોર્ટમાં અરજી કરી હતી. મે ૨૦૨૨માં કોર્ટે તેમનો કેસ ફગાવી દીધો હતો. ત્યારબાદ આ ફ્લેટ માલિકોએ બૉમ્બે હાઈ કોર્ટમાં અરજી કરી હતી.

આ ફ્લેટ માલિકોના વકીલોએ કોર્ટમાં દલીલ કરી હતી કે જાળવણી ખર્ચ સામાન્ય રીતે બધા રહેવાસીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા વિસ્તારો અને સુવિધાઓ માટે લેવામાં આવે છે. મોટા ફ્લેટમાં વધુ રહેવાસીઓ હોય છે અને તેથી તેમની પાસેથી વધુ જાળવણી ફી વસૂલવામાં આવે તે અયોગ્ય છે. જોકે હાઈ કોર્ટે આ દલીલ સાથે અસંમતિ વ્યક્ત કરી હતી.

ન્યાયાધીશે કહ્યું કે કાયદો અને કોન્ડોમિનિયમનું પોતાનું ઘોષણાપત્ર બંને એપાર્ટમેન્ટના કદના આધારે પ્રમાણિત મેન્ટેનન્સ ચાર્જને સમર્થન આપે છે. તેથી કોર્ટે અરજી ફગાવી દીધી અને ચુકાદો આપ્યો કે મોટા એપાર્ટમેન્ટ ધરાવતા ફ્લેટ માલિકોએ વધુ મેન્ટેનન્સ ચાર્જ ચૂકવવો પડશે.

## ચણ નાખનારાઓ

છતાં બપોરે કબુતરોને ચણ નાખવા માટે કબૂતરખાના ખાતે મોટી ભીડ એકઠી થઈ હતી, જેમાં ઘણી મહિલાઓનો સમાવેશ થતો હતો.

ગ્રેડ-ટૂ હેરિટેજ સ્ટ્રક્ચર પર પ્લાસ્ટિક શીટ પાથરવામાં આવી હતી અને સ્થળ પર બીએમસી સ્ટાફે લોકોને ચણ નાખતા અટકાવ્યા હતા, ત્યારે નજીકના જૈન મંદિરે કબૂતરો માટે પાણીની વ્યવસ્થા કરી હતી અને કેટલાક કબૂતર પાળનારાઓ દ્વારા ધાર્મિક પૂજા પણ કરવામાં આવી હતી. દાદર પછી, બીજા નંબરે એચ પશ્ચિમ વૉર્ડે બાન્દ્રા તળાવ નજીકના કબૂતરખાના પાસેથી ૧૫ વ્યક્તિઓ પાસેથી રૂ.૭,૫૦૦ નો દંડ વસુલ્યો હતો. 'ટી' વૉર્ડે ૧૩ ઉલ્લંઘન કરનારાઓ પાસેથી રૂ.૬,૫૦૦ એકત્રિત કર્યા. મલાડ પૂર્વમાં પાંચ કબૂતરખાના ધરાવતા 'પી'-પૂર્વ વોર્ડમાંથી રૂ.૬,૦૦૦ દંડ વસુલવામાં આવ્યો. ગોરેગાંવ પશ્ચિમમાં 'પી'-સાઉથ, ૧૧ વ્યક્તિઓ પાસેથી રૂ.૫,૫૦૦ દંડ એકત્રિત કરવામાં આવ્યો. જીપીઓ કબૂતરખાનાના પાસેથી આઠ લોકોને દંડ ફટકાર્યો અને રૂ.૪,૦૦૦ એકત્રિત કર્યા.

જૈન સમુદાયે દાદર કબૂતરખાના ખાતે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવાની, ત્યારબાદ ૧૦ ઓગસ્ટે શાંતિ રેલી અને કોર્ટનો ચુકાદો તેમના પક્ષમાં ન આવે તો અનિશ્ચિત સમય માટે ભૂખ હડતાળ કરવાની ચીમકી આપી છે. આગામી સુનાવણી ૭ ઓગસ્ટે થવાની છે, જ્યાં કોર્ટ કેઈએમ હૉસ્પિટલના તબીબી ડેટા અને બીએમસી અને મુંબઈ પોલીસના અમલીકરણ અહેવાલોની સમીક્ષા કરશે.

## કોર્ટ અને સરકાર

લેવામાં આવી શકે અને સરકારના આદેશનું પાલન ના કરે તો તેમની નોકરી સામે પણ જોખમ આવી શકે છે. બંને તરફથી પીસાઈ રહેલા સુધરાઈના અધિકારીઓ જોકે મંગળવારે પણ મુંબઈના જુદા જુદા વિસ્તારમાં સાર્વજનિક સ્થળે કબૂતરોને ગેરકાયદે ચણ નાખનારા સામે ગુનો નોંધવાની પોતાની કાર્યવાહી ચાલુ જ રાખી હતી. મુખ્ય પ્રધાનના નિર્દેશ બાદ પણ દાદર કબૂતરખાના પર રવિવાર ત્રણ ઓગસ્ટના લગાવવામાં આવેલા પ્લાસ્ટિકના કવરને હટાવવાની કોઈ યોજના ન હોવાનું મંગળવાર સાંજે પાલિકાના જી-ઉત્તર વોર્ડના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. કોર્ટના આદેશ મુજબ કાર્યવાહી કરીને કબૂતરખાનાને ઢાંકવામાં આવ્યું છે. તેથી હાલ આ પ્લાસ્ટિકના કવરને હટાવવાની કોઈ યોજના નથી. અમારે હાઈ કોર્ટના આદેશનું પાલન પણ કરવું પડશે તો રાજ્ય સરકારના નિર્દેશને પણ સાથે રાખીને ચાલવું પડશે એવું અધિકારીએ નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતું.

## કબૂતરોને ચણ

વૈકલ્પિક વ્યવસ્થા ન કરવામાં આવે ત્યાં સુધી, બીએમસીએ કબૂતરોને ખોરાકનો નિયમિત અને નિયંત્રિત પુરવઠો ચાલુ રાખવો જોઈએ.'

તેમણે એવો નિર્દેશ આપ્યો હતો કે આરોગ્યના જોખમોને ટાળવા માટે કબૂતરોને ક્યારે અને ક્યાં નિયંત્રિત રીતે ખવડાવી શકાય તે સ્પષ્ટ કરતી ઔપચારિક નીતિ ઘડી કાઢવી જોઈએ અને કબૂતરોની વિષ્ઠા અને અન્ય કચરાના યોગ્ય વ્યવસ્થાપનની આરોગ્ય અસરો પર નિષ્ણાતો દ્વારા વૈજ્ઞાનિક અભ્યાસની જરૂરિયાત પર ભાર મૂક્યો, જેમાં સફાઈ અને નિકાલ માટે તકનીકી ઉકેલો શોધવાનો સમાવેશ થાય છે.

ફડણવીસે વધુમાં કહ્યું કે તેમણે ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન મેનકા ગાંધી સાથે પણ આ મુદ્દા પર ચર્ચા કરી છે.

હાલમાં, 'કબુતરખાનાઓ'ના મુદ્દા પર એક રિટ અરજી બોમ્બે હાઈકોર્ટમાં સુનાવણી હેઠળ છે. મુખ્ય પ્રધાને રાજ્ય સરકાર અને બીએમસીને પોતાનો પક્ષ રજૂ કરવા સૂચના આપી અને સંકેત આપ્યો કે જો જરૂર પડે તો સરકાર સુપ્રીમ કોર્ટમાં જવાનો વિચાર કરશે.

# જૈન મરણ

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ (નવાગામ) ભચાઉના અ.નિ. ખિમઈબેન કરસન ખુથિયાના પુત્રવધૂ દામજી કરસન ખુથીયાના ધર્મપત્ની કેસરબેન (ઉં. વ. ૭૨) શનિવાર, તા. ૨-૮-૨૫ના અક્ષરનિવાસી થયેલ છે. લીલા, ઘનશ્યામ, નિતિન, રશ્મી, પ્રકાશ, મુકેશના માતુશ્રી. દિનેશ ગાલા, અ.નિ. ગીતાબેન, રશ્મી, દિનેશ સાવલા, પુનમ, પ્રીતીના સાસુ. નરેન્દ્ર, અદિતિ, શ્લોક, મહેક, આશિષ, હીયા, હેતના દાદી. સામખીયારીના અ.નિ. જીવાબેન મોતીલાલ છાડવાના દીકરી. પ્રાર્થનાસભા: બુધવાર, તા. ૬-૮-૨૫ના ૩ થી ૪.૩૦. યોગી સભાગૃહ, ૧લે માળે, દાદર (ઈ).

**પેથાપુર વિ.શા. પોરવાળ જૈન**

ગોરેગામ નિવાસી, અંજુબેન પટવા તા. ૫-૮-૨૫, મંગળવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે પ્રકાશભાઈ શાંતિલાલ પટવાના ધર્મપત્ની તથા વૈશાલી તથા પ્રાચીના માતુશ્રી. ધર્મેનભાઈ તથા કેયુરભાઈના સાસુ તથા પેથાપુર માધવલાલ ત્રિકમલાલની પુત્રી તથા હુતાક્ષી, એષા તથા વીરના નાની. પ્રાર્થનાસભા તા. ૭-૮-૨૫ના ૧૦થી ૧૨. સ્થળ: શ્રી રાજસ્થાન ભવન, આરે રોડ, ચિંતામણી દેરાસર બાજુમાં, ગોરેગામ (વેસ્ટ).

**પાટણ જૈન**

પાટણ નિવાસી કપૂર મહેતાનો પાડો, પ્રભાવતી ચીમનલાલ શાહના પુત્ર ધરણેન્દ્રભાઈ શાહ (ઉં. ૮૧) રંજનબેનના પતિ. અલ્પા તથા નિશાના પિતા. આન્સબેન તથા ઉત્સવના સસરા. બાબુભાઈ પરમારના જમાઈ ૩૧-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ધારી નિવાસી હાલ મુંબઈ, કમળાબેન જયંતીલાલ નરભેરામ ઠોસાણીના સુપુત્ર પ્રફુલભાઈ (ઉં. વ. ૮૧) તે સુમીત્રાબેનના પતિ. ચિ. કિન્નરી, ચિ. મુંજાલના પિતાશ્રી. હેમુબેન, બીપીનભાઈ, ઈલાબેન રમેશચંદ્ર શાહ, જયશ્રીબેન અશોકભાઈ પંચમીયાના મોટાભાઈ. રૂગનાથ અમરશી તેજાણીના જમાઈ. ચિ. ભાવિકા તથા સંદીપ નવનીતભાઈ દોશીના સસરાજી તા. ૪-૮-૨૫, સોમવારના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૭-૮-૨૫ના ૪ થી ૫.૩૦. લાયન્સ કોમ્યુનીટી હોલ, પ્લોટ નંબર ઈ-૯૩, ગારોડિયા નગર, ગારોડિયા સ્કૂલની બાજુમાં, ઘાટકોપર (ઈ).

**મચ્છુકાંઠા સ્થા. વિશા શ્રીમાળી જૈન**

વાંકાનેર નિવાસી હાલ ઘાટકોપર ભાનુમતી ગાંધી (ઉં. વ. ૮૬) તે સ્વ. ન્યાલચંદ બેચરદાસ ગાંધી તથા સ્વ. સવિતાબેન ગાંધીના પુત્રવધૂ. તે સ્વ. મનહરલાલ ગાંધીના ધર્મપત્ની. સ્વ. હસમુખભાઇ, સ્વ. કિશોરભાઇ, ચંપકભાઇ, સ્વ. કમળાબેન, મમતાબેન, પ્રવીણાબેનના ભાભી. પિયરપક્ષ વાંકાનેર નિવાસી હાલ ચેન્નઇ અંબાવીદાસ સોભાગચંદ મહેતાના સુપુત્રી. ચંદ્રકાંત અંબાવીદાસ મહેતાના બહેન. તા. ૪-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે.૦૮, ધીરજભુવન, ગોપાળભુવન બસ સ્ટોપની પાછળ, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોરચુપણા ચોક હાલ મીરારોડ, શાંતાબેન તલકચંદ દલિચંદ દોશીના પુત્ર દિનેશભાઇ (ઉં. વ. ૫૮) તે હીનાબેનના પતિ. સ્વ. દેવાંગના ભાઈ. બિનિતાના જેઠ. સાસરાપક્ષે ભીખાલાલ વેલચંદ શેઠ પાલીતાણા હાલ દહિસરના જમાઈ. ૨/૮/૨૫ના અવસાન પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી. ઠે ૨૦૩, વિ-૮ છોટાલાલ નીવાસ, બીજા માળે, વિનય નગર, દેરાસર પાસે, મીરારોડ ઈસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

તણસા નિવાસી હાલ વાલકેશ્વર, સ્વ. બાબુલાલ દુર્લભદાસ વોરાના સુપુત્ર ગુણવંતરાય (ઉં. વ. ૮૬) તા. ૫/૮/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ ઈન્દિરાબેનના પતિ. ચેતન-કેતકી, સ્વ પાર્થિવ-પૂર્વી, અશ્મિ-રાજુભાઈના પિતાશ્રી. પ્રિયજ-વિપાશા-દેવાંશ-ધ્રુવના દાદા. અરવિંદભાઈ-મનસુખલાલના ભાઈ. ભાવનગર નિવાસી હાલ સાયન મનસુખલાલ માણેકચંદ જાપાનના જમાઈ. બંને પક્ષની સાદડી તા. ૦૭/૦૮/૨૦૨૫ ગુરુવારના ૩ થી ૫. આશા બિલ્ડિંગ, ૨૩ ડુંગરશી રોડ, વાલકેશ્વર.

**કચ્છી દશા શ્રીમાળી વણિક જ્ઞાતિ જૈન**

કચ્છ ભુજ નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. કાન્તાબેન કાંતિલાલ મહેતાના સુપુત્ર કિશોરચંદ્ર મહેતા (ઉં. વ. ૮૫) તા. ૫/૮/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રવિણાબેનના પતિ. સમીર અને પારસના પિતાશ્રી. મહેન્દ્રભાઈ, હર્ષદાબેન ભરતભાઈ અજાણીના ભાઈ. મગનલાલ અફેણીવાળાના જમાઈ. શ્રીનાબેનના સસરા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાની તુંબડી હાલે રામાણીયાના મંજુલાબેન હેમચંદ સાવલા (ઉં. વ. ૮૦) તા. ૪-૮-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. હેમચંદ ખીમજીના ધર્મપત્ની. સુંદરબેન ખીમજીના પુત્રવધુ. શીલા, હીતેશ, હીરેનના માતુશ્રી. મોટી ખાખરના નેણબાઇ વશનજીના સુપુત્રી. સ્વ. કાંતીલાલ, સ્વ. મહેન્દ્ર, સ્વ. હરખચંદ, સ્વ. કિશોર, સ્વ. શાંતાબેન શામજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. હીતેશ હેમચંદ સાવલા, એ/૧૩/૪૦૩, શાંતિ નિકેતન, ભાઉસાહેબ પરબ રોડ, કાંદરપાડા, દહીંસર (વેસ્ટ).

કોડાયના સ્મિતા ભરત શાહ/લાલન (ઉં. વ. ૬૧) તા. ૩-૮ના અવસાન પામેલ છે. સ્વ. ભરત વસનજીના ધર્મપત્ની. કૌશલના માતુશ્રી. નિર્મલા વસનજીના પુત્રવધૂ. જયાબેન લક્ષ્મીચંદની સુપુત્રી. હર્ષિકા, પ્રફુલ્લ, બિના, વર્ષા (બેલા)ના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. કૌશલ ભરત લાલન, ૧૫-બી, ફ્લેટ નં. ૬૦૪, સુભાષ નગર, ચેમ્બુર, મુંબઈ-૪૦૦૦૭૧.

ચાંગડાઇ હાલે સાભરાઇના પાનબાઇ વલ્લભજી મારૂ (ઉં. વ. ૭૭) તા. ૫-૮-૨૫ના અવસાન પામેલ છે. વલ્લભજીના પત્ની. પુરબાઇ ખીમજી નથુના પુત્રવધુ. મયુર, હીતેશના માતુશ્રી. કેસરબેન કુંવરજી નથુના પુત્રી. ગાંગજી, કાનજી, શામજી, લાલજી, હંસરાજ, કસ્તુરબેન ઉમરશી, નિર્મળા ધીરજના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પાનબાઇ વલ્લભજી, એએ-૧૨, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી (ઇસ્ટ).

દુર્ગાપુરના તારાબેન કે.પી. શાહ (ગડા) (ઉં. વ. ૯૫) તા.૧-૮-૨૫ના કચ્છ દુર્ગાપુરમાં અવસાન પામ્યા છે. કોરઈબાઈ પાંચારીયાના પુત્રવધૂ. મોટા રતડીયા-આકોલાના જેતબાઈ રાયશી દેઢિયાના સુપુત્રી. મહેન્દ્ર, વિજય, રાજેન્દ્ર (રાજુ), ઈલા, કલ્પના, તિલાના માતા. પોપટલાલ, સેવંતીલાલ, કમલાબેન કુંવરજી, પુષ્પાબેન શાંતિલાલના બેન. પ્રા.શ્રી માટુંગા ક.મૂ.શ્વે.જૈન સંઘની નારાણજી શામજી વાડી. ટા.૪ થી ૫.૩૦.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબીના મહેશભાઇ રમણિકલાલ સંઘવી (ઉં. વ. ૭૬) હાલ દાદર (મુંબઇ) તા. ૩૦ જુલાઇ બુધવાર ૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સુધાબેનના પતિ. તથા વિશાલ અને કુણાલના પિતાશ્રી. તથા મિતલ અને માનસીના સસરાજી. તે ધારીના છોટાલાલ જસાણીના જમાઇ. પ્રાર્થના તથા લૌ. વ્ય. બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ કાંદિવલી સ્વ. લતાબેન વ્રજલાલ ગાંધીના પુત્ર વિજયભાઇના ધર્મપત્ની હીનાબેન (ઉં. વ. ૫૫) તા. ૪-૮-૨૫ના મંગળવારે અરિહંતશરણ પામેલ છે. તે પાર્થ, પ્રિયાંશના માતુશ્રી. પૃથ્વીના સાસુ. રાજેશભાઇ, રશ્મિબેન જસ્મીન કુમાર મહેતા, ભાવનાબેન મિલનકુમાર ચોકસીના ભાભી. મોસાળ પક્ષે વાંકાનેર નિવાસી સ્વ. ચંદનબેન મનહરલાલ મહેતાના દીકરી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૭-૮-૨૫ને ગુરુવારે ૧૦થી ૧૨. ઠે. પાવનધામ મહાવીર નગર, બીસીસીઆઇ ગ્રાઉન્ડની સામે, કાંદિવલી (વેસ્ટ).

# પારસી મરણ

રતન નૌશીરવાન મિસ્ત્રી તે ખોરશેદના ધની. તે મરહુમો ગુલામાય નૌશીરવાન મિસ્ત્રીના દીકરા. તે મરહુમો આબાન ને અરમાઇટીના ભાઇ. તે ઝરીર ને નાદીરના સાળા. તે ફીરદોશ, બીનાઇફર ને બરઝીસના મામા. તે ઝરીર કાસદના મામા સસરા. (ઉં. વ. ૮૪) રે. ઠે. ૨૮, ગણેશ ભવન, બીજે માળે, ફ્લેટ નં.૪, ૧લી ધોબીતળાવ લેન, કાલબાદેવી, મુંબઇ-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયા: તા. ૭-૮-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, અનજુમન આતશબેહરામમાં છેજી.

બચ્ચુ શોકરી તે સનાયા પોરસ ગોલવાલાની દીકરી. તે ઝીનોબીયાના બપઇ. તે દીનશા ગોલવાલાના બપાવા. તે ફરીદાના મમઇજી. તે અદીલના મમાવા. (ઉં. વ. ૧ દિવસ) રે. ઠે. ૧૭/એ, રુસ્તમબાગ, ત્રીજે માળે, ફ્લેટ નં.૮, ભાઇખલા-મુંબઇ.૪૦૦૦૨૭.

જાલ હોરમઝજી સાગર તે મરહુમો પીલુના ધની. તે મરહુમો હોમાય હોરમઝજી સાગરના દીકરા. તે મીનોચેર ને મરહુમો દારા ને સામના ભાઇ. તે હોમીયાર, દેલઝાદ, જીનાઇફરના કાકા. તે મરહુમો ધનમાય કાવસજી સાહેરના જમાઇ. (ઉં. વ.૮૮) રે. ઠે. ૪ બંગલો, જે. પી. રોડ, ફ્લેટ નં.૩૭, છઠ્ઠે માળે, ૧ ગુરુ નગર, અંધેરી (વે.), મુંબઇ-૪૦૦૦૬૩. ઉઠમણાંની ક્રિયા: તા. ૬-૮-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની બેનેટ નં-૬માં ડુંગરવાડી પર.

એરવદ હોશંગ મીનોચેર સુરતી તે મરહુમો ઓસ્તી પીરોજા એરવદ મીનોચેર સુરતીના દીકરા. તે એરવદ અસપી તે મરહુમો શેરુ હીરાજી ગાંધી ઓસતા વીરાફના ભાઇ. તે એરવદ ફિરદોશ ના કાકા. તે મરહુમ ઓસતી પરવી એ. સુરતી ના દેર. તે ઓસતી તનાઝના કાકા સસરા. (ઉં. વ. ૮૧) રે. ઠે. સી.એમ.બનાજી બિલ્ડિંગ, ફ્લેટ નં. ૧૬, બીજે માળે, ફોરજેટ સ્ટ્રીટ, ગોવાલીયા ટેન્ક, મુંબઇ-૪૦૦૦૩૬. ઉઠમણાંની ક્રિયા: તા. ૬-૮-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે અનજુમન આતશબહેરામમાં છેજી.

રૂસી બેહરામ ઇરાની તે મરહુમો કેટાયૂન ને બેહરામના દીકરા. તે સોરાબ શીરીન થ્રીતી અને મરહુમો અસ્પી રોશન ને હોરમઝના ભાઇ. (ઉં. વ. ૮૭) રે. ઠે. ગારડા બિલ્ડિંગ, નં. ૨૦, બીજે માળે, રૂમ. નં. ૫, પંથકી બાગ, અંધેરી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયા: તા. ૬-૮-૨૫ને ૩.૪૫ મઝગાંવની પટેલ અગિયારીમાં છેજી.

# હિન્દુ મરણ

**બાજ ખેડાવાળ બ્રાહ્મણ**

અંધેરી નિવાસી, શૈલાબેન દવે (ઉં. વ. ૭૩) તા. ૧-૮-૨૫, શુક્રવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેઓ દિલીપ નર્મદાબેન ઉમિયાશંકર દવેના પત્ની. રેશ્મી જીગર શાહના માતા. સિદ્ધના નાની. જીગર રાજેશભાઈના સાસુ. વાડીલાલભાઈ અમુલખભાઈ મેહતા તથા પ્રભાબેન વાડીલાલ (પાલનપુર)ના દીકરી. ગોપાલભાઈ તથા મહેન્દ્રભાઈના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય સહસ્ર સાઠા બ્રાહ્મણ**

ટીંટોઈ નિવાસી હાલ કાંદીવલી, સ્વ. અંજુબેન (અંજના) (ઉં. વ. ૬૬) શનિવાર, તા. ૨-૮-૨૫ના ટીંટોઈ મુકામે દેવલોક પામ્યા છે. તે જનકભાઈ અંબાલાલ ઠાકરના પત્ની. તે કેવલ, અમી, કૃપાના માતા. ભાવિનકુમાર, કૃણાલકુમાર, તનવીના સાસુ. સ્વ. પદ્માબેન પ્રવીણભાઈ, ગં.સ્વ. સુમિત્રાબેન જયંતિલાલ, સ્વ. હંસાબેન રમેશભાઈ, ગં.સ્વ. રેખાબેન સુરેશભાઈના દેરાણી. તે સ્વ. શાંતાબેન તુલસીદાસ ભટ્ટના પુત્રી. તે સ્વ. યોગેન્દ્રભાઈ તુલસીદાસ-ભારતીબેન, ગં.સ્વ. ભારતીબેન ભાલચંદ્ર, ગં.સ્વ. પ્રેમીલાબેન ભરતભાઈ, માલતીબેન લાભશંકર, અનુબેન મુકેશભાઈ, લીનાબેન ભરતભાઈના બહેન. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૭-૮-૨૫ના ૫ થી ૭, વૈષ્ણવ બેંકવેટ હોલ, ૬-એ પારેખ નગર, શતાબ્દી હોસ્પિટલની સામે, એસ.વી. રોડ, કાંદીવલી (વે). લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ નિવાસી સંઘવીનો પાડો**

પાટણ નિવાસી, વિજયકુમાર ચંદુલાલ શાહના ધર્મપત્ની ઈન્દુમતીબેન શાહ (ઉં. વ. ૮૭) હાલ મુંબઈ વરલી, તે સ્વ. સૂર્યકાંતભાઈ ચંદુલાલ શાહના ભાભી. હરીશભાઈ, ભાવનાબેનના માતુશ્રી. હેમાબેન તથા દિપકભાઈના સાસુ. મીહીર, સલોની, હર્ષ, ખુશનુના દાદી તથા સ્વ. શાંતિલાલ મૂળચંદ શાહના દીકરી તા. ૩-૮-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય બ્રાહ્મણ**

સતીષભાઈ વૈદ્ય (ઉં. વ. ૮૨) હાલ અંધેરી તા. ૨-૮-૨૫, શનિવારના રામશરણ પામેલ છે. તે સ્વ. સવિતાબેન અને સ્વ. મનુભાઈના પુત્ર. તે મિલિંદ અને મિહિરના પિતાશ્રી. સુરેશભાઈ, સુધાબેન અને સરોજબેનના ભાઈ. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૭-૮-૨૫, ૫ થી ૭. બાલાજી મંદિર, તિલક રોડ, ઘાટકોપર (પૂર્વ). લૌકિક વ્યવહાર બંધ છે.

**મોડાસા એકડા દશા ખડાયતા**

ગામ રઢોદરા હાલ કાંદિવલી, સ્વ. જ્યોત્સનાબેન શાહ (ઉં. વ. ૮૧) ૨/૮/૨૫ના ગૌલોકવાસ પામેલ છે. તે દશરથલાલ ખેમચંદ શાહના ધર્મપત્ની. જયેશ, દીપેશ, કલ્પેશ તથા શીતલના માતુશ્રી. યામિની, ડિમ્પલ, અમી તથા અવનીના સાસુ. સ્વ. હસમુખભાઈ, સ્વ. શર્મિષ્ઠાબેન, શિરીષભાઈ, કલ્પનાબેનના ભાભી. સ્વ. દ્વારકાદાસ વેણીચંદ શાહ મોડાસા હાલ માલેગાંવના દીકરી. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ૭/૮/૨૫ના ૪ થી ૬. વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**હાલાઇ ભાટિયા**

મુંબઈ નિવાસી, અજિત વૃંદાવનદાસ આશર (ઉં. વ. ૭૬) તે સ્વ. લલીતાબેન વૃંદાવનદાસ આશરના સુપુત્ર. સ્વ. હેમલત્તાબેન આશરના પતિ. દમયંતિ જીવણદાસ ગોકળગાંધીના ભાઈ, જયેશ - કિરણ ગોકળગાંધી તથા ઉષા, રજનીશ, વેદના મામા સોમવાર તા. ૪-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા નીમા વણિક**

મૂળગામ વીરપુરવાળા હાલ મલાડ, સ્વ. કમળાબેન સાંકળચંદ દેસાઈના પુત્રવધૂ તથા સ્વ. કાંતિલાલ દેસાઈના ધર્મપત્ની ગં.સ્વ કુસુમબેન દેસાઈ (ઉં. વ. ૮૨) ૨/૮/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. કમલેશ, રાજેશ, મયુર તથા તરૂલત્તાના માતુશ્રી. અલ્પા, સ્વ. મંજુલા, વનીતા, જયેશકુમાર દેસાઈના સાસુ. પિયરપક્ષે સ્વ. કમળાબેન છબીલદાસ કડકિયાના દીકરી. સર્વપક્ષની પ્રાર્થનાસભા ૭/૮/૨૫ના ૫ થી ૭. સરાફ માતૃ મંદિર, પોદ્દાર રોડ, રાની સતી માર્ગ, ગોલગાર્ડન પાસે, મલાડ ઈસ્ટ.

**મેઘવાળ**

ગામ ભાદ્રોડ હાલ મુંબઈ, સ્વ. દેવજીભાઈ અને ગં. સ્વ. મણીબેનના વાઘના પુત્ર સ્વ. ભાણજીભાઈ અને લખીબેન બોરીચાના જમાઈ, સ્વ. કૈલાશકુમાર દેવજીભાઈ વાઘ (ઉં. વ. ૪૪) તા. ૨. ૮.૨૫ના શનિવારે રામચરણ પામ્યા છે. તે ગં. સ્વ. ગીતાબેનના પતિ. સચીન હિરેનના પિતાજી. ધિરજભાઈ દિનેશ અને વિજયના ભાઈ. તેમનું (બારમું) તા. ૦૭/૦૮/૨૦૨૫ના ગુરુવારે ૫ વાગ્યે. ૭૦૭- ૬૫, હા.વીરમેઘમાયા માર્ગ તુલશીવાડી મું.૩૪

**કપોળ**

શીહોરવાળા હાલ કાંદિવલી, સ્વ. રમણીકલાલ મોહનલાલ સંઘવીના ધર્મપત્ની સરલાબેન (ઉં. વ.૮૪) તે સ્વ. મમતા અનુજીત ગાંધી અને દર્શના નિકુંજ પરીખના માતૃશ્રી. વિધી, ચાર્મી, કિંજલના નાની. રાજુલા વાળા જયાબેન અંદરજી ગોરડિયાની દિકરી શ્રીજીચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

હાલ મુંબઈ, સ્વ. પિયૂષકાંત (પીનુભાઈ) પરીખના ધર્મપત્ની ગં. સ્વ. હેમલતાબેન પરીખ (ઉં. વ. ૮૯) તા.૪-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે વિરલ પીનુભાઈ પરીખ, સોનલ નિમેશ પટેલ, રૂપલ જીજ્ઞાશુ શાહ, તેજલ જતીન શાહના માતુશ્રી. કવિતા વિરલ પરીખના સાસુ. આદિત્યના દાદી. અનિકેત, અંકિત, રિશી, ઋષભ, શર્વરીના નાની. પિયરપક્ષે લીલાવતી હરિલાલ ધારાશી શાહના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

અમરેલીવાળા ડોક્ટર કૃષ્ણકાંત નારણદાસ ગાંધી (ઉં. વ. ૯૨) તે ઇન્દુમતી કૃષ્ણકાંત ગાંધીના પતિ. સંગીતા પંકજભાઇ દોશી, શિલ્પા રાજુલભાઇ પારેખ, કવિતા બાદલભાઇ સંઘવીના પિતાશ્રી. રીતુ, નિધી, અર્પણ, રીની, શૈલી, અવની, અદિતીના નાનાશ્રી. તે સ્વ. તારાબેન, સ્વ. શામળદાસભાઇ, સ્વ. કમળાબેન, સ્વ. નગીનદાસ, સ્વ. ભદ્રાબેનના ભાઇ. તથા સ્વ. છગનલાલ લાલજી વાલિયાના જમાઇ મંગળવાર તા. ૫-૮-૨૫ના શ્રીચરણ પામેલ છે. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**નવગામ ભાટીયા**

ટંકારાવાળા સ્વ. નલીનીબેન બાબુભાઇ વેદના પુત્રી ઇલા (ઉં. વ. ૭૦) તે સ્વ. પ્રદીપ ગોવિંદ વરાડકરના પત્ની. તે અમોલના માતા. અ. સૌ. આશુના સાસુ. તે સ્વ. કિરણ તથા પ્રકાશના બેન તા. ૪-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

## ટૅરિફનો ટોર્પિડો ટ્રમ્પને પણ ઘાયલ કરશે



અમેરિકા દેવાના તોતિંગ ડુંગર હેઠળ દબાયેલું અને તેનું અર્થતંત્ર સાવ ખાડે ગયું છે એના પુરાવા આર્થિક ડેટા મારફત સતત મળતા રહ્યાં છે. પોતાને જગતજમાદારના પિતામહ ગણનારા ડોનલ્ડ ટ્રમ્પે અમેરિકાની અધોગતિની સજા વિશ્વને આપવા માટે પેનલ્ટી અને ટૅરિફના ફતવા શરૂ કરીને વૈશ્વિક અર્થતંત્રને ડહોળી નાંખ્યું છે.

જોકે, અર્થવિશ્લેષકો માને છે કે એક તો ભારત પર આ ટૅરિફના ટોરપિડોની જે અસર દેખાય છે, એટલી વિકરાળ થવાની સંભાવના ઓછી છે અને ખૂદ અમેરિકા પર તેની માઠી અસર થવાની શક્યતા વિશેષ છે.

અમેરિકાએ જગત પર પોતાની હુકૂમતશાહી ચલાવવાની લાહ્યમાં જંગી કરજ લઇને ખાઇ ખોદી છે અને હવે તે ઇચ્છે છે કે તેના પતનનો ખર્ચ અન્ય દેશ ઉઠાવે! એક માહિતી અનુસાર અમેરિકાનું દેવું માત્ર બે દાયકામાં પાંચ ટ્રિલિયન ડોલર સામે વધીને ૩૭ ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગયું છે. અમેરિકાનું અર્થતંત્ર સતત કથળી રહ્યું છે. હવે પોતાની ભૂલ સુધારવાને બદલે વોશિંગ્ટન ઇચ્છે છે કે બાકીની દુનિયા ટેરિફ, પ્રતિબંધો, દબાણ પ્રયુક્તિઓ અને ફરજિયાત જોડાણો દ્વારા ચુકવણી કરે. આ ડિપ્લોમસી નહીં, પરંતુ ડેમેજ કન્ટ્રોલ છે!

કહેવાય છે કે, બૂમરેંગ એક એવું શસ્ત્ર છે જે લક્ષ્યાંકને ઘા કરીને પાછું ફરે ત્યારે તેને યોગ્ય રીતે ઝીલવામાં ના આવે તો તે ફેંકનારે ક્યાં તો જીવ અથવા તો હાથ ગુમાવવાનો વારો આવે એવું પણ બની શકે છે. આ ટૅરિફ એવું જ બૂમરેંગ છે જે અમેરિકાને પણ ફટકો મારશે. એક રિસર્ચ રિપોર્ટ અનુસાર ભારત કરતાં અમેરિકા પર ઊંચા ટેરિફની વધુ અસર પડશે! આવો જાણવાનો પ્રયાસ કરીએ.

ભારતીય નિકાસ પર પચ્ચીસ ટકા ટેરિફની અસર ભારતની તુલનામાં અમેરિકા માટે વધુ ખરાબ રહેશે કારણ કે ઉક્ત ટૅરિફને પરિણામે અમેરિકાના જીડીપીને ફટકો પડશે, ફુગાવો ઊંચે જશે અને ડોલર નબળો પડશે. ઊંચી ટૅરિફને કારણે અમેરિકામાં ઉત્પાદન ખર્ચ વધી શકે છે અને સાથે ફુગાવો પણ વધશે. એસબીઆઇ રિસર્ચે આ દાવો કરતા જણાવ્યું છે કે, ટેરિફનો નિર્ણય અમેરિકા માટે એક પ્રકારે આત્મઘાતક નિર્ણય છે. વ્યાવસાયિક ધોરણે અમેરિકા માટે વધુ નુકસાનકારક છે.

યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારતથી આવતા તમામ માલ પર પચ્ચીસ ટકા ટેરિફ અને તે, ઉપરાંત રશિયન ક્રૂડ ઓઇલ અને લશ્કરી સાધનો ખરીદવા બદલ અનિશ્ચિત દંડ લાદવાની જાહેરાત કરી છે. અગાઉ પહેલી ઓગસ્ટથી ટેરિફની અંતિમ તારીખ હતી, પરંતુ નવા વેરા સાત ઓગસ્ટથી અમલમાં આવશે. સંશોધન અહેવાલ અનુસાર આશ્ચર્યજનક રીતે યુએસ જીડીપી, ઇન્ફ્લેશન અને કરન્સી, ભારતની તુલનામાં ડાઉનગ્રેડનું વધુ જોખમ ધરાવે છે. તાજેતરના ટેરિફ અને નબળા ડોલરની પ્રારંભિક અસરો, ખાસ કરીને ઇલેક્ટ્રોનિક્સ, ઓટો અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ જેવા આયાત પ્રત્યે સંવેદનશીલ ક્ષેત્રોમાં જોવા મળી છે અને અમેરિકામાં નવા ફુગાવાના દબાણના સંકેતો શરૂ થઇ ગયા છે.

ટેરિફ અને વિનિમય દરની હલચલની આડઅસરોને કારણે ૨૦૨૬ સુધી યુએસ ફુગાવો બે ટકાના લક્ષ્યાંકથી ઉપર રહેવાની ધારણા છે. ટૂંકા ગાળામાં યુએસ ટેરિફથી સરેરાશ યુએસ પરિવારના ખર્ચમાં લગભગ ૨,૪૦૦ ડોલરનો ખર્ચ વધવાનો અંદાજ છે, જે મુખ્યત્વે ટેરિફ-આધારિત ફુગાવાથી ઊંચા ભાવોને કારણે થઇ શકે છે.

### અમેરિકા પર ટૅરિફની કેટલીક નકારાત્મક અસર

- **ગ્રાહકો માટે મોંઘવારી:** ટૅરિફ આયાત ખર્ચમાં વધારો કરે છે, જેના કારણે માલ અને સેવાઓના ભાવ વધે છે, જે અમેરિકન ગ્રાહકો માટે મોંઘવારી નોતરશે
- **આર્થિક વૃદ્ધિને ફટકો:** ટૅરિફને કારણે વેપાર યુદ્ધો ખેલાશે અને તે આયાત - નિકાસમાં ઘટાડો કરીને અમેરિકાને આર્થિક અસ્થિરતા તરફ દોરી શકે છે.
- **સપ્લાઇ ચેઇનમાં વિક્ષેપ:** ટૅરિફ વૈશ્વિક પુરવઠા શૃંખલાઓને વિક્ષેપિત કરે છે, જે આયાતી માલ અને ઘટકો પર નિર્ભર ઉદ્યોગોને નકારાત્મક અસર કરશે.
- **ટ્રેડ પાર્ટનર્સના પ્રત્યાઘાત:** ટ્રેડ પાર્ટનર્સ ટૅરિફ બદલો લેવા વળતાં પગલાં લઈ શકે છે, જે અમેરિકન વ્યવસાયો અને નિકાસકારોને નુકસાન પહોંચાડશે. સરવાળે આ પરિબળો અમેરિકન

એ જ સાથે ઓછી આવક ધરાવતા પરિવારોને ૧,૩૦૦ ડોલર જેટલું નુકસાન થઈ શકે છે, જે ઉચ્ચ કમાણી કરનારાઓની તુલનામાં સંબંધિત બોજ કરતાં લગભગ ત્રણગણું છે, જ્યારે ઉચ્ચ આવક ધરાવતા પરિવારોને ૫,૦૦૦ ડોલર સુધીનું નુકસાન થઈ શકે છે, અલબત્ત તેમની એકંદર નાણાકીય સ્થિરતા પર ઓછી અસર પડશે.

ભારતને તો સ્વાભાવિક રીતે જ સીધી અસર થવાની છે, પરંતુ એ બાબત ધ્યાનમાં લેવી ઘટે કે ભલે યુએસ ભારતનો ટોચનો નિકાસકાર છે, છતાં ભારતે તેના નિકાસ બજારનું વૈવિધ્યીકરણ કર્યું છે અને ટોચના દસ દેશો કુલ નિકાસમાં ફક્ત ૫૩ ટકા હિસ્સો ધરાવે છે. ઇલેક્ટ્રોનિક્સ, રત્નો અને ઝવેરાત, ફાર્માસ્યુટિકલ્સ અને પરમાણુ રિએક્ટર અને મશીનરી ભારતની યુએસમાં થતી નિકાસમાં ૪૯ ટકા હિસ્સો ધરાવે છે.

અમેરિકા દ્વારા હીરા, સ્માર્ટફોન, ફાર્મા પ્રોડક્ટ્સ વગેરે પર શૂન્ય ટકાથી મહત્તમ ૧૦.૮ ટકા સુધીનો રેટ હતો. હવે તે બધા પર પચ્ચીસ ટકા ટેરિફ અને પેનલ્ટી લાદવામાં આવશે. જેનરિક દવા બજારમાં, ભારત અમેરિકાની ફાર્માસ્યુટિકલ જરૂરિયાતોનો લગભગ ૪૭ ટકા પૂરો પાડે છે. જો અમેરિકા ફાર્મા પ્રોડક્ટસ અને એપીઆઇ પ્રોડક્ટ્સને અન્ય દેશો અથવા સ્થાનિક સુવિધાઓમાં સ્થાનાંતરિત કરવાનો પ્રયાસ કરે તો અર્થપૂર્ણ ક્ષમતા માટે ઓછામાં ઓછા ત્રણથી પાંચ વર્ષ લાગે!

આમ ટૅરિફને પરિણામે અમેરિકન નાગરિકો માટે દવાની અછત અને ભાવમાં વધારો થઈ શકે છે, કારણ કે અમેરિકા ભારતના ફાર્મા નિકાસમાં ચાલીસ ટકા હિસ્સો ધરાવે છે. જો ભારત પર પચ્ચીસ ટકા ટેરિફ ચાલુ રહે છે, તો તે નાણાકીય વર્ષ ૨૦૨૬માં ફાર્મા કંપનીઓની કમાણીને બેથી આઠ ટકા સુધી અસર થઇ શકે છે, કારણ કે ઘણી મોટી ફાર્મા કંપનીઓની આવકમાં અમેરિકામાં થતી નિકાસનો મોટો ફાળો રહે છે.

ડોઇશ બેંકના મુખ્ય અર્થશાસ્ત્રીએ પત્રકારો સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે ભારત જે ટોચની વસ્તુઓની યુએસએ નિકાસ કરે છે તેમાં ઇલેક્ટ્રિકલ મશીનરીના ભાગો, કિંમતી પથ્થરો, ફાર્માસ્યુટિકલ ઉત્પાદનો, કાપડ અને રસાયણોનો સમાવેશ થાય છે.

સ્વાભાવિક રીતે, દંડાત્મક ટેરિફને કારણે આ ક્ષેત્રો સૌથી વધુ પ્રભાવિત થશે. ભારત યુએસએ સાથે વેપાર પુરાંત ધરાવે છે જે નાણાકીય વર્ષ ૨૦૧૩માં ૧૧ અબજ ડોલરથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૫ સુધીમાં ૪૩ અબજ ડોલર સુધી પહોંચી છે. એપ્રિલ-જૂન ૨૦૨૫ દરમિયાન, ભારતનો ટ્રેડ સરપ્લસ ૧૨.૭ અબજ ડોલરને સ્પર્શી ગયો છે, જે વાર્ષિક ધોરણે ૩૫.૪ ટકાનો વધારો દર્શાવે છે, ટૅરિફના ટોરપિડોથી ભારત પર ખાસ અસર નહીં પડે અને નવી દિલ્હી વેપાર કરારમાં કૃષિ, ડેરી અને આનુવંશિક રીતે સુધારેલા (જીએમ) ઉત્પાદનો પર કોઈ ડ્યુટી છૂટ નહીં આપશે, કારણ કે તેમાં રાજકીય હિત પણ સમાયેલું છે. મોટાભાગના ભારતીય માલ પહેલાથી જ યુએસની મુક્તિ શ્રેણી અંતર્ગત છે. તેથી, તેમના પર કોઈ ડ્યુટી લાગશે નહીં. અમેરિકામાં ભારતની પચાસ ટકાથી વધુ નિકાસ પર યુએસની કલમ ૨૩૨ મુક્તિને કારણે કોઈ અસર નહીં થાય.

આ ટેરિફથી ફક્ત ૪૦ અબજ ડોલરની નિકાસ જ પ્રભાવિત થશે. ૨૦૨૪-૨૫માં, ભારત અને યુએસ વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૧૩૧.૮ અબજ ડોલર (૮૬.૫ અબજ ડોલરની નિકાસ અને ૪૫.૩ અબજ ડોલરની આયાત) રહ્યો હતો. ભારત અને અમેરિકા માર્ચથી દ્વિપક્ષીય વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે. અત્યાર સુધીમાં, વાટાઘાટોના પાંચ રાઉન્ડ પૂર્ણ થયા છે. વાટાઘાટોનો છઠ્ઠો રાઉન્ડ ૨૫ ઓગસ્ટથી યોજાશે. ■

---

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## હિન્દુ મંદિરો માટે લડી રહ્યા છે આપણા બે બૌદ્ધ પાડોશી દેશ...



અંગ્રેજીમાં કહેવત છે કે when sacred stones strife, even temples ignite wars અર્થાત્ જ્યારે પવિત્ર પથ્થરો ઝઘડો ઉભો કરે ત્યારે મંદિર પણ યુદ્ધની જ્વાળાઓ ભડકાવે....

આપણે જોયું છે કે જેરુસલેમમાં કોનું ધર્મસ્થાન છે એ માટે યહૂદીઓ અને મુસ્લિમો વર્ષોથી વિવાદ કરી રહ્યા છે. મુસ્લિમોનો દાવો છે કે અહીં અમારી અલ-અક્સા મસ્જિદ અને ડોમ છે. જ્યારે યહૂદીઓ માને છે કે આ એ પહેલાં બીજા ટેમ્પલના લોકેશન છે.

આવો જ વિવાદ અયોધ્યામાં જોવા મળ્યો હતો. મુસ્લિમ ત્યાં મસ્જિદ હોવાનો અને હિન્દુઓ ત્યાં રામ મંદિર હોવાનો દાવો કરતા હતા. જોકે બીજી તરફ, થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચેનો વિવાદ અનોખો છે. અહીં ધાર્મિક સ્થળ હિન્દુ મંદિર છે એ અંગે કોઈ સંદેહ કે વિવાદ નથી. હવે આવા બે મંદિર માટે બે બૌદ્ધ દેશ વચ્ચે લાંબા સમયથી અથડામણ અને અંતે યુદ્ધ થયું છે. આ યુદ્ધ પાછળનું બીજું કારણ વંશવાદ છે અને બંને દેશના રાજકારણીઓ લોકોની રાષ્ટ્રીય ભાવનાને ભડકાવી રહ્યા છે. થાઈલેન્ડ વિસ્તારની દૃષ્ટિએ કંબોડિયા કરતાં લગભગ ૨.૮ ગણો મોટો દેશ છે. કંબોડિયા ગરીબ દેશ છે અને તેની પાસે હવાઈ દળ જ નથી. જ્યારે થાઈલેન્ડ પાસે એફ-૧૬ ફાઈટર જેટ, ડ્રોન અને બીજા હથિયારો છે. આ યુદ્ધમાં બે સુપરપાવર ચીન અને અમેરિકાનો પણ હાથ છે. કંબોડિયાને ચીનનો અને થાઈલેન્ડને અમેરિકાનો ટેકો છે. ચીને કંબોડિયામાં નૌકામથક ઊભું કર્યું છે. અમેરિકા, મલેશિયા અને ચીનની દરમિયાનગીરીને લીધે આ બે દેશ વચ્ચે યુદ્ધવિરામ થયો છે.

આ યુદ્ધવિરામ તકલાદી છે, કારણ કે તેના ભંગના દાવા-પ્રતિદાવા થઈ રહ્યા છે. મંદિર અને તેના આસપાસના ચાર કિલોમીટર વિસ્તાર અંગે આંતરરાષ્ટ્રીય અદાલતે કંબોડિયાની તરફેણમાં ચુકાદો આપી દીધો હોવા છતાં શક્તિશાળી થાઈલેન્ડ તેને માનવા તૈયાર નથી.

અમેરિકાના કંબોડિયાના ભૂતપૂર્વ રાજદૂત ચાર્લ્સ રે કહે છે તેમ બંને દેશને પર્વત પર રહેલાં મંદિરો માટે લડાઈ કરીને કશું મળવાનું નથી. જો આંતરરાષ્ટ્રીય નિરીક્ષકો નહીં રાખવામાં આવે તો યુદ્ધ ફરી ફાટી નીકળશે.

થાઇલેન્ડ અને કંબોડિયા વચ્ચે એક દાયકાથી વધુ સમયથી ચાલી રહેલા સરહદ વિવાદ અંતે ભયંકર યુદ્ધમાં ફેરવાઈ ગયો. બંને દેશો એકબીજા સામે અત્યાર સુધીનું સૌથી ઘાતક યુદ્ધ થયું, જેમાં ઓછામાં ઓછા ૧૪ લોકો માર્યા ગયા. અગ્નિ એશિયાના દેશો વચ્ચે મેના અંતમાં એક અથડામણમાં કંબોડિયન સૈનિકનું મોત થયા પછી તણાવ વધી ગયો હતો.

તાજેતરનો સંઘર્ષ ૨૮ મેના રોજ શરૂ થયો હતો, જ્યારે થાઈલેન્ડ સેના સાથે સરહદ પર થયેલી અથડામણમાં એક કંબોડિયન સૈનિકનું મોત થયું હતું. બંને પક્ષોએ ગોળીબાર સ્વબચાવમાં કરવાનો દાવો કર્યો હતો. થાઈલેન્ડનાં તત્કાલીન વડા પ્રધાન પટોંગટાર્ન શિનાવાત્રા અને ભૂતપૂર્વ કંબોડિયન નેતા હુન સેન વચ્ચે લીક થયેલા ફોન કોલથી થાઈલેન્ડમાં રાજકીય ઊથલપાથલ મચી ગઈ હતી. શિનાવાત્રાના પિતા હુનના મિત્ર હતા. શિનાવાત્રાએ એમાં પોતાના દેશના લશ્કરી જનરલ અંગે ફરિયાદ કરી હતી. અંકલ હુને જાણીબુઝીને આ ઓડિયો લીક કરતાં અદાલતે શિનાવાત્રાને સસ્પેન્ડ કર્યા હતા.

બે લડનારા દેશ અને લાઓસના સામાન્ય પ્રદેશ જેવા એમરલ્ડ ટ્રાઈએન્ગલમાં લેન્ડમાઇન વિસ્ફોટ થયો હતો, જેમાં પાંચ થાઈ સૈનિકો ઘાયલ થયા હતા. થાઈલેન્ડે યુએસ F-૧૬ ફાઇટર જેટનો ઉપયોગ કરીને કંબોડિયામાં હવાઈ હુમલો કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા ૧૧ નાગરિક માર્યા ગયા હતા અને ડઝનેક ઘાયલ થયા હતા. થાઇલેન્ડે કહ્યું છે કે, તાજેતરના સંઘર્ષમાં તેના ઓછામાં ઓછા ૧૩ નાગરિકો અને એક સૈનિકનું મોત થયું છે, જ્યારે ૧૪ સૈનિકો અને ૩૨ નાગરિકો ઘાયલ થયા છે..

**શું છે આ મંદિર વિવાદ?**

થાઈલેન્ડ અને કંબોડિયા ૮૧૭ કિમી (૫૦૮ માઇલ) જમીન સરહદ ધરાવે છે. બંને દેશોએ એક સદીથી વધુ સમયથી સરહદ પર વિવિધ અસીમિત બિંદુ પર સાર્વભૌમત્વનો વિવાદ કર્યો છે. ૨૦૦૮માં, બંને દેશ વચ્ચે ૧૧મી સદીના એક હિન્દુ મંદિર પર વિવાદ થયો હતો, જેના કારણે વર્ષો સુધી અથડામણ થઈ હતી અને ઓછામાં ઓછા ૧૨ મૃત્યુ થયાં હતાં, જેમાં ૨૦૧૧માં એક અઠવાડિયા સુધી ચાલેલા ફાયિરંગનો પણ સમાવેશ થાય છે. થાઇલેન્ડ અને કંબોડિયાનો ઇતિહાસ લાંબા સમયથી ખમેર સામ્રાજ્ય (કંબોડિયા) અને સિયામ સામ્રાજ્ય (થાઇલેન્ડ) વચ્ચેના સંઘર્ષો સાથે જોડાયેલો છે.

૧૯૦૭માં, જ્યારે કંબોડિયા ફ્રેન્ચ શાસન હેઠળ હતું, ત્યારે બંને દેશ વચ્ચે ૮૧૭ કિલોમીટર લાંબી સરહદ બનાવવામાં આવી હતી. થાઇલેન્ડે આનો વિરોધ કર્યો, કારણ કે નકશામાં કંબોડિયાના ભાગમાં પ્રીહ વિહિયર (પ્રિય વિહાર) મંદિર દર્શાવવામાં આવ્યું હતું, આજ સમયે, થાઇલેન્ડમાં તા મુએન થોમ મંદિર બતાવવામાં આવ્યું હતું, જ્યારે કંબોડિયા તેને પોતાનું માને છે.

તે થાઈ બાજુએ આવેલું છે, પરંતુ કંબોડિયા તેને પોતાનો ઐતિહાસિક ભાગ ગણાવે છે, કારણ કે તે ખમેર સામ્રાજ્ય દરમિયાન બનાવવામાં આવ્યું હતું. ખમેર સામ્રાજ્ય કંબોડિયાની એક શક્તિશાળી અને પ્રભાવશાળી સભ્યતા હતી જે ૯મી થી ૧૫મી સદી સુધી ચાલી હતી. આ સામ્રાજ્ય કંબોડિયાના ઘણા ભાગો તેમ જ લાઓસ, થાઇલેન્ડ અને વિયેતનામ પર શાસન કરતું હતું.

કોર્ટે ૧૯૬૨માં ચુકાદો આપ્યો કે મંદિર કંબોડિયાનું છે. કોર્ટે થાઇલેન્ડને તેના સૈનિકો પાછા ખેંચવાનો આદેશ આપ્યો. ત્યારબાદ થાઇલેન્ડે આ સ્વીકાર્યું, પરંતુ આસપાસની જમીન પર વિવાદ ચાલુ રાખ્યો.

### હેરિટેજ સાઇટનો મોભો મળતા ભડકો

કોર્ટે ૨૦૧૩માં ચુકાદાને સ્પષ્ટ કર્યો અને કહ્યું કે ફક્ત મંદિર જ નહીં, પરંતુ તેની આસપાસનો વિસ્તાર પણ કંબોડિયાનો છે. થાઇલેન્ડને ત્યાંથી તેની સેના સંપૂર્ણપણે પાછી ખેંચી લેવાનું પણ કહેવામાં આવ્યું. ખાટલે મોટીખોડ એ છે કે થાઇલેન્ડના લોકો અને નેતાઓ એ સ્વીકારવા તૈયાર નથી કે કંબોડિયા જેવા નાના અને ગરીબ દેશ સામે અમારે અપમાનિત થઈને પીછેહઠ કરવી પડે છે. આ અપમાનની લાગણીને લીધે જ વારંવાર અથડામણ અને યુદ્ધ થાય છે. ■


---

## આ તો સ્કેમ છે...

સ્કેમ છે..!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## જયંતી તેજાને ઉચ્ચ નેતાઓ સાથેની નિકટતા ભારે પડી?



ડૉ. જયંતી ધર્મા તેજા પર આરોપ ભલે પ્રજાના રૂપિયા ચાઉં કરી જવાનો લાગ્યો હતો, પણ આ ભાયડા માટે ખુદ દેશના વડા પ્રધાને શું દાવો કર્યો એ ખબર છે? તેણે જેટલું લીધું એના કરતા વધુ દેશને આપ્યું છે. એ વડા પ્રધાન હતા મોરારજી દેસાઈ.

આ ડૉ. તેજા પર વડા પ્રધાન જવાહરલાલ નહેરુને ભરપૂર વિશ્વાસ હતો. નહેરુ એમને ટોપ-સિક્રેટ ડિપ્લોમેટિક મિશન પણ સોંપતા હતા. આ તેજાએ ઈંદિરા ગાંધીને ખર્ચાળ મિન્ક કોટ અને નેકલેસ ભેટમાં આપ્યા હતા અને રાજીવ ગાંધી - સંજય ગાંધીના લંડનમાં રહેવાનો ખર્ચો ઉઠાવતા હોવાનો પણ આરોપ મુકાયો હતો. તેજાનો દબદબો જોઈને એકવાર બ્રિટિશ અદાલતે પૂછયું હતું કે શું તમને નહેરુના અનુગામી તરીકે તૈયાર કરાઈ રહ્યાં હતા? તેજાનો જવાબ હતો 'નો કોમેન્ટ'.

ડૉ. જયંતી ધર્મા તેજાના ઉચ્ચ અને ઉપયોગી સાથે સંબંધ બાંધવા, કેળવવા અને જાળવવાનો ગજબનાક કસબ હતો. એ નહેરુ ગાંધી પરિવાર પર ભેટ-સોગાદની વર્ષા કરતો હતો, સંસદ સભ્યોને પોતાના ક્રુઝ - શીપ પર પાર્ટીઓ આપતો હતો અને કોસ્ટા રીકાના દેશના પ્રમુખ જાણે લંગોટિયો દોસ્ત હોય એમ વર્તતો હતો.

સામે પક્ષે એવો ય દાવો કરાતો હતો કે તેજાની તીન મૂર્તિ ભવન અર્થાત્ વડા પ્રધાન નિવાસ સાથેની નિકટતા ઘણાંને આંખમાં કણાની જેમ ખૂંચતી હતી. આથી એના માટે ખોટી વાતો ઉડાડાતી હતી. તેજાએ સંજય - ગાંધીના લંડનના ખર્ચા ઉઠાવાની જુબાની તેના ભૂતપૂર્વ કર્મચારીએ આપી હતી. સંજય ગાંધી ઓટોમોબાઈલ મોગલ બને એવું તેજા ઈચ્છતો હતો.

જોકે આગળ જતા તેજાએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે 'નહેરુના વિરોધીઓએ કૌભાંડનો હાઉ ઊભો કરવા માટે મારું નામ વાપર્યું હતું. કૌભાંડથી વધુ શક્તિશાળી કોઈ હથિયાર નથી.'

તેજાએ આગળ વધીને ઘણાં દાવા કર્યાં હતા કે 'મારે તો જયંતી શિપિંગ કોર્પોરેશન શરૂ કરવું જ નહોતું પણ નહેરુએ મારા પર એ થોપી દીધું હતું. ભારતીય વહાણવટાની ઈમેજ દુનિયામાં કેવી રીતે સુધારી શકાય એના સૂચનો તેમણે જ મારી પાસે માગ્યા હતા.'

તેજા પોતાની કંપનીમાં ડચ એન્જિનિયર્સ લાવ્યો અને જાપાની જાયન્ટ મિત્સુબુશીને સામેલ કરી. શિપિંગ કંપની સડસડાટ સફળ થયા બાદ તેણે થર્મલ પાવર ઉદ્યોગમાં જવાનો પ્રયાસ કર્યો હતો.

ડૉ. જયંતી ધર્મા તેજાની જેમ એની પત્ની રંજીતા પણ સમાચાર - વિવાદમાં આવતી રહેતી હતી. લંડનથી ન્યૂ યોર્ક વચ્ચેના આંતરરાષ્ટ્રીય સમૃદ્ધ-સફળ માણસોમાં આ યુગલની ગણના થતી હતી. રંજીતા દિલ્હીમાં સંબંધ બનાવવા - જાળવવામાં પતિ માટે પૂરક - ઉપકારક સાબિત થઈ હતી.

દિલ્હીના સોશ્યલ સર્કલમાં એક સમયે રંજીતા તેજા મોટું સફળ - નામ ગણાતું હતું. એક પાર્ટીમાં રંજીતાએ નહેરુના ગાલ પર ચુંબન કર્યાની ચર્ચાએ જોર પકડયું હતું. પીઢ સામ્યવાદી સાંસદ ઈન્દ્રજીત ગુપ્તાએ સુધ્ધાં રંજીતા તેજાને 'હેલન ઑફ ટ્રોય' સાથે સરખાવી હતી.

પરંતુ જવાહરલાલ નહેરુના અવસાન બાદ તેજાના સંબંધ નવા વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રી અને એમના અંગત સચિવ ચંદ્રિકા પ્રસાદ શ્રીવાસ્તવ સાથે એકદમ કથળ્યા હતા.

ડૉ. તેજાને મળતા વિશેષાધિકાર તો બંધ થઈ જ ગયા. ઊલ્ટાનું કથિત ગોટાળા બદલ એની વિરુદ્ધ તપાસ શરૂ થઈ. ઈંદિરા ગાંધીની સરકાર આવ્યા બાદ તેજા સામે તપાસની સત્તાવાર શરૂઆત થઈ હતી. તેની જયંતી શિપિંગ કોર્પોરેશનનું સંચાલન શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ સંભાળી લીધું હતું.

તેજાનું માનીએ તો કૉંગ્રેસ અને સરકારમાંનું નહેરુ વિરોધી જૂથ પોતાની પાછળ પડી ગયું હતું. શાસ્ત્રીની હત્યાના કાવતરામાં તેજા સામેલ હોવાના આક્ષેપ સુધ્ધાં થયા હતા. અફવા એવી ફેલાવાઈ કે ૧૯૬૬ની પહેલી જાન્યુઆરીએ શાસ્ત્રીજીના મૃત્યુ વખતે તેજા તાશ્કંદમાં હાજર હતો, પરંતુ વિદેશ પ્રધાન સ્વર્ણસિંહે ખુલાસો કર્યો હતો કે શાસ્ત્રીના અવસાન વખતે તાશ્કંદમાં ઉપસ્થિત તેજા તો ત્યાંના દૂતાલયમાં માહિતી સચિવ હતો, પરંતુ એ ચર્ચાસ્પદ ડૉ. જયંતી ધર્મા તેજા નહિં. જોકે હવે તેજાનો વધુ ખરાબ સમય આવવાનો હતો. (ક્રમશઃ)■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

## અંતઃઅસ્તિ પ્રારંભઃ

# અંત એ જ નવી શરૂઆત છે...

**તાજેતરમાં** એક નવી ફિલ્મ 'સૈયારા' આવી જેને યુવાનો જોતાં જોતાં ધ્રુસકેને ધ્રુસકે રડી રહ્યા છે. ફિલ્મમાં પ્રેમની કોઈ ક્ષણ જોઈને યુવાનો બેહોશ પણ થઇ જાય છે અને એમને હૉસ્પિટલ લઇ જવા પડે છે... કેટલાક માને છે કે આ ફિલ્મ માર્કેટિંગનો હિસ્સો છે તો કેટલાક માને છે કે એ સત્ય પણ હોઈ શકે છે...સીધીસાદી કથા ધરાવતી આ ફિલ્મ જોઈને આ પાગલપન કેમ થતું હશે એવો સવાલ અનેકના મનમાં જાગે પણ ખરો..

ઘણા લોકોનો અભિપ્રાય છે કે ફિલ્મની કથામાં કશું નવું નથી. આમ છતાં ફિલ્મ જે રીતે યુવાવર્ગને પસંદ પડી રહી છે એ હકીકત જોતા બાકીનાઓએ સમજવું જોઈએ કે પસંદનો દોર બદલાઈ રહ્યો છે. એંસીના દાયકામાં 'એક દુજે કે લિયે' નામની ફિલ્મ આવી હતી, જેને જોઈને કેટલાંક દુઃખી પ્રેમીપંખીડાએ આત્મહત્યા કરી હતી. એ સમયના વડીલો તેને યુવાનોનું પાગલપન કહેતા હતા અને માનતા હતા કે આ યુવાવર્ગ મૂર્ખ છે. પ્રેમમાં આત્મઘાતી પગલાં ભરવા જોઈએ નહીં, કદાચ એ સાચા હતા, પણ યુવાનોના ટેસ્ટને સમજવામાં મોળા પડી રહ્યા હતા. આજ આપણે પણ એક ફિલ્મ કે હાલની ફેશન, યુવાનોની ઘેલછા કે પછી એમની કેટલીય વાતો જોઈને એક અભિપ્રાય આપવામાં આવે છે કે આમનું ભવિષ્ય અંધકારમય હશે.

સંસ્કૃતમાં એક ઉક્તિ છે : જીવન એક એવું અનંત ચક્ર છે જ્યાં દરેક અંત એક નવી શરૂઆતનું પ્રતીક બને છે... આ વિચારને સંસ્કૃતમાં અંતઃ અસ્તિ પ્રારંભઃ કહેવામાં આવે છે, જેનો અર્થ છે 'અંત જ નવી શરૂઆત છે.'

આ 'અંતઃ અસ્તિ પ્રારંભઃ' વિશ્વની લગભગ તમામ સંસ્કૃતિઓમાં વિવિધ રીતે લખાયેલી ગહન ફિલસોફી છે. ભારતીય દર્શન સાહિત્યમાં જીવન-મૃત્યુના ચક્ર, પુનર્જન્મ, કર્મ અને ચક્રીય સમયની વ્યાખ્યાઓને પ્રતિબિંબિત કરે છે. 'અંતઃ અસ્તિ પ્રારંભઃ' વિચારનો સાર વૈદિક ગ્રંથો, ઉપનિષદો, મહાકાવ્યો, પુરાણો અને આધુનિક સાહિત્યમાં વિવિધ કથાઓ દ્વારા વ્યક્ત થાય છે.

હાલના દાયકામાં જે ફેશન આવી છે અને ભવિષ્યમાં આવી રહી છે એ ભૂતકાળમાં હતી. યુવતીઓમાં લોકપ્રિય ફ્લોરલ ડિઝાઇન પચાસના દાયકામાં ખૂબ લોકપ્રિય બની અને નેવુંના દાયકામાં આ ફેશને લાંબો સમય રાજ કર્યું છે. આ જ


સૂર્યોદય


સૂર્યાસ્ત

ફેશન થોડા નવા ફોર્મેટમાં ચાલી રહી છે. ભવિષ્યમાં યુવાનો બેગી પેન્ટ જેવી ફેશન લઈને આવે તો નવાઈ નહીં. આખી વાતનો સાર એટલો જ છે કે જગતમાં કશું કાયમી નથી. આપણે બદલાતા યુગનો સ્વીકાર કરવાનો છે.

ભારતીય પૌરાણિક કથાઓ 'અંતઃ અસ્તિ પ્રારંભઃ ' વિચારના સમૃદ્ધ સ્ત્રોત છે. પ્રાચીન ઉપનિષદો અને મહાકાવ્યોમાં તેને વિસ્તારથી વર્ણિત કરવામાં આવ્યું છે. કઠોપનિષદમાં નચિકેતા અને યમની કથા છે. પિતા દ્વારા યજ્ઞમાં દાન કરવાને લઈને વિવાદના કારણે નચિકેતાને યમને અર્પણ કરવામાં આવે છે. નચિકેતા યમને મળે છે અને મૃત્યુ પછીના રહસ્ય વિશે પૂછે છે. યમ કહે છે કે આત્મા અમર છે. શરીરનો અંત થયા પછી તે નવા શરીરમાં પ્રવેશે છે. આ કથા દર્શાવે છે કે મૃત્યુ એ અંત નથી, પરંતુ પુનર્જન્મની શરૂઆત છે.

ભગવદ્ ગીતામાં શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે: 'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ ધ્રુવં જન્મ મૃતસ્ય ચ.' અર્થાત્, જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે અને મૃતનો જન્મ પણ નિશ્ચિત છે. ભારતીય ફિલોસોફી જીવનના ચક્રને સમજાવે છે. મહાભારતમાં કુરુક્ષેત્ર યુદ્ધનો અંત ધર્મના પુનઃસ્થાપનની શરૂઆત બની. રામાયણમાં રાવણના વધ પછી રામ રાજ્યની સ્થાપના થઈ, જે અધર્મના અંત અને ધર્મની નવી શરૂઆતનું પ્રતીક છે. શિવ પુરાણમાં શિવનું તાંડવ નૃત્ય સંહાર અને સૃષ્ટિના ચક્રને દર્શાવે છે. કામદેવને ભસ્મ કર્યા પછી શિવ એને અનોખું સ્વરૂપ આપે છે, જે અંતમાંથી નવું જીવનનું ઉદાહરણ છે.

આજની કોર્પોરેટની દુનિયામાં કશું નવું આવતું નથી, પણ જે છે એ જૂનું લાગવા લાગે છે અને નવું સર્જન થાય છે. કોર્પોરેટમાં ઘણીવાર જૂની પ્રોડક્ટ્સ અથવા વ્યવસાય પદ્ધતિઓ અપ્રાસંગિક બની જાય છે. આ ફિલસૂફી શીખવે છે કે આઉટડેટેડ થાય એને બંધ કરીને નવા આઈડિયા પર ધ્યાન કેન્દ્રિત કરો...

જે વાત કોર્પોરેટને લાગુ પડે છે એ જ વાત ફેમિલીને, તમારા જૂના ઘરને કે વર્ષોથી ઠરી ગયેલા સંબંધોને લાગુ પડે છે. સરવાળે વિકાસ કરવો હોય તો છોડમાં ખાતરપાણી કરવા પડે, નહીં તો નવું કુંડુ વસાવવાની તૈયારી કરવી પડે. કોર્પોરેટ કે લાઈફમાં કેટલાય પ્રોજેક્ટ્સ નિષ્ફળ થાય છે, આ ફિલસૂફીનું માનીએ તો એમને બંધ કરીને તેમાંથી શીખીને નવા આઈડિયા વિકસાવો.

'એમેઝોને' ૨૦૧૪માં ફાયર ફોન લોન્ચ કર્યો, પરંતુ તે નિષ્ફળ રહ્યો અને ૨૦૧૫માં બંધ કરવો પડ્યો. મોબાઈલની દુનિયાના અંતથી કંપની બેસી રહી નહીં. આ અંતમાંથી 'એમેઝોને' તેની 'એલેક્સા' અને સ્માર્ટ ડિવાઇસિસ પર ધ્યાન આપ્યું જે આજે તેની સફળતાનો પાયો છે. 'નેટફ્લિક્સે' ૨૦૧૧માં તેના જૂના DVD રેન્ટલ મોડલને અંત આપીને સ્ટ્રીમિંગ સર્વિસની શરૂઆત કરી અને આજે તે બિલિયન ડૉલરની કંપની છે. આમ એક અંતમાંથી ઓટીટી પ્લેટફોર્મ્સના નવા યુગની શરૂઆત થઈ.

આ વિચાર અનુસાર કોઈ કંપની અથવા વ્યવસાયની નિષ્ફળતા અથવા અંત ઘણીવાર નવી તકો પુનર્નિર્માણ અથવા વિકાસનું કારણ બની જાય છે.

ગ્રીક દંતકથાઓમાં ફોનિક્સનું પ્રતીક, જે રાખમાંથી ફરી જન્મ લે છે, એ કથા અંતઃ અસ્તિ પ્રારંભઃની વિભાવનાને રજૂ કરે છે. આપણા કેટલાય સ્વપ્ન રાખ બની ગયા હતા અને ભવિષ્ય ધૂંધળું દેખાવા છતાં ફરી બેઠા થયા છે ત્યારે ત્યારે ફોનિક્સ યાદ આવ્યું છે. જયારે નવી પેઢી કોઈ સિનેમા, રેસ્ટોરાં કે પછી તમારી નજરે અજુગતી જગાના વખાણ કરે ત્યારે અંતઃ અસ્તિ પ્રારંભઃ યાદ કરતાં રહેવું.

**ધ એન્ડ :**

*જે ચાલ્યું જાય છે, તે નવું લઈને આવે છે...*

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# સર્વેસર્વા સર્વશ્રી પતિદેવોનો સર્વે...


AI

**મારા** વિસ્તારમાં કેટલાક પતિ રહે છે, જે ના લખપતિ છે કે ના સભાપતિ, એ માત્ર પતિ છે- શુદ્ધ પતિ, જે બહુ ઓછી સ્ત્રીઓના નસીબમાં લખાયા હતા અને પૂર્વજન્મની શરતો મુજબ આ જન્મમાં એમને આપ્યા છે. એમની સંખ્યા મોટી છે અને એકંદરે ટકાવારી પ્રમાણે દરેક ઘરમાં એક પતિ હોય છે. એ લોકો એમના ઘરના ડ્રોઈંગ રૂમમાં નરમ સોફા પર અથવા ખુરશી પર પોતાનું ફાંદત્વ લઈ બેસી રહે છે. એ ક્યારેક રસ્તા પર નજર કરી લે છે અથવા ઘરની છતને તાક્યા કરે છે અથવા છાપું વાંચે છે. એમના ગળામાં એક અદ્રશ્ય સાંકળ બાંધેલી જોવા મળશે, જે અંદર કિચનમાં કામ કરતી એની પત્નીના હાથમાં હોય છે.

આ પત્ની સમય થાય એટલે છોડી પણ દે છે અને ત્યારે એ લોકો રસ્તા પર ટહેલતા જોવા મળે છે અથવા ઓફિસ જતા દેખાય છે. એ લોકો જેવી સિઝન હોય તેવા કપડા પહેરીને નીકળે છે. વરસાદમાં એ લોકો છત્રી સાથે જ હોય. પતિઓ એકબીજાને મળે ત્યારે ખુશ થાય છે. એ લોકો રસ્તા પર એકલા જ જોવા મળે છે, તો પણ એમના ચહેરા પરથી સ્પષ્ટ દેખાય કે એ લોકો બિચારા એકલા નથી, પણ એ કોઈ સ્ત્રીના પતિ છે.

એમનો જન્મ થયો ત્યારથી જ એ પતિ ન હતા અને એમને અનુમાન પણ નહોતું કે પોતે ઓપતિ થઈ જશે, પરંતુ મોટા થયા ત્યારે સ્ત્રીઓની આસપાસ ગયા તો જાણતા- અજાણતા જ પતિપણું કરવા લાગ્યા અને જોત જોતામાં એક દિવસ પતિ બની ગયા. એમને ખબર પડી કે પતિ બનવું એ એમની નિયતિ હતી, જે એમના નસીબમાં જ લખ્યું હતું અને ત્યારે એમને પોતાના પર આશ્ચર્ય પણ થાય છે.

લગ્નના લાંબા સમય પછી એ લોકો વિચારે છે કે શું કરી શક્યા હોત! પતિ થવા સિવાય બીજું એ લોકો શું શું કરી શક્યા હોત? એક વખત પતિ થઈ ગયા પછી એમણે લગાતાર પતિ જ બની રહેવું પડે છે.

મારા વિસ્તારમાં રહેતા પતિઓની તો આવી જ સ્થિતિ છે. પતિઓને હંમેશાં કામ કરતા જ જોઉ છું, જેમ કે એ લોકો ઘણી વખત હાથમાં થેલી લઈ બજાર જતા અથવા પાછા આવતા દેખાય છે. એ લોકો સામાનથી લદાયેલા બસ સ્ટોપ પર ઊભેલા અથવા પાયદાન પર લટકેલા હોય છે. એ હાથમાં પાવડો લઈ બાગકામ કરે છે, નળમાંથી પાણી ભરે છે અને ઘરનો ભારે સામાન એક જગ્યા પરથી બીજી જગ્યા પર ખસેડે છે. કેટલાક પતિને સાઈકલ અથવા સ્કૂટર પણ મળ્યા છે એટલે એ લોકો કામ જલદી કરે છે. સ્કૂટર મળવાથી એક સામાન્ય પતિ પણ બે પતિ જેટલું કામ કરે છે અને ઘરે જલદી પાછા આવે છે.

આ પતિઓના અમુક શોખ હોય છે, જેમ કે પોતાના કપડા ઇસ્ત્રી કરવાના, તમાકુવાળું પાન ખાવાનું અથવા સિગારેટ પીવાનું, પડોશના પતિ સાથે તાશ-પત્તા અથવા શતરંજ રમવાનું અને રસ્તા પર લટાર મારવાની.

કેટલાક ને આ સગવડ મળી હોય છે કેટલાક ને નહીં. રાત્રે મોડા ઘરે આવવાની સગવડ લગભગ કોઈને મળતી જ નથી. પતિઓના મનોરંજન માટે ઘરમાં રેડિયો, ટીવી જેવી સગવડ પણ રાખવામાં આવે છે.

આ પતિસમૂહ વચ્ચે કેટલાક પતિ જાતે વિચારી પણ શકતા હોય છે. એમના આ અવગુણને કારણે પત્નીથી અસહમત થઈ જાય છે. આવી સ્થિતિમાં એ સારા પતિ નથી કહેવાતા. પત્ની જે કહે તે માને આવા પતિઓની સરખામણીમાં એમને ખરાબ ગણવામાં આવે છે. એવું કહે છે કે જે વધારે પ્રમાણમાં પતિ હશે તે એટલો જ સારો પતિ હશે. એવું પણ માનવામાં આવે છે કે સારા પતિ હોવું જ સંસ્કારી માણસની ઓળખ છે. જોકે, જ્યાં સભ્યતાનો વિકાસ નથી થયો, એમાં પણ ઘણા નક્કર, ટકાઉ અને વિશ્વાસુ હોય એવા પતિ હોય છે.

**આ સમસ્યા વિચારવા જેવી છે કે પતિ હોવાથી સભ્યતાને શું સંબંધ છે?**

આજના જમાનામાં એવી ફરિયાદ હોય છે કે, માર્કેટમાં સારા પતિ ઝટ મળતા નથી. આ સમસ્યા પહેલાં પણ હતી, હવે વધી ગઈ છે. પુરુષ જન્મથી પતિ નથી હોતો, પણ ધીમે ધીમે બની જાય છે અથવા તો પતિ બનવાનું શીખી જાય છે. એ એના પપ્પા પાસે પતિ બનવાનું શીખે છે. લાંબો અનુભવ અને કેટલીક ભૂલો અને ખામીઓ પછી જ માણસ સારો પતિ બની શકે છે. સ્ત્રી જ પુરુષને પતિ બનાવે છે અને એ પણ સાચું છે કે મજબૂરી જ પુરુષને પતિ બનાવે છે. એકદમ સારા શબ્દમાં કહીએ તો માણસ માટે પતિ બનવું એક અભિશાપ છે.

સામાન્ય રીતે બધા ઘરમાં પતિને ખુશ રાખવામાં આવે છે. એ લોકોને સારું ખવડાવામાં આવે છે અને ઠંડીની સિઝનમાં સ્વેટર ગૂંથીને પહેરાવાય છે. ક્યારેક એ લોકો સિનેમા પણ જોઈ શકે છે અને મિત્રોને પણ બોલાવી શકે છે. આ બધું એ વાત પર નિર્ભર છે કે કયો પતિ કેટલો કામનો છે! આ બધુ પતિ પર નિર્ભર કરે છે કે એ પોતાને કેટલો યોગ્ય સાબિત કરે છે.

પતિ માટે આશા રાખવામાં આવે છે કે એ સસ્તો, સુંદર, ટકાઉ અને મજબૂત હોય. દેખાવમાં સુંદર, સ્વસ્થ, ઈમાનદાર અને ઓછા ખર્ચમાં મળતો પતિ સામાન્ય રીતે યોગ્ય ગણાય છે. સારા પતિ માટે થોડો ખર્ચ કરવો પડે તો એમાં કોઈ નુકસાન નથી. જે પતિને થોડા પ્રેમથી પટાવાથી તે પતિ બની જતા હોય અને પછી એ ટકાઉ અને ઉપયોગી પણ સાબિત થયા હોય, એ ઘર માટે ગર્વ અને શોભાની વાત છે.

પ્રેમથી પતિને પટાવવો આસાન છે, પણ હા, એ માટે છોકરીએ શરૂઆતમાં થોડી ઘણી મહેનત કરવી પડે છે. શરૂઆતનો પ્રેમ લાભ પણ આપે છે, કારણ કે પ્રેમમાં આંધળો પતિ ઘર છોડીને ક્યાંય જઈ નથી શકતો અને આ રીતે એ ટકાઉ સાબિત થાય છે.

મારા વિસ્તારના પતિની હાલત સામાન્ય રીતે સારી છે. એ લોકોને પોકેટ મની મળી જાય છે અને એમની થોડી ઘણી જીદ, જેમ કે ગંજી, ટાઈ, જેવી માગ પૂરી કરવામાં આવે છે. એ લોકોને બસમાં આવવા જવાની સગવડ પણ મળે છે, પરંતુ લગભગ પિસ્તાલીસ ટકા પતિઓ ચાલીને જ ઓફિસ જાય છે.

બીજા વિસ્તારના પતિઓની પરિસ્થિતિની સરખામણી મારા વિસ્તારના પતિઓ સાથે જરૂર કરવી જોઈએ,પણ હાલ ઘરના કામમાં વ્યસ્ત હોવાથી આ કરવું શક્ય નથી. ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# ચોકલેટનો ચસ્કો અત્ર-તત્ર સર્વત્ર...



'આજનો યુગ સ્વાદ પ્રિય છે. નાના બાળકોથી અબાલ વૃદ્ધને અવનવી વેરાઈટીનો ચસ્કો લાગેલો છે.!?' તેમાંય ચોકલેટની વાત આવે એટલે મોમાં મીઠું મધુર ઝરણું દોડવા લાગે. આજે તો કોફી, ચોકલેટ, બોર્નવિટા ઉપરાંત દૂધની સાથે કે અન્ય આઈટમનો ખજાનો જોવા મળે છે. હવે તો ચોકલેટમાંથી બનતી કેક, કુલ્ફી, ગોલા, આઈસક્રીમની સાથે જ ચોકલેટમાંથી અવનવી ભાત ભાતની સિલ્વર, ગોલ્ડન પેકમાં મસ્ત ચોસલાવાળી ચોકલેટ ખાવાનો ક્રેઝ જોવા મળે છે. જન્મદિવસ હોય ત્યારે ચોકલેટ આપે અને ખાસ ડેકોરેટીવ કેક કાપીને જન્મદિવસ મનાવવામાં આવે છે અને વિવિધતાસભર સ્વાદિષ્ટ ચોકલેટમાંથી કેક હવે સગાઈ કે લગ્ન પ્રસંગમાં પણ જોવા મળે છે. હવે તો ચોકલેટ, કેકની અલાયદી સોપ જોવા મળે છે. તો આજે ચોકલેટ વિશે વિસ્તૃત માહિતી મેળવીએ.

ચોકલેટ એ શેકેલા અને પીસેલા કોકો બિન્સમાંથી બને છે, જે પ્રવાહી, ઘન અથવા પેસ્ટ હોઈ શકે છે, કાં તો અન્ય ખોરાકને સ્વાદ આપવા માટે બનાવાય છે. કોકો બિન્સ એ કોકો વૃક્ષ (થિયોબ્રોમા કોકો) ના પ્રોસેસ્ડ બીજ છે. તેમને સામાન્ય રીતે સ્વાદ વિકસાવવા માટે આથો આપવામાં આવે છે, પછી સૂકવવામાં આવે છે, સાફ કરવામાં આવે છે અને શેકવામાં આવે છે. શેલને દૂર કરવામાં આવે છે જેથી નિબ્સ દેખાય, જે ચોકલેટ પીસેલા પણ હોય છે : રફ સ્વરૂપમાં ભેળસેળ વગરની ચોકલેટ. તેના બે ઘટકો, કોકો સોલિડ્સ અને કોકો બટરને અલગ કરવા માટે પ્રક્રિયા કરી શકાય છે, અથવા તેને મીઠા વગરની બેકિંગ ચોકલેટ તરીકે આકાર આપી શકાય છે અને વેચી શકાય છે. ખાંડ ઉમેરીને, મીઠી ચોકલેટ બનાવવામાં આવે છે, જે ડાર્ક ચોકલેટ તરીકે ઓળખાય છે. દૂધ ઉમેરીને તેને દૂધ ચોકલેટ બનાવી શકાય છે. કોકો બટર સાથે અને કોકો સોલિડ્સ વિના દૂધ ચોકલેટ બનાવવાથી સફેદ ચોકલેટ બને છે. ચોકલેટ કોકો બિન્સમાંથી બનાવવામાં આવે છે, જે કોકો વૃક્ષ (થિયોબ્રોમા કોકો)ના સૂકા અને ઘણીવાર આથોવાળા બીજ છે, જે દક્ષિણ અમેરિકામાં રહેતું એક નાનું, ૪-૮ મીટર (૧૩-૨૬ ફૂટ) ઊંચું સદાબહાર વૃક્ષ છે. સૌથી સામાન્ય જીનોટાઇપ એમેઝોન બેસિનમાં ઉદ્ભવ્યું હતું અને ધીમે ધીમે માનવીઓ દ્વારા સમગ્ર દક્ષિણ અને મધ્ય અમેરિકામાં પરિવહન કરવામાં આવ્યું હતું. અન્ય જીનોટાઇપના પ્રારંભિક સ્વરૂપો પણ હવે વેનેઝુએલા વિસ્તારમાં મળી આવ્યા છે.

વૈજ્ઞાનિક નામ, થિયોબ્રોમાનો અર્થ 'દેવતાઓનો ખોરાક' થાય છે. કોકો પોડ તરીકે ઓળખાતું આ ફળ અંડાકાર, ૧૫-૩૦ સેમી. (૬-૧૨ ઇંચ) લાંબું અને ૮-૧૦ સેમી. (૩-૪ ઇંચ) પહોળું, પીળાથી નારંગી રંગનું થાય છે, અને પાક્યા પછી તેનું વજન લગભગ ૫૦૦ ગ્રામ (૧.૧ પાઉન્ડ) હોય છે. કોકો વૃક્ષો નાના, નીચલા સ્તરના વૃક્ષો છે જેમને સમૃદ્ધ, સારી રીતે પાણી નિતારેલી જમીનની



જરૂર હોય છે. કોકો વૃક્ષનો જીનોમ ૨૦૧૦માં ક્રમબદ્ધ કરવામાં આવ્યો હતો. પરંપરાગત રીતે, કોકોને ત્રણ જાતોમાં વિભાજિત માનવામાં આવતું હતુંઃ ક્રિઓલો, ફોરાસ્ટેરો અને ટ્રિનિટારિયો. નવા આનુવંશિક સંશોધનમાં આ વિભાજન માટે આનુવંશિક સમર્થન મળ્યું નથી અને તેણે અગિયાર આનુવંશિક ક્લસ્ટરો ઓળખી કાઢ્યા છે.



ચોકલેટ એ વિશ્વમાં સૌથી લોકપ્રિય ખોરાક પ્રકારો અને સ્વાદોમાંનો એક છે, અને ચોકલેટ સાથે સંકળાયેલા ઘણા ખાદ્ય પદાર્થો અસ્તિત્વમાં છે, ખાસ કરીને મીઠાઈઓ, જેમાં આઈસક્રીમ, કેક, મૌસ અને કૂકીઝનો સમાવેશ થાય છે . ઘણી કેન્ડી મીઠી ચોકલેટથી ભરેલી હોય છે અથવા કોટેડ હોય છે. ચોકલેટ બાર કાં તો ઘન ચોકલેટ અથવા ચોકલેટમાં કોટેડ અન્ય ઘટકોથી બનેલા હોય છે, તેને નાસ્તા તરીકે ખાવામાં આવે છે. ક્રિસમસ, ઇસ્ટર, વેલેન્ટાઇન ડે અને હનુક્કા સહિત ચોક્કસ પશ્ચિમી રજાઓ પર વિવિધ આકારોમાં મોલ્ડ કરેલી ચોકલેટની ભેટો આપવાની પરંપરા છે. ચોકલેટનો ઉપયોગ ઠંડા અને ગરમ પીણાંમાં પણ થાય છે, જેમ કે ચોકલેટ દૂધ, ગરમ ચોકલેટ અને ચોકલેટ લિકર . ઓછામાં ઓછા ૫,૩૦૦ વર્ષ પહેલાં આજના ઇક્વાડોરમાં કોકોના ઝાડનો ઉપયોગ સૌપ્રથમ ખોરાકના સ્ત્રોત તરીકે થયો હતો.

મેસોઅમેરિકન સભ્યતાઓ કોકો પીણાંનો વ્યાપકપણે ઉપયોગ કરતી હતી, અને ૧૬મી સદીમાં, આ પીણાંમાંથી એક, ચોકલેટ, યુરોપમાં રજૂ કરવામાં આવ્યું હતું. ૧૯મી સદી સુધી, ચોકલેટ એ સામાજિક ઉચ્ચ વર્ગ દ્વારા પીવામાં આવતું પીણું હતું. ત્યારબાદ, તકનીકી અને કોકો ઉત્પાદનમાં પરિવર્તનને કારણે ચોકલેટ એક નક્કર, મોટા પાયે વપરાશમાં લેવાતો ખોરાક બન્યો. આજે, મોટાભાગના ચોકલેટ માટે કોકો બિન્સ પશ્ચિમ આફ્રિકન દેશોમાં,ખાસ કરીને આઇવરી કોસ્ટ અને ઘાનામાં ઉત્પન્ન થાય છે, જે વિશ્વના કોકો પુરવઠામાં લગભગ ૬૦% ફાળો આપે છે. આજે ચોકલેટ અત્ર, તત્ર, સર્વત્ર અનેકાનેક સ્વરૂપમાં ખાવાની અનેરી મોજ આપે છે. ■

ટૂંકુ ને ટચ
feedback@bombaysamachar.com

# વજન ઘટાડવું હવે બનશે સરળ...

**સ્વાદનો** ભોગ આપ્યા વિના વજન ઘટાડી શકાય છે. આ ૬ સરળ અને સ્વાદિષ્ટ ડિનરની વાનગીઓ અપનાવો, જે તમારા આહારને સ્વસ્થ અને રસપ્રદ બનાવશે.

શું તમને પણ લાગે છે કે વજન ઘટાડવા માટે તમારે સ્વાદનો ભોગ આપવો પડશે? તો એક મિનિટ રાહ જુઓ! યોગ્ય ડિનર પસંદ કરવાથી માત્ર વજન ઘટાડવામાં મદદ મળે છે, પણ તમારી ભૂખ પણ સંતોષાય છે. અહીં અમે છ સરળ અને સ્વાદિષ્ટ ડિનરની વાનગીઓ લાવ્યા છીએ જે તમારા આહારને સ્વસ્થ અને રસપ્રદ બનાવશે.

**મિશ્ર શાકભાજી સૂપઃ**

મિશ્ર શાકભાજીનો સૂપ પેટ ભરે છે અને પાચનમાં મદદ કરે છે. આમાં તમે ગાજર, કઠોળ, કોબી અને વટાણા જેવા શાકભાજી ઉકાળી શકો છો અને કાળા મરી અને લીંબુ સાથે સ્વાદ વધારી શકો છો.

**શેકેલા પનીર સલાડઃ**

પનીરને હળવાશથી ગ્રીલ કરો અને તેમાં કાકડી, ટામેટા, કેપ્સિકમ અને કોબી મિક્સ કરો. ઉપર થોડું ઓલિવ તેલ અને લીંબુ ઉમેરો.

**મૂંગ દાળ ખીચડીઃ**

મગ દાળ અને ચોખામાંથી બનેલી ખીચડી પેટ માટે હળવી હોય છે અને વજન ઘટાડવામાં મદદ કરે છે. સ્વાદને અકબંધ રાખવા માટે તેમાં થોડું ઘી અને હળદર ઉમેરો.

**ઓટ્સઃ**

ઓટ્સ બનાવવા માટે, તેમને હળવા શેકી લો અને



તેમાં ડુંગળી, ગાજર, કઠોળ, સરસવ અને કઢી પત્તા ઉમેરો. આ એક સ્વાદિષ્ટ અને પૌષ્ટિક રાત્રિભોજન છે જે વજન નિયંત્રિત કરવામાં પણ મદદ કરે છે.

**શાકભાજી પુલાવઃ** આ એક ઉચ્ચ પ્રોટીન અને ઓછી કેલરી ધરાવતું અનાજ છે. તમારી પસંદગીના શાકભાજી ઉમેરીને પુલાવ બનાવો. હળવા મસાલાથી બનેલ આ પુલાવ વજન ઘટાડવા માટે એક શ્રેષ્ઠ વિકલ્પ છે.

**દુધી અને રોટલીઃ** જો તમને યોગ્ય ભોજન ખાવાનું મન થાય, તો તમે ઘીમાં ટામેટાં ઉમેરીને સાદી દુધીનું શાક બનાવી શકો છો અને તેની સાથે બે રોટલી ખાઈ શકો છો. ■

# અજબ ગજબની દુનિયા


હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## હરિકાની હિંમતને સલામ



તાજેતરમાં દેશવાસી ચેસની અવ્વલ ખેલાડી કોનેરુ હમ્પીને પરાસ્ત કરી ચેસમાં વર્લ્ડ ચેમ્પિયન બનેલી દિવ્યા દેશમુખના ગુણગાન ચારે દિશામાં ગાઈ રહ્યા છે. અલબત્ત, એ એની હકદાર પણ છે. રમતના રસિયાઓ આ તબક્કે ત્રણ વર્ષ પહેલા ચેન્નઈમાં રમાયેલી ચેસ ઓલિમ્પિયાડ અને એમાં સહભાગી થયેલી ભારતીય શતરંજની ગ્રાન્ડમાસ્ટર હરિકા દ્રોણાવલીના પર્ફોર્મન્સને સંભારી રહ્યા છે. એ સ્પર્ધા ઐતિહાસિક મહત્ત્વ એટલા માટે ધરાવે છે કે ભારતીય પુરુષ ટીમ કોઈ મેડલ નહોતો મેળવી શકી, જ્યારે આપણી મહિલા ટીમ ચેસ ઓલિમ્પિયાડમાં પ્રથમ વાર મેડલ મેળવવામાં સફળ રહી હતી. એ સફળતામાં કોનેરુ હમ્પી હતી અને અન્ય ખેલાડીઓ સાથે હરિકા દ્રોણાવલી પણ ટીમમાં હતી. એ સમયે આઠ મહિનાની ગર્ભવતી હોવા છતાં હરિકા સહભાગી થઈ અને પડકારને ઈતિહાસમાં ફેરવી નાખ્યો. ૧૩ વર્ષની ઉંમરે શતરંજ રમવાનું શરૂ કરનારી હરિકાનું સપનું હતું કે ભારતને મેડલ મળે. ચેન્નઈની સ્પર્ધા વખતે ઉજળા સંજોગો હતા એટલે સગર્ભા હોવા છતાં દેશનું નામ રોશન થાય એ માટે સ્પર્ધામાં ઉતરી અને ફતેહ મેળવી. હરિકાને યાદ કરવી એ આપણી ફરજ છે.

## કોલિન કાઉડ્રેની કમાલ



ઓવલના મેદાન પર સોમવારે ભારતે મેળવેલો દિલધડક વિજય અનેક કારણોસર દેશવાસીઓની સ્મૃતિમાં અકબંધ રહેશે. જોકે, ઈંગ્લેન્ડ માટે હોઠ નજીક આવેલો જામ ઢોળાઈ ગયો જેવી પરિસ્થિતિ થઈ. અલબત્ત, વિજય માટે ૧૭ રન બાકી હતા ત્યારે ડાબા ખભામાં તીવ્ર ઈજા અને ભયંકર દુખાવા સાથે બેટિંગ કરવા આવેલા ફાસ્ટ બોલર ક્રિસ વોક્સનો લડાયક મિજાજ ઈંગ્લેન્ડની ટીમ માટે અનોખું સંભારણું બની રહેશે. ૧૯૬૩માં લોર્ડ્સમાં રમાયેલી ઈંગ્લેન્ડ - વેસ્ટ ઈન્ડિઝ સિરીઝમાં પણ પ્લાસ્ટર બાંધી ઈંગ્લેન્ડનો ખેલાડી મેદાનમાં ઊતર્યો હોવાની ઘટના બની હતી. એ ખેલાડી હતો અગ્રણી બેટ્સમેન કોલિન કાઉડ્રે. ટીમનો સ્કોર ૩ વિકેટે ૭૨ હતો ત્યારે વિન્ડિઝના ઝંઝાવાતી ફાસ્ટ બોલર વેસ્લી હોલનો બોલ વાગતા કાઉડ્રેના ડાબા હાથની કોણીમાં ફ્રેક્ચર થવાથી પેવેલિયનમાં બેસી રહેવું પડ્યું હતું. રસાકસીપૂર્ણ મેચમાં વિજય માટે પાંચ રન બાકી હતા ત્યારે મેચની અંતિમ ઓવરના ચોથા બોલે ઈંગ્લેન્ડની નવમી વિકેટ પડી હતી. એ સમયે કાઉડ્રે હાથમાં પ્લાસ્ટર સાથે ટીમનું ટાણું સાચવી લેવા મેદાનમાં ઊતર્યા હતા. દસમા નંબરનો ખેલાડી બીજા છેડે રન આઉટ થયો હોવાથી કાઉડ્રેએ રમવું પડે એમ નહોતું. નવમા નંબરના ખેલાડી ડેવિડ એલને બાકી રહેલા બે બોલ રમી કાઢ્યા અને મેચ ડ્રો થઈ. કાઉડ્રેના બેટની જરૂર ન પડી, પણ એની હિંમત ખપ લાગી.


## વિદ્યાર્થીઓને શિક્ષણ કે શિક્ષા!



‘પઢેગા ઈન્ડિયા તો બઢેગા ઈન્ડિયા’ જેવું આકર્ષક સ્લોગન તૈયાર કરવું એક વાત છે અને એનો અમલ સર્વાંગી રીતે થાય એની ખાતરી કરવી એ અલગ વાત છે. આજનો બાળક આવતી કાલનો નાગરિક છે. એ બાળક શિક્ષિત થાય એ જવાબદારી શાસનની છે.

જોકે, મહારાષ્ટ્રના નાશિક શહેરના હેડપાડા ગામના બાળકોની અવસ્થા જોયા પછી એમને શિક્ષણ મળે છે કે શિક્ષા (સજા) એવો સવાલ થયા વિના રહે નહીં. પ્રાથમિક શાળામાં ભણવા જતા બાળકો માટે યુનિફોર્મ, પુસ્તકો અને કંપાસ બોક્સ સાથે પાણીની ભયજનક સપાટીમાં જાળવીને ‘મારે જાવું હેમખેમ પેલે પાર’ પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે. એમાંય ચોમાસાના સમયમાં વરસાદને કારણે નદી છલકાય ત્યારે વાલીઓ બાળકોને પીઠ પર બેસાડી કે ખભે ઊંચકી નિશાળે મૂકવા - લેવા જાય છે. આ વ્યાયામ એટલા માટે કરવો પડે છે કે એક કાંઠે રહેલા ગામથી બીજે કાંઠે આવેલી શાળા સુધી પહોંચવા એક બ્રિજ પણ નથી. કેટલાક પેરન્ટ્સ આ જહેમત નથી ઉઠાવી શકતા, જેને કારણે એમનાં બાળક ભણતરથી વંચિત રહી જાય છે. આ તકલીફને કારણે હેડપાડાની જિલ્લા પરિષદની શાળામાં ભણવા આવતા વિદ્યાર્થીઓની સંખ્યા દિવસે દિવસે ઘટતી જાય છે અને અત્યારે હિંમત રાખી નદી ઓળંગી આવતા વાલીઓનું મનોબળ ભાંગી જશે તો પૂરતી સંખ્યાના અભાવે કદાચ શાળા બંધ થઈ જશે એવો ભય સતાવી રહ્યો છે.

## અકેલા હૈ કેલા, તો ક્યા ગમ હૈ, બસ એક જરા ઈમોશન હો તેરા



જામનગર હોય કે જાપાન કે જર્મની, વીણી વીણીને ખરીદી કરવી એ સર્વકાલીન અને સર્વસ્થળીય ભાવના છે. દરેક સુપરમાર્કેટમાં એક અટૂલું ટમાટર કે નારંગી અથવા કેળું ‘આ લેવા જેવું નથી’ કહી ત્યાગી દેવામાં આવતું હોય છે. અંતે આ ત્યક્તા વસ્તુ બગડી જાય છે અને કચરામાં પધરાવી દેવામાં આવે છે. મોટે પાયે થતો બગાડ અને નુકસાન થતા અટકાવવા જર્મનીના સુપર માર્કેટે એક અલાયદો આઈડિયા અજમાવ્યો છે. એકલવાયા કેળાને SAD SINGLES (એકલવાયા દુ:ખી)નું લેબલ મારી ‘અમને તરછોડશો નહીં, અમને પણ ખરીદો’ જેવી લાગણીશીલ અપીલ કરવામાં આવી. આ વાત ગ્રાહકોના ધ્યાનમાં આવતા કેટલાક લોકોની આંખના ખૂણા ભીના થયા તો એવા પણ હતા જેમણે ‘સો ક્યુટ’ જેવી કોમેન્ટ કરી. અગાઉ એકલવાયા ટમાટર HAPPY SINGLES (એકલવાયા આનંદી) તરીકે વેચાણ કરવામાં આવ્યું હતું. જોકે દુ:ખી ભાવનાવાળા કેળાનું વેચાણ આનંદી ટમાટર કરતાં વધુ થયું. એટલું જ નહીં, ‘અમે દુ:ખી છીએ’ કેળાનો ઉપાડ વધવાથી કેળાના એકંદર વેચાણમાં ૫૮ ટકાનો ઉછાળો નોંધાયો. આનંદમાં સહભાગી થવા કરતા લોકો દુ:ખમાં મદદ કરવા વધુ તત્પર હોય છે.

## લ્યો કરો વાત!

*ટેક્નોલોજીમાં કેવી કેવી પ્રગતિ થઈ રહી છે એ જાણ્યા પછી આવતી કાલે શું થશે એની કલ્પના ધ્રુજાવી દે છે. એમાંય ચીન તો એવું કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યું છે કે વાત ના પૂછો. રોબોટ - યાંત્રિક માનવીની મદદ તો વિવિધ ક્ષેત્રમાં લેવાઈ રહી છે. હોટેલથી માંડી ઓપરેશન થિયેટર સુધી નજરે પડતો આ રોબોટ હવે એક ડગલું આગળ વધ્યો છે. અત્યાર સુધી આ યાંત્રિક માનવની બેટરી બદલવાનું કામ સાચુકલા માણસે કરવું પડે છે. ચીને એવી યંત્રણા વિકસાવી છે જેમાં પાવર ઘટી ગયો છે એ જાણ રોબોટને થાય છે અને અને એ જાતે બેટરી બદલાવી નાખે છે, બોલો...! પરિણામે રોબોટ ક્યારેય પાવર વિનાનો નથી રહેતો. એક રીતે જોતા એનો પાવર વધી રહ્યો છે, બરાબર ને!*

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**ધણીનું ધાર્યું થાય તો ધણિયાણી શું કરે?**
* ધમાલ.

**પ્રેમ રાહમાં કંટકો હોય. ફૂલ ક્યારે આવે?**
* લગ્નના હારતોરા થાય ત્યારે...

**રોજ રામાયણ થાય. તો મહાભારત ક્યારે?**
* એનોય વારો આવે મહિને ઘરખર્ચ દેતી વખતે...

**અપશુકન ક્યારે થાય?**
* લેણદાર અચાનક સામો ભટકાય ત્યારે...

**કેવી બુદ્ધિનું પ્રદર્શન થાય ?**
* અલ્પ બુદ્ધિ અને મંદ બુદ્ધિનું....

**દેવાળું કેમ ફૂંકી દેવાય?**
* ફૂંકે નહીં તો ફેલાઈ જાય!

**ઘરવાળીના જોર- જુલમને શું કહેવાય?**
* જોરૂ કા જુલમ...

**બેગમને ન ગમે તો?**
* ગમગીન રહેવું પડે.!

**ડાહી સાસરે ના જાય તો?**
* પતિએ સાસરે જવું પડે...

**જાય તેલ લેવા...તો દૂધ- ઘી કેમ નહીં?**
* એ બન્ને મોંઘાં પડે...

**માગ્યા વિના ના પીરસે. તો શું ખાવાનું?**
* બગાસાં!

**કેવા જલસા બધાને ગમે?**
* પારકા પૈસે થતા જલસા...

**નવયુગલ -નવદંપતી હોય તો દસ દંપતી કેમ નહીં?**
* દશાનંદ રાવણનો શ્રાપ લાગે....

**કયો ધર્મ વધુ બદનામ?**
* સગવડિયો ધર્મ!

**લગ્ને લગ્ને કુંવારા કેવા હોય?**
* અગેઈન અને અગેઈન કુંવારા...

**બુંદ કી બિગડી હૌજ સે નહીં સુધરતી. નવી કહેવત શું?**
* ‘ઈડી’ સે બિગડી...ઈન્કમ ટેક્સ સે નહીં સુધરતી !

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

## આંખ: ખુમારીનો આયનો...

ઓ...હો! આંખોનો પ્રયોગ ચોવકોમાં શરીરમાં કેટલું મહત્ત્વ ધરાવે છે, આંખમાં રજ પડે તો પણ રાડ નીકળી જાય, એ જ આંખમાં માણસ પણ ઓળખાય. માણસના વ્યક્તિત્વ અને સમત્વનું પ્રતિબિંબ પડે છે. આંખ પરિપકવતાનો પ્રભાવ પણ પાડે છે. આપણી આંખ ચોવક છે, **‘અખ કાંણી કજે, ડિસ કાંણી ન કજે.’** આંખે અંધાપો હોય ને તો પણ જીવનની દિશા સાચી હોવી જોઈએ ભલેને કોઈ હમસફર, સાથી મિત્ર કે અન્ય કોઈ વ્યક્તિ કે તેનું વલણ અને વર્તન ન ગમતું હોય, તો પણ એવી વ્યક્તિ માટે કહેવાય શું ખબર છે? **‘અખજે પટે જેં ડ઼ો.’** એટલે કે ન ગમે તેવી વ્યક્તિ.

ઘણી વખત કોઈ વ્યક્તિ ખૂબ જ સારી હોય, લોકો તેને ખૂબ માનતા હોય તેને કંઈક કહેવું હોય તો પણ આપણને સંકોચ થાય તેને કચ્છીમાં કહેવાય, **‘અખજી શરમ મારે.’** એ સંકોચ કે શરમ એ સામી વ્યક્તિને માન આપવા સમાન છે.

કેટકેટલી અભિવ્યક્તિ આદર ને સાદર રજૂ કરે છે, ચોવકો. તેના રચનારા અને સાચવી રાખનારા પૂર્વસૂસુરિઓને વંદન. આ જુઓ એક અકલ્પ્ય ચોવક: **‘અખ ત વિઈ પ ભિઝણ પ વ્યા.’** અર્થ એવો થાય છે કે, સામાજિક, સાંસારિક કે આર્થિક વ્યવહારમાં બહુ મોટા પ્રમાણમાં નુકસાની સહન કરવી. શબ્દાર્થ કેવો અદ્ભુત છે - આંખ તો ગઈ પણ ભવાં પણ ગયાં...

સામાન્ય રીતે માણસ પોતાના પ્રમાણે કે પોતાના ફાયદાનું જ વિચારતો હોય છે અથવા બધાને જુદી જ દૃષ્ટિથી જોતો હોય છે, એવી વ્યક્તિ માટે ચોવક છે: ‘અખ ત્રાંસી જગ ત્રાંસો.’ જોવાનો દૃષ્ટિકોણ અલગ.

શરૂઆતમાં જ કહ્યું કે, આંખમાં જરાક રજ પડે તો રાડ નીકળી જાય... ત્યારે એટલી પીડા થાય કે એના કરતાં આંખ ફૂટી ગઈ હોત તો સારું થાત. આંખ ફૂટે એ સારું થોડું કહેવાય? પણ પીડા સહન નથી થતી એટલે બોલી જવાય કે, **‘અખ ફૂટઈ ખમાજે, પ ઉથઈ ન ખમાજે.’** ‘ઉથઈ’ એટલે આંખ ઊઠવી... કોઈ કારણસર દુ:ખવી.

આંખ જો દેખતી બંધ થઈ જાય કે સદાય માટે મીંચાઈ જાય તો, તો કહેવાય કે, **‘અખ બૂંચાણી ત ધુનીયાં લૂંટાણી.’** ગુજરાતીમાં કહેવત છે ને કે, ‘આપ મૂઆ તો જગ મૂઆ.’ બસ એના જેવું જ, આંખ ખુમારીનો પણ આયનો છે. ખુમારી આંખમાં છલકે, ત્યાંથી જ છતી થાય અને એવું કહેવા માટે બહુ અસરકારક ચોવક પ્રચલિત છે, **‘અખમેં પાણી, ત રાણી સતરાણી.’** ખુમારીનું મહત્ત્વ છે. ચોવકમાં આંખ તો પાણીદાર હોવી જોઈએ.

છૂટેલી આંખની શરમ અને વ્યક્ત થતી આછકલાઈ માટે પણ એક ચોવક છે, ‘અખીયું વિઈયું ત શરમ વિઈ.’ આમ પણ અર્થ થઈ શકે કે, શરમ ગઈ તો જાણે આંખ પણ ગઈ, પણ બધે જ એવું નથી હોતું. આંખ ચાલી જાય તો પણ અન્યો પ્રત્યેનો આદર અને પોતાની માણસાઈ નથી જતી હોતી, ત્યારે કહેવાય કે, **‘અખીયૂં વિગે, અખીયેંજા ઠેકાંણા કીં વિઞે?’** માણસાઈનો એક ગુણ છે, એક ધર્મ છે, એ કેમ બદલે?

ઘણા તો ઈરાદાપૂર્વક ચોક્કસ બાબતો માટે જાણતા હોવા છતાં અજાણ્યા રહે છે અથવા તો કોઈ ખોટું કામ કરતું હોય તેને રોકવા કે સમજાવવાના પ્રયત્ન નથી કરતા. અહીં પાંજો કુરો? એવો અભિગમ જોવા મળે છે, ગુજરાતીમાં કહેવાય છે, **‘આંખ આડા કાન’** એ કચ્છીમાં કહેવાય **‘અખીયેં આડા કન’** જાણીને પણ અજાણ્યા રહેવું.

શિક્ષણનું મહત્ત્વ દર્શાવે છે એક ચોવક, **‘અખર ત્રિઈ અખ’** મતલબ કે અક્ષરજ્ઞાન એ ત્રીજી આંખ સમાન છે, ત્યારે ભોળાનાથ શિવની ઓળખ યાદ આવે... એમને અમથા ત્રિનેત્ર નહીં જ કહેતા હોઈએ. એક બહુ મજા પડે એવી ચોવક આંખ પર છે. કોઈ પાસેથી કોઈ બાબત સમજવા સલાહ લીધા પછી પણ કંઈ સમજમાં ન આવે... ત્યારે ચોવકનો આ રીતે પ્રયોગ થાય છે, **‘અખ વતાઈ પ કમ ન આવઈ.’** સલાહ લીધી પણ કામ ન આવી એ અર્થમાં પણ એનો ઉપયોગ થઈ શકે, અને નારાજગી વ્યક્ત કરીને આંખ બતાવી તો એ પણ કામ ન આવી.

આંખમાં આંજણી થાય, મોઢા પર એટલે કે ચહેરા પર ખીલ (મોયડો) થાય, નાકમાં ગાંઠ ગંઠાય - આ બધા દરદ આપનારા દર્દ છે. મતલબ કે શારીરિક નુકસાનીની આ બધી નિશાનીઓ છે. એ માટે મસ્ત ચોવક છે, માણજો મિત્રો, **‘અખ વિઝાણ આંગણી, મોં વિઝાણ મોયડો, નક વિઝાણ નાસૂર.’**

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

## નિષ્ફળતાને સફળતામાં ફેરવે એ છે આશાવાદ...

### આશાવાદી વ્યક્તિ ક્યારેય સંજોગો સામે હાર સ્વીકારતો નથી

આશાવાદ એટલે જીવનમાં સકારાત્મક દ્રષ્ટિકોણ અપનાવવો, ભવિષ્ય પ્રત્યે શ્રદ્ધા રાખવી અને દરેક સંજોગોમાં શ્રેષ્ઠની અપેક્ષા રાખવી...

આશાવાદ એ માત્ર મનોભાવ નથી, પણ એ તો જીવવાનું સૂત્ર છે. જીવનમાં સુખ - દુ:ખ, સફળતા - નિષ્ફળતા, હાર-જીત બધું આવે છે, પણ જે વ્યક્તિ આશાવાદી હોય છે તે સંજોગો સામે હાર સ્વીકારતો નથી.

‘આશા’ શબ્દનો અર્થ છે-અપેક્ષા, ભવિષ્યમાં શ્રેષ્ઠ થવાની ધારણા. જ્યારે કોઈ કાર્ય શક્ય છે કે નહીં તે નક્કી ન હોય ત્યારે પણ ‘સારું જ થશે’ એવી લાગણી રાખવી એ આશાવાદ છે. આ માન્યતા મનુષ્યને મુશ્કેલીઓમાં પણ ધીરજ રાખવા, હિંમતથી આગળ વધવા અને પ્રયત્નશીલ રહેવા પ્રેરિત કરે છે.

આશાવાદી વ્યક્તિનું મન હંમેશાં શાંત, સ્થિર અને ઉત્સાહથી ભરેલું હોય છે. એ વ્યક્તિ નાના દુ:ખમાં તૂટી પડતો નથી. વિપરીત સંજોગોમાં પણ આશાવાદી વ્યક્તિ પાસે મજબૂત માનસિકતાની ઢાલ હોય છે. મનોવિજ્ઞાનના અહેવાલો પણ કહે છે કે જે લોકો આશાવાદી હોય છે, એમનું આરોગ્ય પણ સારું રહે છે અને એ લાંબુ જીવે છે.

આશાવાદ વિશ્વાસમાં પેદા થાય છે. જયારે વ્યક્તિ પોતાના પર વિશ્વાસ કરે છે-જીવન પર વિશ્વાસ રાખે છે ત્યારે એ આશાવાદી બની શકે છે. જેમ કે, કોઈ વિદ્યાર્થી નાપાસ થાય છે ત્યારે એ કહે કે, ‘હું હવે પાસ નહીં થઈ શકું.’ તો એ નિરાશાવાદી વિદ્યાર્થી છે, પણ જે વિદ્યાર્થી એમ કહે કે, ‘ભલે હું આ પરીક્ષામાં સફળ ન થયો, પરંતુ આગળની પરીક્ષામાં જરૂર સફળ થઈશ.’ તો એ આશાવાદી છે.




આમ જોઈએ તો આશાવાદ એટલે સકારાત્મક વિચારોનો સમૂહ. જીવનના દરેક ક્ષેત્રમાં સફળ થવા માટે સકારાત્મક વિચાર જરૂરી છે. જે વ્યક્તિને આત્મવિશ્વાસ તો આપે જ છે, પણ સાથે સાથે નિષ્ફળતાને પણ શીખ માટેનો અવસર બનાવે છે.

એક દર્દી વૃદ્ધાવસ્થામાં કેન્સરથી પીડાતો હતો. એણે સકારાત્મક દ્રષ્ટિથી સારવાર લીધી. પોતાના મનોબળથી એ સારો થઈ ગયો. એમના ડોક્ટરે કહ્યું કે, તમે જીવવાની ઈચ્છાને કારણે જીવી રહ્યા છો.

સકારાત્મક વિચાર વ્યવસાય ક્ષેત્રે પણ સફળતા અપાવે છે. જેટલા પણ મોટા ઉદ્યોગપતિઓ છે એમણે જીવનના અનેક ચઢાવ ઉતાર જોયા છે, પણ તેમના જુસ્સા અને દૃઢ માન્યતાથી એમણે સફળતા પ્રાપ્ત કરી છે. સ્ટીવ જોબ્સને જ્યારે પોતાની કંપનીમાંથી કાઢી મુકાયા ત્યારે પણ એણે હાર ન માની અને પુન: ‘એપલ’ કંપનીમાં આવી વિશ્વને નવી દિશા આપી. ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ ખૂબ જ સામાન્ય પૃષ્ઠ ભૂમિમાંથી રાષ્ટ્રપતિ પદ સુધી પહોંચ્યા. પોતાનો જન્મ એક ગરીબ પરિવારમાં થયો હતો. બાળપણમાં નાનાં નાનાં કામ કરીને ગુજરાન ચલાવતા હતા. તેમ છતાં નિષ્ઠા, મહેનત સાથે સકારાત્મક વિચારથી પોતે એરોસ્પેસ વિજ્ઞાનમાં યોગદાન આપ્યું અને ભારતના રાષ્ટ્રપતિ બન્યા.

**સકારાત્મક માન્યતા વિકસાવવાની રીત:**

દૈનિક સ્વમંથન કરવું. જીવનમાં જે મળ્યું છે તેના માટે હંમેશાં આભારી રહેવું. આશાવાદી લોકોનો સંગાથ રાખો. નકારાત્મક વાતોથી હંમેશાં દૂર રહેવું. મેળવેલી સફળતાને વારંવાર વાગોળવી. નિષ્ફળતા કે મુશ્કેલીમાં કોઈને કોઈ શીખ જોવી. સકારાત્મક માન્યતા એ કોઈ સાધન નથી કે જે બહારથી મળે,એ તો આપણા આંતરિક વિશ્વની સ્થિતિ છે.

૧૯૫૦ના અરસામાં અમેરિકાના ડૉ.કર્ટ રીચ્ટરે ઉંદરો પર એક વિચિત્ર પ્રયોગ કર્યો. પાણીમાં નાખેલા ઉંદરો ડૂબે તે પહેલાં કેટલા સમય સુધી તરી શકે છે એ સમય ચકાસવા માટે તેમણે એક પાણી ભરેલા ટબમાં કેટલાક ઉંદરો નાખી દીધા પછી એમણે જોયું કર્યું કે સરેરાશ પંદર મિનિટ સુધી હાથ- પગ ચલાવ્યા પછી ધીમે ધીમે ઉંદરોએ હાર સ્વીકારી લીધી અને ડૂબવા લાગ્યા. પ્રયોગના ભાગરૂપે ઉંદરો ડૂબે એ પહેલાં જ તેમને પાણીની બહાર કાઢી લેવામાં આવ્યા, કપડાંથી કોરા કરવામાં આવ્યા અને એમને આરામ આપવામાં આવ્યો. થોડા સમય પછી એ જ ઉંદરોને ફરી એકવાર પાણીમાં નાખવામાં આવ્યા. બીજા રાઉન્ડમાં પણ એમની તરવાની ક્ષમતા અને ડૂબતાં પહેલાંનો સમય નોંધવામાં આવ્યો..

તમને શું લાગે છે? કેટલા સમય સુધી એ તરી શક્યા હશે? જાણીને નવાઈ લાગશે કે ૬૦ કલાક સુધી એ તરી શક્યા હતા.! આ બીજા રાઉન્ડમાં ઉંદરો એટલા માટે લાંબા સમય સુધી ટકી શક્યા કારણ કે એમને ભરોસો હતો કે એ ડૂબવા લાગશે ત્યારે નક્કી કોઈ આવીને તેમને બચાવી લેશે... આ ‘કોઈ બચાવી લેશે’ એવી આશા, માન્યતાને કારણે ઉંદર નિશ્ચિંત થઈ ગયા અને પોતાની પૂરી ક્ષમતાથી તરતા રહેવાના પ્રયત્નમાં લાગી ગયા. સાઈકો - બાયોલોજિસ્ટ ડૉ.કર્ટ રીચ્ટરનો આ પ્રયોગ ‘ધ હોપ એક્સપેરિમેન્ટ’ તરીકે ઓળખાય છે.

સકારાત્મક દ્રષ્ટિકોણ હશે તો જીવનમાં દરેક ક્ષેત્રે આપણે ઉજાસ અને શક્તિનો અનુભવ કરી શકીશું.

કવિ રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે :

'Faith is the bird that feels the light when the down is still dark.'

અર્થાત્ આશાવાદ એ છે કે અંધકારમાં પણ પ્રકાશનો અનુભવ કરવો.

# ૩૦,૪૪૪ કરોડ રૂપિયાનું કાળું ધન પકડ્યું આઈટીએ

નવી દિલ્હીઃ આવકવેરા ખાતાએ વર્ષ ૨૦૨૪-૨૫ નાણાંકીય વર્ષમાં ૪૬૫ જગ્યાએ દરોડા પાડી ૩૦,૪૪૪ કરોડ રૂપિયાની બિનહિસાબી આવક પકડી પાડી હોવાની માહિતી મંગળવારે લોકસભામાં આપવામાં આવી હતી.

રાજ્યસભામાં આપેલા લેખિત ઉત્તરમાં રાજ્યકક્ષાના નાણાં ખાતાના પ્રધાન પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે જ્યારે પણ અમને સીધા કરવેરાની ચોરી અંગેની વિશ્વસનીય માહિતી મળે છે ત્યારે બિનહિસાબી આવકને કરવેરાના દાયરામાં લાવવા દરોડા, આકારણી સહિતનાં જરૂરી તમામ પગલાં લેવામાં આવે છે.

વર્ષ ૨૦૨૫ના નાણાકીય વર્ષમાં ૪૬૫ જગ્યાએ દરોડા પાડી ૩૦,૪૪૪ કરોડ રૂપિયાની બિનહિસાબી આવક પકડી પાડવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

વર્ષ ૨૦૨૪ અને વર્ષ ૨૦૨૩ના નાણાકીય વર્ષમાં અનુક્રમે ૭૩૭ અને ૧૨૪૫ સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા અને ૩૭,૬૨૨ કરોડ રૂપિયા અને ૯,૮૦૫ કરોડ રૂપિયાની બિનહિસાબી આવક પકડી પાડવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૫ના નાણાકીય વર્ષમાં ૧,૪૩૭ ગ્રૂપ પર દરોડા પાડવામાં આવ્યા હતા અને કુલ ૨,૫૦૪ કરોડ રૂપિયાની મિલકત જપ્ત કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૪ના નાણાકીય વર્ષમાં ૧,૧૬૬ ગ્રૂપ પર દરોડા પાડવામાં આવ્યા હતા અને કુલ રૂ. ૨,૫૫૫ કરોડ રૂપિયાની મિલકત જપ્ત કરવામાં આવી હતી.

એ જ પ્રમાણે વર્ષ ૨૦૨૩ના નાણાકીય વર્ષમાં ૧,૪૩૭ ગ્રૂપ પર દરોડા પાડવામાં આવ્યા હતા અને કુલ ૧,૭૬૬ કરોડ રૂપિયાની મિલકત જપ્ત કરવામાં આવી હતી. (એજન્સી)■

# ૫૪.૫૩ લાખ કરોડ રૂપિયાની ટૅક્સ વસૂલી હજુ પણ બાકી છે

નવી દિલ્હીઃ સીધા અને આડકતરા કરવેરાની વસૂલવાની બાકી નીકળતી રકમનો આંક ૩૦ જૂન ૨૦૨૫ના ૫૪.૫૩ લાખ કરોડ રૂપિયા કરતા પણ વધુ રહ્યો હોવાની માહિતી મંગળવારે લોકસભામાં આપવામાં આવી હતી. રાજ્યસભામાં આપેલા લેખિત ઉત્તરમાં રાજ્યકક્ષાના નાણા પ્રધાન પંકજ ચૌધરીએ કહ્યું હતું કે કરવેરાની વસૂલવાની બાકી નીકળતી રકમમાં ૭.૦૧ લાખ કરોડ રૂપિયા આડકતરા કરવેરા અને ૪૭.૫૨ લાખ કરોડ રૂપિયા સીધા કરવેરાનો સમાવેશ થાય છે. આ બંને મળીને કરવેરાની કુલ વસૂલવાની બાકી નીકળતી રકમનો આંક ૫૪.૫૩ લાખ કરોડ રૂપિયા થતો હોવાનું તેમણે કહ્યું હતું. આડકતરા કરવેરામાં વ્યક્તિગત ૧૦ કરોડ રૂપિયા કરતાં વધુ કરવેરાની વસૂલવાની બાકી નીકળતી રકમનો આંક ૨.૬૬ લાખ કરોડ રૂપિયા રહ્યો હતો. એ જ પ્રમાણે સીધા કરવેરામાં વ્યક્તિગત ૧૦ કરોડ રૂપિયા કરતાં વધુ કરવેરાની વસૂલવાની બાકી નીકળતી રકમનો આંક ૩૫.૪૮ લાખ કરોડ રૂપિયા રહ્યો હતો. આડકતરા કરવેરાની કુલ વસૂલવાની બાકી નીકળતી ૭.૦૧ લાખ કરોડ રૂપિયાની રકમમાં કાયદાકીય ગૂંચને કારણે વસૂલવાની બાકી નીકળતી રકમનો આંક ૩.૭૧ લાખ કરોડ રૂપિયા જેટલો રહ્યો હતો. એ જ પ્રમાણે સીધા કરવેરાની કુલ વસૂલવાની બાકી નીકળતી ૪૭.૫૨ લાખ કરોડ રૂપિયાની રકમમાં કાયદાકીય ગૂંચને કારણે વસૂલવાની બાકી નીકળતી રકમનો આંક ૩૧.૨૬ લાખ કરોડ રૂપિયા જેટલો રહ્યો હતો. (એજન્સી)■

# ઑપરેશન સિંદૂરની સફળતાઃ એનડીએ દ્વારા મોદીનું સન્માન



**બહુમાનઃ** એનડીએ સંસદીય પક્ષની ગઈ કાલે યોજાયેલી બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સન્માન કરવામાં આવ્યું હતું. (એજન્સી)

નવી દિલ્હીઃ એક વર્ષ કરતાં પણ વધુ સમય બાદ એનડીએના સાંસદોને પ્રથમ જ વાર સંબોધન કરતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે પક્ષની સામૂહિક ઓળખ પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે વર્ષ ૧૯૯૮માં એનડીએની રચના કરવામાં આવ્યા બાદથી અત્યાર સુધીની સફર સફળ રહી છે અને ભાવિ સિદ્ધિઓ રાહ જોઈ રહી છે.

વિવિધ પ્રદેશમાં તેમની તાકાતને ધ્યાન પર ન લેતા ભાજપ અને તેના સાથીપક્ષોએ ઉત્સાહભેર સફળતાની આ સફરમાં ભાગ લીધો છે અને યોગદાન આપ્યું છે.

છેલ્લે બીજી જુલાઈ ૨૦૨૪ના પક્ષની સંસદીય સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

પહલગામ આતંકવાદી હુમલાના જવાબરૂપે હાથ ધરવામાં આવેલા 'ઑપરેશન સિંદૂર' તેમ જ દેશને અસાધારણ નેતૃત્ત્વ પૂરું પાડવા બદલ મંગળવારે મોદીનું સન્માન કરવામાં આવ્યું હતું.

'ઑપરેશન સિંદૂર' અને 'ઑપરેશન મહાદેવ' દરમિયાન અસાધારણ હિંમત, શૌર્ય અને પ્રતિબદ્ધતા દાખવવા બદલ ભારતીય સેનાની પણ પ્રશંસા કરવામાં આવી હતી. અમિત શાહ સૌથી લાંબા સમયગાળા માટે કેન્દ્રીય ગૃહ પ્રધાન તરીકે સેવા બજાવી હોવાનું મોદીએ કહ્યું હતું. (એજન્સી) ■

# સંજય કપૂરનું મૃત્યુ 'કુદરતી': કૉરનર

## માતા રાણી કપૂરે શંકા ઊભી કરતા તપાસ અહેવાલ શૅર કર્યો પત્નીએ

નવી દિલ્હીઃ યુકેના સત્તાવાળાઓના અહેવાલ મુજબ ઉદ્યોગપતિ સંજય કપૂરનું મૃત્યુ 'કુદરતી' જ હતું. અગાઉ, સંજયનાં માતા રાણી કપૂરે પોતાના દીકરાના મૃત્યુના કારણ અંગે શંકા વ્યક્ત કરી હતી. સંજયની પત્ની પ્રિયા સચદેવ કપૂરે રજૂ કરેલા કૉરનર (મોતનું કારણ જાણવા મૃતદેહ તપાસનાર અધિકારી)ના અહેવાલમાં જણાવાયું હતું કે વાહનોના ભાગ બનાવતી અગ્રણી કંપની સોના બીએલડબ્લ્યૂ પ્રિસિઝન ફોર્જિંગ્સ (સોના કોમસ્ટાર)ના ભૂતપૂર્વ અધ્યક્ષ (ચેરમેન) સંજય કપૂરનું મૃત્યુ 'લેફ્ટ વેન્ટ્રિક્યુલર હાઇપરટ્રોફી' અને 'આઇસ્કેમિક હાર્ટ ડિસિઝ' (એટલે કે કોરોનરી આર્ટરી ડિસિઝ અથવા કોરોનરી હાર્ટ ડિસિઝ)થી થયું હતું.

સંજય કપૂરની માતા રાણી કપૂરે લંડનમાં પોતાના દીકરાના થયેલા મૃત્યુની સંપૂર્ણ તપાસ કરાવવાની માગણી યુકેના સત્તાવાળાઓ સમક્ષ કરી હતી. સોના કોમસ્ટારના ચેરમેન સંજય કપૂર ૧૨ જૂને લંડનમાં કથિત પણે પૉલો રમતા હતા ત્યારે તેમનું મૃત્યુ થયું હતું. સંજયના મૃત્યુ પછી કંપનીના બૉર્ડે ૨૩ જૂન, ૨૦૨૫ના દિવસે જેફરી માર્ક ઓવરલીની સર્વાનુમતે ચેરમેન તરીકે નિમણૂક કરી હતી. સોના ગ્રૂપનાં ભૂતપૂર્વ અધ્યક્ષા અને સંજયનાં માતા રાણીએ ૨૪ જુલાઇએ બૉર્ડને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે અમારો પરિવાર શોકમાં ડૂબેલો હતો ત્યારે અમુક લોકોએ તેનો ગેરલાભ લઇને પરિવારના વારસાને પચાવી પાડવા પ્રયાસ કર્યો હતો. (એજન્સી)■

# વિમાનનું એન્જિન બંધ થયાના છ બનાવઃ સરકાર

નવી દિલ્હી : આ વર્ષે અત્યાર સુધી વિમાનનાં એન્જિન બંધ થવાના છ બનાવ બન્યા છે અને પાઈલટે મૅ-ડૅ કૉલ (સંકટ સમયનો કોલ) દીધો હોય એવા ત્રણ બનાવ બન્યા છે, એવી માહિતી નાગરિક ઉડ્ડયન ખાતાએ રાજ્યસભામાં આપી હતી.

નાગરિક ઉડ્ડયન ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન મુરલીધર મોહોળે રાજ્યસભામાં આંકડાકીય માહિતી આપતાં કહ્યું હતું કે વિમાનના એન્જિન બંધ થઈ ગયાં હોય એવા ઈન્ડિગો અને સ્પાઈસજેટ સાથે સંકળાયેલા બે બનાવ તથા એર ઈન્ડિયા અને એલાયન્સ એર દરેકને સંડોવતા એક બનાવ બન્યો છે. એર ઈન્ડિયા, ઈન્ડિગો અને એર ઈન્ડિયા એક્સપ્રેસ દરેકના એક વિમાને મૅ-ડૅ કૉલ આપ્યો છે. આમાં એર ઈન્ડિયનાં વિમાન એઆઈ ૧૭૧નો સમાવેશ થાય છે, જે ૧૨ જૂને અમદાવાદ વિમાનમથકેથી ઊપડ્યા બાદ તરત જ એક ઈમારત પર તૂટી પડ્યું હતું. વિમાનનું અસ્તિત્વ હયાતી સંકટમાં હોય અને તાકીદની મદદ જોઈતી હોય ત્યારે પાઈલટ એર ટ્રાફિક કંટ્રોલને ત્રણ વાર મૅ-ડૅ કોલ આપે છે. એક અલગ લેખિત જવાબમાં પ્રધાને કહ્યું હતું કે એર ઈન્ડિયનાં વિમાન તૂટી પડવાની ઘટનાના એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટીગેશન બ્યૂરોના ૧૨ જુલાઈના પ્રાથમિક અહેવાલમાં વિમાન શા માટે તૂટ્યું હતું એના પર કોઈ નિશ્ચિત તારણ પર આવતો નથી અને તપાસ હજી ચાલુ છે.

શું સરકાર ભાંગફોડના એન્ગલથી પણ તપાસ કરશે એવા સવાલના જવાબમાં મોહોળે કહ્યું હતું કે અકસ્માત સુધી દોરી જનારા દરેક સંભવિત કારણ કે કારણરૂપ પરિબળનો અભ્યાસ થઈ રહ્યો છે. (એજન્સી) ■

# ૨,૨૫૮ દિવસઃ સૌથી લાંબો સમય ગૃહ પ્રધાનપદે રહેવાનો અમિત શાહે કર્યો વિક્રમ

નવી દિલ્હીઃ ભારતીય જનતા પક્ષના દિગ્ગજ નેતા અમિત શાહે ઈતિહાસ રચ્યો છે. તેમણે સૌથી લાંબા સમય સુધી ભારતના કેન્દ્રીય ગૃહ પ્રધાન પદ રહેવાનો વિક્રમ તેમણે મંગળવારે કર્યો છે. તેમણે ૩૦ મે, ૨૦૧૯ના રોજ પદ સંભાળ્યું, ત્યાર બાદ તેમણે આ પદ પર ૨,૨૫૮ દિવસ પૂર્ણ કર્યા છે.

સૌથી વધુ સમય માટે કેન્દ્રીય ગૃહ પ્રધાનપદ પર રહેવાના મામલે તેઓ ભાજપના વરિષ્ઠ નેતા લાલ કૃષ્ણ અડવાણીથી આગળ નીકળી ગયા છે. અડવાણી જેમણે ૧૯ માર્ચ, ૧૯૯૮ અને ૨૨ મે, ૨૦૦૪ વચ્ચે ૨,૨૫૬ દિવસ સુધી આ પદ પર રહ્યા હતાં. કોંગ્રેસના ગોવિંદ વલ્લભ પંત પણ છ વર્ષથી વધુ સમય માટે કેન્દ્રીય ગૃહ પ્રધાનપદ પર રહી ચુક્યા છે. ગોવિંદ વલ્લભ પંતે જેમણે ૧૦ જાન્યુઆરી, ૧૯૫૫ થી ૭ માર્ચ, ૧૯૬૧ સુધી ૬ વર્ષ અને ૫૬ દિવસ માટે આ પદ પર સેવા આપી હતી.

આ ત્રણ નેતાઓ સિવાય અન્ય કોઈ નેતા ૬ વર્ષથી વધુ સમય આ પદ પર રહ્યા નથી. મોદી સાકાર ૧.૦ દરમિયાન રાજનાથ સિંહ પાંચ વર્ષ ગૃહ પ્રધાન રહ્યા હતાં.

અમિત શાહ પહેલી વાર ૩૦ મે, ૨૦૧૯ ના રોજ કેન્દ્રીય ગૃહ પ્રધાન બન્યા હતાં અને લોકસભા ચૂંટણી પહેલા ૯ જૂન, ૨૦૨૪ સુધી આ પદ પર રહ્યાં. નવી સરકારની રચના બાદ, તેમણે ૧૦ જૂન, ૨૦૨૪ ના રોજ ફરી કાર્યભાર સંભાળ્યો હતો. ગૃહ મંત્રાલયની સાથે તેઓ કેન્દ્રીય સહકાર પ્રધાન તરીકે સેવા આપી રહ્યા છે. ભારતના કેન્દ્રીય ગૃહ પ્રધાન પદ રહેતા અમિત શાહે જમ્મુ અને કાશ્મીર રાજ્યને વિશેષ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ રદ કરવાની અને બે રાજ્યને અલગ કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવાની જાહેરાત કરી હતી. આ નિર્ણય પણ તેમણે ૫ ઓગસ્ટના રોજ જાહેર કર્યો હતો, આ માટે આ તારીખનું મહત્વ વધી જાય છે. ■

# બાંકે બિહારી મંદિર વટહુકમનો હેતુ સારા વહીવટીતંત્રનો છેઃ ઉત્તર પ્રદેશ

નવી દિલ્હીઃ ઉત્તર પ્રદેશ સરકારે મંગળવારે સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે મથુરાના વૃંદાવન ખાતેના બાંકે બિહારી મંદિર ટ્રસ્ટને લગતા વટહુકમનો હેતુ આ ધાર્મિક સ્થળના વધુ સારા વહીવટીતંત્રનો છે. અગાઉ, સર્વોચ્ચ અદાલતે ચોથી ઑગસ્ટે જણાવ્યું હતું કે મથુરાના વૃંદાવનમાં શ્રદ્ધાળુના લાભાર્થે શ્રી બાંકે બિહારી કોરિડોર વિકસાવવા માટેની યોજનાને અમે ૧૫ મેએ આપેલી પરવાનગીના આદેશનો અમલ મુલતવી રાખીએ છીએ, કારણ કે તેમાં અમુક પક્ષકારોને હજી સુધી સાંભળવામાં નથી આવ્યા.ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાચગીની બૅન્ચ સમક્ષ દલીલ કરતા એડિશનલ સોલિસિટર જનરલ કે. એમ. નટરાજે સ્પષ્ટતા કરી હતી કે આ મંદિરના વહીવટીતંત્રની માલિકીને લગતા પેન્ડિંગ કેસની સાથે ૨૦૨૫ના સંબંધિત વટહુકમને લેવાદેવા નથી. તેમણે જણાવ્યું હતું કે આ વટહુકમને પેન્ડિંગ રિટ પિટિશનની સાથે કોઇ સંબંધ નથી. આ મંદિરના વધુ સારા વહીવટીતંત્ર માટે વડી અદાલતમાં અરજીઓ કરાઈ હતી. (એજન્સી) ■

# મોદીની સામે શિંગડા ભરાવનાર સત્યપાલ મલિકનું અવસાન

નવી દિલ્હીઃ જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ રાજ્યપાલ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સામે શિંગડા ભરાવનાર પીઢ ખેડૂત નેતા સત્યપાલ મલિકનું મંગળવારે અવસાન થયું. તેઓ ૭૯ વર્ષના હતા. જમ્મુ અને કાશ્મીર, ગોવા, બિહાર, મેઘાલય અને ઓડિશાના રાજ્યપાલના હોદ્દા સંભાળનારા મલિકનું અહીં રામ મનોહર લોહિયા હૉસ્પિટલમાં મંગળવારે બપોરે ૧.૧૨ વાગ્યે અવસાન થયું હતું. તેમણે લાંબી રાજકીય કારકિર્દીમાં લોકસભા અને રાજ્યસભાના સભ્ય તરીકે સેવા આપી હતી,

શ્રી સત્યપાલ મલિકજીના નિધનથી દુઃખ થયું. આ દુઃખની ઘડીમાં મારા વિચારો તેમના પરિવાર અને સમર્થકો સાથે છે. ઓમ શાંતિ, એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક્સ પર અંજલિ આપતા કહ્યું હતું.

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે ''ખેડૂત-મૈત્રીપૂર્ણ'' નેતાના નિધનના સમાચાર ખૂબ જ દુઃખદ છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું, ''ભૂતપૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકજીના નિધનના સમાચાર સાંભળીને મને ખૂબ દુઃખ થયું છે.'' ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.


### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| BERTH | શપથ |
| DEARTH | ઘેરાવો |
| GIRTH | ઊણપ |
| MIRTH | સૂવાનું પાટિયું |
| OATH | રમૂજ |

### ઓળખાણ પડી?

ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સિરીઝમાં ચોથી ટેસ્ટ બચાવવામાં મહત્ત્વનું યોગદાન આપનાર ક્રિકેટરની ઓળખાણ પડી?



અ) રવીન્દ્ર જાડેજા
બ) અંશુલ કમ્બોજ
ક) વોશિંગ્ટન સુંદર
ડ) કરુણ નાયર

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ફૂ | લ | ૨ હા | ૩ ર | | ૪ સ્મ | ૫ શા | ૬ ન | યા | ૭ ત્રા |
| ત્કા | | ૮ ર | જા | ૮-અ ઇ | | ૯ પ | ર | | સ |
| ૧૦ ર | ૧૧ ગ | ડો | | ૧૨ મા | ૧૩ સ | | ૧૪ વા | ૧૫ હ | વા |
| | દા | | ૧૬ મા | ન | હા | ૧૭ નિ | | ૧૮ વા | દી |
| ૧૯ અ | ધ | ૨૦ મ | | ૨૧ દા | ય | રો | | બા | |
| ૨૨ ચ | ર | મ | | રી | | ૨૩ ગી | ૨૪ ટા | રી | ૨૫ સ્ટ |
| ર | | ૨૬ તા | ૨૭ ક | | ૨૮ ના | | લિ | | મ્પ |
| ૨૯ જ | ૩૦ ટા | | ર | | ની | | યા | | આ |
| | ૩૧ પ | ૩૨ ચા | વ | વું | | ૩૩ ઊ | | ૩૪ ભા | ઉ |
| ૩૫ ન | સી | હ | ત | | ૩૬ વ | લ | વ | લા | ટ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ | | ૬ | | ૭ |
| ૮ | | | | ૯ | | | | | |
| | | | ૧૦ | | | | ૧૧ | | |
| | | ૧૨ | | | | ૧૩ | | | |
| | ૧૪ | | | | ૧૫ | | ૧૬ | | |
| ૧૭ | | | | ૧૮ | | | | | ૧૯ |
| ૨૦ | | | | | ૨૧ | | | ૨૨ | |
| | ૨૩ | | | ૨૪ | | | ૨૫ | | |
| ૨૬ | | | ૨૭ | | | ૨૮ | | | |
| | | ૨૯ | | | | | | ૩૦ | |

**આડી ચાવી**

૧. સંચાલક, મુખ્ય નટ (૪)
૫. થનગનાટ (૫)
૮. ગાવું-બજાવવું તે (૬)
૧૦. પ્રયુક્તિ, ઉપાય, ઇલાજ (૩)
૧૧. પાદવું તે (૩)
૧૨. માગણી સાથેની ભક્તિ (૩)
૧૪. એક પ્રકારનો પ્રાણાયમ (૩)
૧૫. ચોપદાર, બૉડીગાર્ડ (૪)
૧૭. ચોમાસામાં રાતે બોલે (૩)
૧૮. પાયમાલ, રદ (૪)
૨૦. --- મારો મેલી દિયો, ઘનશ્યામ (૪)
૨૧. ત્રીજી તિથિ (૨)
૨૨. વજન, બોજ (૨)
૨૩. પોદળો (૨)
૨૪. ગરીબની --- ના લેવાય (૨)
૨૫. ચારેબાજુ, ચોપાસ (૩)
૨૬. પ્રાણીનું ચામડું (૨)
૨૭. વિચાર (૨)
૨૮. હવા-ઉજાસ માટે રાખવી પડે (૨)
૨૯. ભૂતકાળ પ્રત્યેની આસક્તિ (૫)
૩૦. ઝટ સળગે તેવો સાઠો (૨)

**ઊભી ચાવી**

૧. જેને ઝટ સૂગ ચડે એવું (૪) (જો.છૂ.)
૨. ત્રણ (૨)
૩. અનાજ (૨)
૪. અવાજના અનુકરણથી થતો શબ્દ (૫)
૫. પગાર, ચલણી સિક્કો (૩)
૬. રહેવા દો, તમે --- લાગો (૩)
૭. બોલચાલ, લડાલડી (૪)
૯. દસમી તિથિ (૩)
૧૨. યુદ્ધભૂમિ (૫)
૧૩. પ્રપંચ કરનાર (૪)
૧૪. એક ઔષધિ (૫)
૧૫. ભારતમાં રહેનાર (૪)
૧૬. --- દેવી એટલે પ્રતિભાવ આપવો (૨)
૧૭. પરવા (૨)
૧૯. સ્ત્રીઓનું ઊનનું લૂગડું (૫)
૨૨. હિસ્સો, નાસી જવું તે (૨)
૨૪. પરિસ્થિતિ, અવસ્થા (૩)
૨૫. પૂછ્યા વગર લઇ લેવું તે (૨)
૨૬. પતીજ, ભરોસો, જરૂર (૨)
૨૭. પ્રસિદ્ધિ (૨) (જો.છૂ.)
૨૮. ઉદ્યાન, ઉપવન (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'સોનાની થાળીમાં લોઢાનો મેખ' કહેવતમાં મેખ શબ્દનો અર્થ જણાવો.

અ) મીઠાઈ બ) કાટ ક) ખીલી ડ) વજન

### ગુજરાત મોરી મોરી રે

પરિચિત વ્યક્તિ જ નુકસાનમાં ઉતારે એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

મારે બે સુથાર ટચકા ઓળખીતો વધારે

### માતૃભાષાની મહેક

'દ્વિરુક્ત' (બે વાર કહેવામાં કે બોલવામાં આવેલા) શબ્દો વ્યક્તિની લાગણીઓનો પ્રભાવી પડઘો પડે છે. એક જ પિતાના બે સંતાન હોય પણ બંનેની સાથેનો અનુભવ જુદો હોય ત્યારે માણસ માણસમાં ફેર હોય એમ કહેવાય છે. શબ્દો સરખા છે, પણ ગર્ભિત અર્થ જુદા છે, પ્રત્યેક માણસ અલગ છે એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે.

### ઈર્શાદ

*આખેઆખું આભ નહીં તો આંગણ આપો,*
*મેળો ના આપો તો મનગમતું જણ આપો.*

*નીતિન પારેખ*

### સુડોકુ-૯૦૫૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | | ૫ | | | ૬ | | ૮ |
| | | | | | | | | |
| | | | | ૩ | ૮ | ૯ | ૪ | |
| ૩ | ૯ | | | | | ૨ | | ૧ |
| | | ૧ | | | | ૪ | | |
| ૨ | | ૬ | | | | | ૮ | ૯ |
| | ૧ | ૫ | ૭ | ૮ | | | | |
| | | | | | | | | |
| ૭ | | ૯ | | | ૫ | | ૨ | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૫૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૯ | ૪ | ૭ | ૨ | ૫ | ૬ | ૮ |
| ૪ | ૭ | ૬ | ૫ | ૧ | ૮ | ૩ | ૨ | ૯ |
| ૫ | ૮ | ૨ | ૯ | ૩ | ૬ | ૧ | ૪ | ૭ |
| ૩ | ૨ | ૫ | ૬ | ૮ | ૧ | ૭ | ૯ | ૪ |
| ૭ | ૧ | ૪ | ૩ | ૨ | ૯ | ૮ | ૫ | ૬ |
| ૬ | ૯ | ૮ | ૭ | ૪ | ૫ | ૨ | ૧ | ૩ |
| ૮ | ૫ | ૩ | ૧ | ૬ | ૪ | ૯ | ૭ | ૨ |
| ૯ | ૪ | ૭ | ૨ | ૫ | ૩ | ૬ | ૮ | ૧ |
| ૨ | ૬ | ૧ | ૮ | ૯ | ૭ | ૪ | ૩ | ૫ |

### માઈન્ડ ગેમ

વિશ્વના દરેક દેશના અલાયદા રાષ્ટ્રીય પ્રાણી હોય છે. 'હિમાલયન મોનલ' તરીકે પ્રસિદ્ધ પ્રાણી કયા દેશનું રાષ્ટ્રીય પ્રાણી છે?

અ) ભૂતાન બ) નેપાળ ક) મ્યાનમાર ડ) ઈન્ડોનેશિયા

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| MIGHT | સામર્થ્ય |
| RIGHT | ખરું |
| FIGHT | મુકાબલો |
| PLIGHT | દુર્દશા |
| SIGHT | દ્રષ્ટિ |

ગુજરાત મોરી મોરી રે
દાઝ્યા ઉપર ડામ ને પડ્યા ઉપર પાટું

ઓળખાણ પડી?
કરસન ઘાવરી

માઈન્ડ ગેમ
ચીન

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
પર્વત

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) નીતા દેસાઈ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) પ્રવીણ વોરા (૧૩) જ્યોત્સના ગાંધી (૧૪) રમેશ દલાલ (૧૫) હિના દલાલ (૧૬) ઈનાક્ષી દલાલ (૧૭) લજિતા ખોના (૧૮) મીનળ કાપડિયા (૧૯) હર્ષા મહેતા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) નૂતન વિપીન શાહ (૨૫) અલકા વાણી (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) અંબરીષ ઓઝા (૨૮) વિણા સંપટ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેશ દોશી (૩૧) જયવંત પદમશી ચિખલ (૩૨) ભાવના કર્વે (૩૩) અંજુ ટોલિયા (૩૪) કિશોર સંઘરાજકા (૩૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૬) ડાયના સંતોકે (૩૭) પુષ્પા ખોના (૩૮) નિતિન જયંતિલાલ બજરિયા (૩૯) અરવિંદ કામદાર (૪૦) રસીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨)નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) ડો. પ્રકાશ કટકિયા (૪૫) ધીરેન્દ્ર મુલરાજ (૪૬) ગીતા ઉદેશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) કમલ માતલિયા (૪૯) મહેશ સંઘવી (૫૦) વિપીન શાહ (૫૧) હરીહર ભટ્ટ

# ગંભીર-અગરકર ઈફેક્ટઃ પસંદગીની મૅચો રમવાની ખેલાડીઓની મનમાની બંધ

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર હંમેશાં ભારતીય ક્રિકેટમાં મેગા સ્ટાર કલ્ચરનો વિરોધ કરે છે, પરંતુ ઇંગ્લેન્ડ પ્રવાસ પર મોહમ્મદ સિરાજના સતત સારા પ્રદર્શનથી ભારતના મુખ્ય કોચને હવે પોતાની મરજી પ્રમાણેનું ‘ટીમ કલ્ચર’ બનાવવાની તક મળી છે. ઇંગ્લેન્ડ સામે સિરીઝ ૨-૨ થી ડ્રો કર્યા પછી ગંભીર અને પસંદગી સમિતિના વડા અજિત અગરકર ચોક્કસપણે ટીમમાં એવું વાતાવરણ બનાવવા માંગશે જેમાં દરેકને સમાન ગણવામાં આવે.

એવું સમજી શકાય છે કે પસંદગી સમિતિ, ગંભીર અને ભારતીય ક્રિકેટના ટોચના અધિકારીઓ વર્કલોડ મેનેજમેન્ટના નામે ખેલાડીઓની પોતાની મરજીથી મેચ અને શ્રેણી રમવાની પ્રથા બંધ કરવા અંગે એકમત છે.


બીસીસીઆઇના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, આ અંગે ચર્ચા કરવામાં આવી છે અને કેન્દ્રીય કરાર ધરાવતા ખેલાડીઓને, ખાસ કરીને જેઓ નિયમિતપણે તમામ ફોર્મેટમાં રમે છે તેમને કહેવામાં આવ્યું છે કે ભવિષ્યમાં પોતાની મરજીથી મેચ પસંદ કરવાનું કલ્ચર કામ કરશે નહીં. તેમણે કહ્યું હતું કે, આનો અર્થ એ નથી કે વર્કલોડ મેનેજમેન્ટ પર ધ્યાન આપવામાં આવશે નહીં. ઝડપી બોલરોનું વર્કલોડ મેનેજમેન્ટ મહત્વપૂર્ણ છે પરંતુ ખેલાડીઓ તેના આડમાં મહત્વપૂર્ણ મેચોથી દૂર રહી શકતા નથી.

મોહમ્મદ સિરાજે ઇંગ્લેન્ડ સામેની પાંચ ટેસ્ટમાં ૧૮૫.૩ ઓવર બોલિંગ કરી હતી, તે સિવાય નેટમાં બોલિંગ અને ફિલ્ડિંગ અલગ હતી. તેણે ફિટનેસના નવા ધોરણો સ્થાપિત કર્યા હતા. સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણા અને આકાશ દીપના પ્રદર્શને સાબિત કર્યું કે મોટા સ્ટાર્સ પણ રમતથી ઉપર નથી. ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે પણ ઘણી સમસ્યાઓ છતાં ચોથી ટેસ્ટ સુધી લાંબા સ્પેલ સુધી બોલિંગ કરી હતી. આનાથી પ્રશ્ન ઉભો થાય છે કે શું વર્કલોડ મેનેજમેન્ટ વ્યક્તિની સુવિધા અનુસાર ઘડાય છે.

પૂર્વ ભારતીય કેપ્ટન સુનીલ ગાવસ્કરે કહ્યું હતું કે, જ્યારે તમે દેશ માટે રમી રહ્યા હોવ ત્યારે પીડા ભૂલી જાઓ. શું તમને લાગે છે કે સરહદ પરના સૈનિકો ઠંડીની ફરિયાદ કરશે. ભારત માટે રમવું એ ગર્વની વાત છે. તમે ૧૪૦ કરોડ લોકોના પ્રતિનિધિ છો. સિરાજે વર્કલોડની બધી વાતોને નકારી કાઢી અને બહાદુરીથી બોલિંગ કરી હતી. ■



## સિરાજની ૧૮૫.૩ ઓવર પછી વર્કલૉડ શબ્દ ભારતીય ક્રિકેટના શબ્દકોશમાંથી ભુંસાવો જોઇએઃ ગાવસકર



લંડન : ભારતના દિગ્ગજ બેટ્સમેન સુનીલ ગાવસકરે આશા વ્યક્ત કરી હતી કે ઇંગ્લેન્ડ સામેની પાંચ ટેસ્ટ મેચની શ્રેણીમાં મોહમ્મદ સિરાજના શાનદાર પ્રદર્શન પછી ભારતીય ક્રિકેટના શબ્દકોશમાંથી વર્કલોડ મેનેજમેન્ટ શબ્દ હંમેશા માટે ગાયબ થઈ જશે. સિરાજે ઇંગ્લેન્ડ સામેની પાંચેય ટેસ્ટ રમી અને કુલ ૧૮૫.૩ ઓવર ફેંકી ૨૩ વિકેટ ઝડપી હતી. બીજી તરફ, મુખ્ય ઝડપી બોલર જસપ્રીત બુમરાહ ફક્ત ત્રણ મેચ માટે ઉપલબ્ધ હતો અને તેના વર્કલૉડ મેનેજમેન્ટના ભાગરૂપે ઓવલ ખાતે રમાયેલી પાંચમી ટેસ્ટમાં રમી શક્યો ન હતો.

ગાવસકરે સ્પષ્ટતા કરી કે તે બુમરાહની ટીકા કરી રહ્યો નથી કારણ કે તે અન્ય કંઈપણ કરતાં ઈજા મેનેજમેન્ટનો મામલો હતો. ગાવસકરે કહ્યું હતું કે, “જ્યારે તમે તમારા દેશ માટે રમી રહ્યા હોવ ત્યારે દુઃખ અને પીડા ભૂલી જાવ. શું તમને લાગે છે કે સરહદ પરના સૈનિકો ઠંડી વિશે ફરિયાદ કરશે. ઋષભ પંતે તમને શું બતાવ્યું? તે પગમાં ફ્રેક્ચર હોવા છતાં બેટિંગ કરવા આવ્યો હતો. તમે ખેલાડીઓ પાસેથી આ જ અપેક્ષા રાખો છો. ભારત માટે ક્રિકેટ રમવું એ એક સન્માનની વાત છે.”

તેમણે કહ્યું હતું કે, “તમે ૧૪૦ કરોડ લોકોનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છો અને આ જ અમે મોહમ્મદ સિરાજમાં જોયું. મને લાગે છે કે સિરાજે પૂરા દિલથી બોલિંગ કરી અને તેણે વર્કલૉડ શબ્દનો કાયમ માટે અંત લાવી દીધો હતો. પાંચ ટેસ્ટ મેચોમાં તેણે સતત ૭-૮ ઓવર બોલિંગ કરી કારણ કે કેપ્ટન તેની પાસેથી આ અપેક્ષા રાખતો હતો અને દેશ પણ તેની પાસેથી આ અપેક્ષા રાખતો હતો.”

ગાવસકરે કહ્યું હતું કે વર્કલોડ મેનેજમેન્ટ શ્રેષ્ઠ ઉપલબ્ધ ટીમ પસંદ કરવામાં અવરોધ બની શકે નહીં. જો તમે એવા લોકો સામે ઝૂકશો જેઓ વર્કલોડ વિશે વાત કરે છે તો તમારી પાસે ક્યારેય દેશ માટે તમારા શ્રેષ્ઠ ખેલાડીઓ મેદાનમાં નહીં હોય. મને આશા છે કે હવે વર્કલોડ મેનેજમેન્ટ જેવો શબ્દ ભારતીય ક્રિકેટના શબ્દકોશમાંથી હંમેશાં માટે ગાયબ થઈ જશે. વર્કલૉડ એ ફક્ત માનસિક સ્થિતિ છે, શારીરિક નહીં.” ■

# ખેલાડીઓ તો આવે ને જાય, ટીમનું કલ્ચર સતત સુધરવું જોઈએઃ ગંભીર

લંડનઃ ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે સખત મહેનત અને સુધારાના ગુણો ધરાવતી મજબૂત ટીમ કલ્ચર બનાવવા પર ભાર મૂક્યો છે, જે ખેલાડીઓને આકર્ષિત કરે છે. સોમવારે ભારતે એન્ડરસન-તેંડુલકર ટ્રોફીમાં ઈંગ્લેન્ડ સામે સીરિઝ ૨-૨થી ડ્રો કર્યા બાદ ગંભીરે ડ્રેસિંગ રૂમના ટૂંકા ભાષણમાં પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

બીસીસીઆઇ દ્વારા પોસ્ટ કરવામાં આવેલા એક વીડિયોમાં ગંભીર કહી રહ્યો છે કે “આ શ્રેણી જે રીતે ૨-૨થી સમાપ્ત થઈ છે, તે એક ઉત્કૃષ્ટ પરિણામ છે. દરેકને અભિનંદન. યાદ રાખો, આપણે વધુ સારા થતા રહીશું. આપણે સખત મહેનત કરતા રહીશું. આપણે આપણા ક્ષેત્રોમાં સુધારો કરતા રહીશું કારણ કે જો આપણે આવું કરતા રહીશું તો આપણે લાંબા સમય સુધી ક્રિકેટ પર પ્રભુત્વ મેળવી શકીશું.”

ગંભીરે કહ્યું હતું કે લોકો આવશે અને જશે પરંતુ ડ્રેસિંગ રૂમની સંસ્કૃતિ હંમેશા એવી હોવી જોઈએ કે લોકો આ સંસ્કૃતિનો ભાગ બનવા માગે. આપણે તે જ બનાવવા માગીએ છીએ. શુભમન ગિલની કેપ્ટનશિપ હેઠળની યુવા ટીમે ઇંગ્લેન્ડ સામે ત્યારે જીત મેળવી જ્યારે ટીમ ન્યૂ ઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામે સતત બે શ્રેણી ગુમાવવાથી પરિવર્તનના સમયમાંથી પસાર થઈ રહી હતી. વધુમાં તેણે કહ્યું હતું કે તમે બે દિવસ આરામ કરી શકો છો અને તમે તેના પાત્ર છો. તમે જે પ્રાપ્ત કર્યું છે, તેની દરેક ક્ષણના પાત્ર છો.”

આ અવસર પર ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરને ‘ઇમ્પેક્ટ પ્લેયર ઓફ ધ સીરિઝ’ એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ સિનિયર ખેલાડી રવીન્દ્ર જાડેજા દ્વારા આપવામાં આવ્યો હતો.

વોશિંગ્ટને કહ્યું હતું કે, “ઇંગ્લેન્ડ જેવી જગ્યાએ સતત ચાર મેચ રમવી એ મારા માટે નસીબની વાત છે. હું હંમેશા અહીં સારું પ્રદર્શન કરવા માગતો હતો અને એક ટીમ તરીકે અમે જે રીતે દરરોજ રમતા હતા, તે અદ્દભૂત હતું.” ■

## ટીમ ઇન્ડિયાના ડ્રેસિંગ રૂમમાં ઇમોશનલ દૃશ્યો, ગંભીર રડ્યો



નવી દિલ્હી; એન્ડરસન-તેન્ડુલકર ટ્રોફીની છેલ્લી અને પંચમી મેચ લંડનના ઓવલ સ્ટેડીયમ ખાતે રમાઈ હતી. આ રોમાંચક મેચમાં ભારતે ઇંગ્લેન્ડને ૬ રને હરાવ્યું, આ મેચના છેલ્લા દિવસે નાટકીય ઉતાર ચઢાવ જોવા મળ્યા હતાં. મેદાનમાં તણાવભર્યો માહોલ હતો, દર્શકોના શ્વાસ જાણે થંભી ગયા હતાં આ દરમિયાન ભારતીય ટીમના ડ્રેસિંગ રૂમમાં પણ સૌ બેચેન હતાં. ભારતીય ટીમે જીત મેળવતા જ ડ્રેસિંગ રૂમમાં જોરદાર ઉજવણી કરવામાં આવી હતી, ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર ખુશીથી ઉછળી પડ્યા હતાં, આ દરમિયાન તેમની આંખો ભરાઈ આવી હતી.

બીસીસીઆઇ એ મેચની છેલ્લી ક્ષણો દરમિયાનનો વીડિયો સોશ્યલ મીડિયા પર શેર કર્યો છે. જેમાં જોઈ શકાય છે કે જયારે ઇંગ્લેન્ડને જીત માટે ૭ રનની જરૂર હતી અને ભારતને એક વિકેટની ત્યારે ડ્રેસિંગ રૂમમાં તણાવભર્યો માહોલ છે, ગંભીર બારીમાંથી બહાર ડોકિયું કરીને મેદાન પરના ખેલાડીઓને સૂચના આપી રહ્યો છે.

થોડી વાર બાદ મોહમ્મદ સિરાજે એટ્કીન્સનની વિકેટ લેતા જ ગૌતમ ગંભીર ઊછળી પડ્યો અને કોચિંગ સ્ટાફને ભેટી પડ્યો. ઉતારચઢાવ બાદ ટેસ્ટ સિરીઝ ડ્રો થઇ જતાં સૌને રાહત થઇ હતી સાથે પાંચમી મેચમાં રોમાંચક જીતની ઉજવણી કરી હતી.

વીડિયોના એક ભાગમાં જોવા મળે છે કે ગંભીર બોલિંગ કોચ મોર્ને મોર્કલને ભેટી પડે છે. આ દરમિયાન તેની આંખોમાં આંસુ પણ જોવા મળી રહ્યા છે, જેથી સામજી શકાય છે કે આ જીત તેમના માટે કેટલી મહત્ત્વની હતી.

ભારતની જીત બાદ ગંભીરે એકસ પર લખ્યું “અમે કેટલીક જીતીએ છીએ, ક્યારેક હારીએ છીએ .... પણ આપણે ક્યારેય હાર નથી માનતા! વેલ ડન બોયઝ!” ■

# ‘રો-કા’ની ઍન્ટ્રી રોકશે યંગ ટર્ક્સ...

▶ રોહિત-કોહલી માટે હવે આ યુવા ખેલાડીઓના દેખાવ પછી ટીમમાં ટકી રહેવાનું મુશ્કેલ બનશે




બેંગલુરુ : એન્ડરસન-તેંડુલકર ટ્રોફીમાં ઇંગ્લેન્ડને પાંચમી ટેસ્ટમાં હરાવીને ભારતીય ટીમે સિરીઝ ૨-૨ થી ડ્રો કરી હતી. ટીમનું આ પ્રદર્શન ટીમમાં નવા ક્રિકેટરોના આત્મવિશ્વાસ અને દેશ અને ટીમ માટે પોતાનું સર્વસ્વ આપવાની તેમની નિડરતાની ઉજવણી હતી. મોહમ્મદ સિરાજે પાંચ ટેસ્ટ દરમિયાન લગભગ ૨૦૦ ઓવર બોલિંગ કરી અને પોતાના થાકેલા શરીરને સારી રીતે સંભાળ્યું હતું. વોશિંગ્ટન સુંદર ક્યારેય જવાબદારીથી દૂર રહ્યો નહીં. જરૂર પડ્યે યશસ્વી જયસ્વાલે યોગદાન આપ્યું, આકાશદીપ અને પ્રસિદ્ધ કૃષ્ણા પ્રભાવશાળી દેખાતા હતા અને સાઈ સુદર્શને તેના ટેલેન્ટની ઝલક બતાવી હતી.

આનાથી પ્રશ્ન ઊભો થાય છે કે ટી-૨૦ અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂકેલા વિરાટ કોહલી અને રોહિત શર્મા અને ઇજાઓથી પીડાતા જસપ્રીત બુમરાહ જેવા વરિષ્ઠ ખેલાડીઓનું શું થશે. કોહલી ૩૬ વર્ષનો છે અને રોહિત ૩૮ વર્ષનો છે અને તે બંને ઓસ્ટ્રેલિયામાં ત્રણ મેચની વન-ડે શ્રેણીમાં રમશે અને ત્યારબાદ દક્ષિણ આફ્રિકા સામે ઘરઆંગણે ત્રણ મેચની વન-ડે શ્રેણી રમશે. આ પછી બંનેને જાન્યુઆરી-જુલાઈ ૨૦૨૬ વચ્ચે ન્યૂઝીલેન્ડ (ઘરઆંગણે) અને ઇંગ્લેન્ડ (વિદેશ) સામે છ વન-ડે રમવાની તક મળશે.

પરંતુ શું આ મેચો ૨૦૨૭માં દક્ષિણ આફ્રિકામાં યોજાનાર વન-ડે વર્લ્ડ કપની તૈયારી માટે છે? શું આ અનુભવી જોડી ફક્ત એક જ ફોર્મેટ અને આઇપીએલના આધારે આટલા લાંબા સમય સુધી રમવા માંગશે? એક સૂત્રએ પીટીઆઇને જણાવ્યું હતું કે “હા, આ અંગે ટૂંક સમયમાં ચર્ચા કરવામાં આવશે. આગામી વર્લ્ડ કપ (નવેમ્બર ૨૦૨૭) માટે અમારી પાસે હજુ બે વર્ષથી વધુ સમય છે. કોહલી અને રોહિત બંને ત્યાં સુધીમાં ૪૦ વર્ષની નજીક હશે તેથી આ મોટી સ્પર્ધા માટે સ્પષ્ટ યોજના હોવી જોઈએ કારણ કે આપણે છેલ્લે ૨૦૧૧માં ટાઇટલ જીત્યું હતું. આપણે સમયસર કેટલાક યુવાનોને પણ અજમાવવાની જરૂર છે.” કોહલી અને રોહિતે ૨૦૨૪માં વર્લ્ડ કપ જીત સાથે ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને વિદાય આપી હતી. બાદમાં બન્નેએ ટેસ્ટમાંથી પણ નિવૃત્તિ લીધી હતી.

સૂત્રએ જણાવ્યું હતું કે, “કોહલી અને રોહિત બંનેએ રમતમાં મોટું યોગદાન આપ્યું છે. તેઓએ લગભગ બધું જ પ્રાપ્ત કર્યું છે. તેથી મને નથી લાગતું કે કોઈ તેમના પર દબાણ લાવશે. બીસીસીઆઇના વર્તમાન નિયમો અનુસાર, જો કોઈ ખેલાડી સંપૂર્ણપણે ફિટ હોય તો તે ઘરેલું મેચમાં રમવાની ના પાડી શકતો નથી અને ઘરેલુ મેચમાં ન રમવા બદલ તેને રાષ્ટ્રીય ટીમમાંથી બહાર કરવામાં આવી શકે છે.” ■

# મેન ઑફ ધ સિરીઝ અવૉર્ડ સિરાજને મળવાનો હતો, ઉતાવળે ગિલને અપાયો!




લંડનઃ ઘણીવાર મોટા સમારંભમાં કે આંતરરાષ્ટ્રીય મંચ પર યોજાતી સ્પર્ધામાં પણ ભૂલ થઈ જતી હોય છે. સોમવારે ઓવલ ગ્રાઉન્ડ પર ભારતે ઇંગ્લેન્ડને રોમાંચક મુકાબલામાં છ રનથી હરાવીને સિરીઝ ૨-૨થી બરાબરીમાં લાવી દીધી અને કરોડો ક્રિકેટ પ્રેમીઓના દિલો દિમાગ પર શુભમન ગિલ ઍન્ડ કંપનીના ખેલાડીઓ છવાઈ ગયા ત્યાર બાદ એના વિતરણ સમારોહમાં એક નાનું બ્લન્ડર થયું હતું. મેન ઑફ ધ મેચનો પુરસ્કાર મોહમ્મદ સિરાજને જ આપવાનો હતો અને તેને જ આપવામાં આવ્યો, પરંતુ મેન ઑફ ધ સિરીઝના સંયુક્ત પુરસ્કાર માટે બે સૌથી મોટા દાવેદાર નક્કી કરવામાં આવ્યા હતા જેમાં એક હેરી બ્રૂક હતો અને બીજો મોહમ્મદ સિરાજ હતો.

બન્યું એવું કે આયોજકોએ મેન ઑફ ધ સિરીઝના બે પુરસ્કાર વિજેતા માટે નામ આપવાનું બંને ટીમના હેડ-કોચ અનુક્રમે ગૌતમ ગંભીર અને બ્રેન્ડન મેકલમને સૂચન કર્યું હતું. રવિવારના ચોથા દિવસે જ મેચ પૂરી થઈ જશે એવું માનીને મેકલમે શુભમન ગિલનું નામ એ દિવસે આપ્યું હતું. જોકે મેચ પાંચમા દિવસમાં ગઈ હતી અને સોમવારના એ છેલ્લા દિવસના પહેલા કલાકમાં મોહમ્મદ સિરાજ છવાઈ ગયો હતો. તેણે જ ભારતને વિજય અપાવ્યો હતો એટલે મેકલમનું મન બદલાઈ ગયું હતું અને તેણે સિરીઝના પુરસ્કાર વિજેતાઓ માટે પોતે આપેલું ગિલનું નામ પાછું લઈને સિરાજનું નામ લખાવ્યું હતું.

જોકે ત્યાં સુધીમાં સિરીઝના પુરસ્કાર વિજેતાઓ માટેનું ફાઈનલ લિસ્ટ બની ગયું હતું અને એમાં ગિલનું જ નામ રહી ગયું હતું. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને આ મેચ પછીના ફંકશનના ઍન્કર દિનેશ કાર્તિકે એક જાણીતી વેબસાઈટને કહ્યું હતું કે માઈકલ આથર્ટનને મેન ઑફ ધ સિરીઝ અવૉર્ડ વિજેતાઓ માટે જે બે નામ આપવામાં આવ્યાં હતાં એમાં હેરી બ્રૂક અને શુભમન ગિલનાં નામ જ હતાં. મેકલમે સોમવારે સિરાજનું જે નામ આપ્યું હતું એ લિસ્ટમાં અપડેટ નહોતું કરવામાં આવ્યું એટલે ગિલને જ બ્રૂકની સાથે સિરીઝનો પુરસ્કાર વિજેતા જાહેર કરવામાં આવ્યો હતો. ■

# રોનાલ્ડોવાળા વોલપેપર પરથી આત્મવિશ્વાસ મેળવ્યો અને મોહમ્મદ સિરાજ થયો સરતાજ

▶ ‘તું તારા પપ્પાની જેમ રિક્ષા જ ચલાવ’, એવી ભૂતકાળમાં ટકોર સાંભળનાર પેસ બોલર આજે કરોડોપતિ છે

લંડનઃ સોમવારે ઓવલમાં ઇંગ્લેન્ડ સામેની રસાકસીભરી છેલ્લી ટેસ્ટના બીજા દાવમાં પાંચ વિકેટ લઈને ભારતને યાદગાર અને ઐતિહાસિક વિજય અપાવનાર પેસ બોલર મોહમ્મદ સિરાજ વિશ્વના સર્વોત્તમ ફૂટબોલર્સમાં ગણાતા ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો ડાઇ-હાર્ડ ફેન છે અને તેના ફોટાવાળું વોલપેપર સોમવારે વહેલી સવારે પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરીને સિરાજે ટેસ્ટ મેચ જીતવા માટેનો આત્મવિશ્વાસ મેળવી લીધો હતો અને સિરાજે સાંજે ભારતને મેચ-વિનિંગ વિકેટ અપાવ્યા પછી રોનાલ્ડો જેવી જ ઍક્શનમાં ઊંચો કૂદકો મારીને સેલિબ્રેશન કર્યું હતું.

ખુદ સિરાજે મેચ પછી કહ્યું હતું કે ‘સામાન્ય રીતે હું સવારે ૮:૦૦ વાગે જાગું છું, પરંતુ આજે (સોમવારે) હું ૬:૦૦ વાગે જાગી ગયો હતો. મેં વિચાર્યું કે હું ભારતને આ ટેસ્ટ જિતાડી શકું એમ છું. મને તરત રોનાલ્ડોનું ‘બીલિવ’ લખેલું પોસ્ટર યાદ આવી ગયું એટલે મેં ગૂગલ પર સર્ચ કરીને એ લખાણવાળો ફોટો મારા ફોનમાં લઈ લીધો હતો. એ ફોટોને મેં મારું વોલપેપર બનાવી દીધું અને એ શબ્દને મેં દિલમાં અને મનમાં વસાવી લીધો. મને એ આત્મવિશ્વાસવાળો શબ્દ ભારતને વિજય અપાવવામાં ખૂબ કામ લાગ્યો.’

રવિવારે ભારત સામે બીજા દાવમાં સેન્ચુરી (૧૧૧ રન) કરનાર ઇંગ્લેન્ડનો બેટ્સમેન હેરી બ્રૂક જયારે ૧૯ રન પર હતો ત્યારે બાઉન્ડરી લાઈન પર સિરાજે તેનો કેચ ઝીલ્યો હતો, પરંતુ તેનો પગ બાઉન્ડરી લાઈન પર પડી જતાં બ્રૂકને જીવતદાન મળ્યું હતું. જોકે બ્રૂક ૧૧૧ રન પર હતો ત્યારે આકાશદીપના બોલમાં સિરાજે જ બ્રૂકનો કેચ ઝીલીને તેને પેવિલિયન ભેગો કર્યો હતો.

### ૫૬ મિનિટની રમતે આખી સિરીઝને યાદગાર બનાવી

સોમવારે શ્રેણીના છેલ્લા દિવસની રમત શરૂ થઈ ત્યારથી માંડીને ૫૬ મિનિટ સુધીમાં અનેક ઉતાર-ચઢાવ આવ્યા હતા અને એમાં ભારતે ૬ રનથી રોમાંચક વિજય મેળવ્યો હતો. ઇંગ્લેન્ડની ટીમ ૩૭૪ રનના લક્ષ્યાંક સામે ૩૬૭ રન બનાવી શકી હતી.

### ગિલ-બ્રૂકને સિરીઝનો પુરસ્કાર

સોમવારે જેમ સિરીઝ ૨-૨થી ડ્રોમાં જતાં ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી ઇંગ્લેન્ડ અને ભારતને સંયુક્ત રીતે આપવામાં આવી એમ બંને ટીમના મુખ્ય કેપ્ટન શુભમન ગિલ તથા બેન સ્ટોક્સને પ્રતિષ્ઠિત પટૌડી મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. સિરાજને મેન ઑફ ધ મેચનો અવૉર્ડ અપાયો હતો, જ્યારે ગિલ તથા હેરી બ્રૂકને સંયુક્ત રીતે મેન ઑફ ધ સિરીઝ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

### ઈજાગ્રસ્ત ક્રિસ વોકસે પરાજય જોવો પડ્યો

ફાસ્ટ બોલર ક્રિસ વોક્સ ખભાની ગંભીર ઈજા છતાં ફાઈટિંગ સ્પિરિટ સાથે ડાબા હાથ પર પાટો બંધાવીને બેટિંગ માટે મેદાન પર ઊતર્યો હતો. તેણે એક હાથે બેટિંગ કરવાની જરૂર નહોતી પડી અને સામા છેડે ઊભા



રહીને તેણે ઇંગ્લેન્ડનો પરાજય જોવો પડ્યો હતો.

### બુમરાહ વિના ભારત સિરીઝમાં બીજી ટેસ્ટ જીત્યું

ઇંગ્લેન્ડ સામેની શ્રેણીની બીજી ટેસ્ટ એજબેસ્ટનમાં રમાઈ હતી જેમાં બુમરાહ વર્કલોડ મેનેજમેન્ટના ભાગરૂપે નહોતો રમ્યો. જોકે એ ટેસ્ટમાં ભારતે વિજય મેળવીને સિરીઝ ૧-૧થી લેવલ કરી હતી. એ ટેસ્ટમાં સિરાજે કુલ સાત વિકેટ અને આકાશદીપે કુલ ૧૦ વિકેટ લીધી હતી. ઓવલની છેલ્લી ટેસ્ટમાં સિરાજે કુલ ૯ વિકેટ મેળવી હતી. આ બંને ટેસ્ટમાં બુમરાહ નહોતો રમ્યો એમ છતાં સિરાજ ઉપરાંત પ્રસિદ્ધ ક્રિષ્ના અને આકાશદીપે પેસ આક્રમણ મજબૂત કરીને ભારતને વિજય અપાવ્યો હતો.

### કોચ ભરત અરૂણે સિરાજની ટેલન્ટ પારખી હતી

સિરાજ નાનપણથી જ રોનાલ્ડોનો ફેન છે. તે ટેનિસ બોલથી રમતો ત્યારે પણ તેનામાં જબરો આત્મવિશ્વાસ હતો. ભારતના ભૂતપૂર્વ ફાસ્ટ બોલિંગ કોચ ભરત અરુણે તેની ટેલન્ટને પારખી અને તેને આંતરરાષ્ટ્રીય કારકિર્દી માટે આગળ વધવાની સલાહ આપી હતી.

### રિક્ષા ડ્રાઇવરનો દીકરો કરોડોપતિ

સિરાજના પિતા ઑટોરિક્ષા ડ્રાઇવર હતા. તેઓ પરિવારનું ગુજરાન ભારે સંઘર્ષ કરીને ચલાવતા હતા. ભૂતકાળમાં સિરાજ જ્યારે પણ સ્થાનિક મેચોમાં ખરાબ રમતો ત્યારે તેને મહેણું મારવામાં આવતું હતું કે ‘તારે ક્રિકેટ રમવાની જરૂર નથી, તું તારા પપ્પાની જેમ ઑટો રિક્ષા ચલાવીને જ પરિવાર માટે પૈસા ભેગા કર.’ જોકે સિરાજ હિંમત નહોતો હાર્યો અને ક્રિકેટમાં જ કરીઅર બનાવવાનો તેણે સંકલ્પ કર્યો હતો. આજે સિરાજ કરોડોપતિ છે. ૫૭ કરોડ રૂપિયાથી પણ વધુ કિંમતની સંપતિ ધરાવતા સિરાજ પાસે અનેક પ્રોપર્ટીઓ છે. ■

## જસ્સીભાઈની ખોટ સાલીઃ સિરાજ







લંડન : ભારતના ઝડપી બોલર જસપ્રીત બુમરાહ (જસ્સીભાઈ) મોહમ્મદ સિરાજનો પ્રેરણાસ્ત્રોત રહ્યો છે. હૈદરાબાદના આ બોલરે સ્વીકાર્યું હતું કે ઈંગ્લેન્ડ સામેની પાંચમી ટેસ્ટમાં ભારતની જીત પછી તેણે પોતાના સિનિયર સાથી ઝડપી બોલરને યાદ કર્યો હતો. સિરાજે ઓવલ ખાતે પાંચમી ટેસ્ટની બીજી ઇનિંગમાં પાંચ વિકેટ લીધી હતી, જેના કારણે ભારતે સોમવારે રોમાંચક મુકાબલામાં ઈંગ્લેન્ડને છ રનથી હરાવીને શ્રેણી ૨-૨થી બરાબર કરી હતી. સિરાજે મેચમાં નવ વિકેટ લઈને ‘મેન ઓફ ધ મેચ’નો એવોર્ડ જ જીત્યો હતો. સાથે તેણે તેના ચાહકો તરફથી પણ ઘણી પ્રશંસા મેળવી હતી.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) દ્વારા પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં ભાવુક સિરાજે કહ્યું હતું કે, “હું દરેક બેટ્સમેન, દરેક બોલર (જેણે ટેસ્ટ રમી હતી)ને સલામ કરું છું. અમે જે રીતે વાપસી કરી તે શાનદાર હતી. મને જસ્સી (બુમરાહ) ભાઈની યાદ આવે છે કારણ કે જો તેઓ ત્યાં હોત તો તે ખાસ હોત. મને જસ્સીભાઈ અને મારા પર વિશ્વાસ છે.”

બુમરાહ તેના વર્કલોડ મેનેજમેન્ટને કારણે પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચમાં રમ્યો ન હતો. ચોથી ટેસ્ટ મેચ પછી તેને ટીમમાંથી રીલિઝ કરાયો હતો. રવિવારે હેરી બ્રુકનો કેચ છોડ્યા પછી સિરાજ છેલ્લા દિવસે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ દેખાતો હતો. સોમવારે સવારના સત્રમાં તેણે ફેંકેલા દરેક બોલે ઈંગ્લેન્ડના બેટ્સમેનોને પરેશાન કર્યા હતા. તેણે કહ્યું હતું કે, “સાચું કહું તો હું આ ક્ષણે (જીત પછી) મારી લાગણીઓને શબ્દોમાં વ્યક્ત કરી શકતો નથી, કારણ કે ગઈકાલે (રવિવારે) મેં કેચ છોડી દીધો હતો. જ્યારે હું સૂવા જતો હતો (ચોથા દિવસ પછી) ત્યારે હું ફક્ત વિચારી રહ્યો હતો કે મેં આ કેવી રીતે કર્યું. જો મેં તે કેચ લીધો હોત તો અમારે સોમવારે મેદાનમાં આવીને રમવાની જરૂર પડી ન હોત. અમે આરામ કરી રહ્યા હોત. પણ ઉપરવાળાના મનમાં કંઈક બીજું જ હતું. તે સોમવારે અમને સ્ટેડિયમમાં લાવ્યા અને પરિણામ બધાની સામે છે.” ■

## ૪. ધાર્મિક સંબંધી

■ ગણપતિ અને પર્યુષણ નિમિત્તે ઘર ડેકોરેશન માટે સંપર્ક કરો: પારુલ શાહ: ૮૦૯૭૦૪૩૬૯૯. (૧૪૦-એ)

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂ. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૯. લગ્ન સંબંધી

**બ્રાહ્મણ સેવા સમાજ**

49મું વર્ષ 107મો પરિચય મેળો મલાડ ખાતે તા. 24/08/2025 પ્રવેશ ફી યુવક Rs. 500/-, યુવતી Rs. 300/-, સંપર્ક: અલ્કેશભાઈ વ્યાસ- 8779177080, જય- 9870756615, દિપકભાઈ- 8828221010. (દહેજ નહીં.). (૧૫૯૫૪-એ)

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**

બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૭૬-એ)

**કાનનાં મોટા કાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693/ 7506569229. (બી-૧૬૨૯૪)

**શુદ્ધ ખાખરો**

લીલવા કચોરી/ ગોળ/ ખાખરા/ ઘાણીતેલ, મસાલા - શાકભાજી - ફ્રૂટ્સ. રાજેશભાઈ - 9076133255. (જેપી/૪૫૦૮-એફ)

**ભવ્ય સેલ**

મહાવીરમાં ખરેખરનું 60% સુધીનું ભવ્ય સેલ. કોકરી, સ્ટેનલેસ સ્ટીલ, નોનસ્ટિક વાસણો, હોમ એપ્લાયન્સેસ બેડ એન્ડ બાથ, હાઉસ હોલ્ડ પ્લાસ્ટિક વેર ગીફ્ટ નોવેલ્ટીઝ તથા બીજી ઘણી બધી નવીનતમ વસ્તુઓ ઉપરાંત વેરાયટી/ વેરાયટી સાથે ત્રણેય શોરૂમ પર બ્રાન્ડેડ પ્રોડક્ટસનું ભવ્ય સેલ. નજીક તથા દૂરથી રહેનાર દરેક ભાઈઓ તથા બહેનોને શોરૂમ પર આવવા ભાવભર્યું આમંત્રણ. 1. મહાવીર હોમ સ્ટોર, માણીસવાલા કમ્પાઉન્ડ, સ્ટેશન રોડ સાન્તાક્રુઝ (વેસ્ટ) મુંબઈ-54 મોબાઈલ- અરવિંદભાઈ હરિયા-9967024390- સુમિતભાઈ - 7506752375, 2) મહાવીર હોમ સ્ટોર, ફુફરેજા આર્કેડ, બાટા શોરૂમની સામે, ચેમ્બુર. મોબાઈલ- અશ્વિનભાઈ -8855055026, 3) મહાવીર હોમ સ્ટોર અગાસી રોડ, વિઠ્ઠલમંદિરની સામે, વિરાર (વેસ્ટ) મોબાઈલ -વિશાલભાઈ-9321066483. (ત્રણેય શોરૂમ ૩૬૫ દિવસ ખુલ્લા સમય સવારના ૧૦થી રાત્રે ૯ સુધી.) સેલ ૧૭ ઓગસ્ટ (રવિવાર) સુધી. (એસડીબી-૨૭૯૫)

## ૧૨. યાત્રા સહેલગાહ

**દિવ્ય ટુર**

શશીકાંત પાઠક દ્વારા સંચાલિત ૩૯ વર્ષના અનુભવી ઉત્તરાખંડ ચારધામ યાત્રા, ગંગાસાગર, જગન્નાથપુરી. ત્રિવેણી યાત્રા, યુપી ટુર. 9819304112. (૧૬૬-ડી)

■ Per Couple Private Tour With bfast and Dinner કેરળ 40000, આંદામાન 48000, લદાખ 48000, સિક્કિમ 58000, થાઈલેન્ડ 44000, શ્રીલંકા 54000, સિંગાપોર 99000. Airfare Visa Extra Best Deals લોનાવલા, સિલવાસા, દમણ, ગોવા અને અન્ય સ્થળો માટે પણ. Arrham Holiday 9769977466/ 9892534488/ 9326373672. (બી-૧૬૨૨૨)

**શ્રી યમુના**

ચંપારણ્ય, પુરી, શ્રીનાથજી, વ્રજયાત્રા, ભાઈબીજ સ્નાન, વૈષ્ણોદેવી, ચારધામ 9892377559. (૧૫૩૭૬/એ)

## ૧૪. નોકરી ખાલી છે

**દક્ષિણ મુંબઈમાં**

પ્રાચીન જૈન તીર્થમાં અનુભવી, મેનેજરની સારા પગાર સાથે જરૂર છે મોબાઈલ 9322234901. Email : alloysteel3@gmail.com (એસડીબી-૨૭૯૬)

■ ગ્રાન્ટરોડ 5 કલાક ઘરકામ માટે યુવતી જોઈએ. પગાર 10000. ફોન 9326378895. (એસડીબી-૨૮૦૭)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૪. નોકરી ખાલી છે

**એકાઉન્ટન્ટની જરૂરિયાત - ઘાટકોપર (પૂર્વ)**

અમને ટેલી પ્રાઈમ (Tally Prime)નો અનુભવ ધરાવતાં એકાઉન્ટન્ટ જરૂર છે. પગાર: અનુભવાનુસાર સ્થળ: હિંગવાલા ઉપાશ્રય, ઘાટકોપર (પૂર્વ) સંપર્ક: 9324374747. (એસડીબી-૨૮૦૮)

GOVT. REGISTERED CO. Requires Retired, Housewives, Bankers, Salary + Incentive: 9029094202. (B-16339)

## ૧૭. જગ્યા આપવી છે

**પાર્લા વેસ્ટ**

લક્ઝુરીયસ 3 બેડરૂમ, ફુલ્લી ફર્નિશ 1250', કાર્પેટ, 3 બેડરૂમ 950' કાર્પેટ, નવું મકાન, એમેનીટીસ સાથે, આઉટરાઈટ અને 4 બેડરૂમ, બે પાર્કિંગ સાથે, ભાડેથી આપવી છે. એજન્ટ: જય શાહ - 8850666935. (બી-૧૬૩૪૪)

**અંધેરી વેસ્ટ**

2 બેડરૂમ, 660' કાર્પેટ, હાયર ફ્લોર, 3 બેડરૂમ, 1200' કાર્પેટ, હાયર ફ્લોર, એજન્ટ: જય શાહ - 8850666935. (બી-૧૬૩૪૫)

**વિલેપાર્લે વેસ્ટ**

લીવ લાઇસન્સથી 4 બેડરૂમ વેસ્ટર્ન ફ્લેટ 1236' 11મો માળે નવું મકાન બજાજ રોડ, આપવાનો છે. એજન્ટ: અશ્વિન મરચન્ટ : ૯૮૧૯૮૭૪૫૧૫. (૧૬૬-એ)

**VILE PARLE EAST**

Available on Outright Sale
Luxurious 3 BHK
Usable Carpet 1600 sq.ft.
* 3 Toilets * 2 Walkin Wardrobes
* Fully Furnished & Air-Conditioned
* Balconies in all Rooms * Vastu Compliant
* 3 Prime Parkings * Higher Floor
* Italian Marble Flooring in Living Room
* Premium Wooden Flooring in Bedrooms
* Italian Marble Finished Vanity Tops in Toilets.
* Close to Reputed Educational Institutions & Prime Hospitals.
* Prime Locality * 2 Minutes from Station
* 5 Minutes from Airport
* Ideally Suited for NRIs
Contact : 98200 72941
(B-16337)

**વિલેપાર્લે વેસ્ટ**

ઓનરશીપથી નવું બિલ્ડીંગ 2 બેડરૂમના 2 ફ્લેટ ૭૭૦' ૧૧મે અને ૧૦મો માળ, બજાજ રોડ, આપવાના છે. એજન્ટ: અશ્વિન મરચન્ટ : ૯૮૧૯૮૭૪૫૧૫. (૧૬૬-બી)

**બોરીવલી (ઈસ્ટ)**

દત્તપાડા 3 બેડરૂમ 1050' ગુજરાતી સુંદર સોસાયટી (2.71). ઓનર:- 9820177738. (૧૭૦-એ)

**''જુહુમાં- વૈભવશાળી''**

''શ્રીમંતોને લાયક'' ''ફુલ્લી ન્યુ ફર્નિશ'' ''ત્રણ/ચાર- બેડરૂમ''- ''ઈલેવન્થ ફ્લોર'' "(8,25,00,000)" "(12,00,00,000)" ''તાત્કાલિકથી'' ''ખરીદવા'' ''ભાડામાં'' "(2,50,000)" ""(4,50,000)" ''સુનિલભાઈ- 9821477177.'' (૧૬૩-એ)

**પ્રભાદેવી**

ફ્લેટો, ઓફિસ, દુકાન, ગોડાઉન, લેવા-વેચવા, ભાડાથી - જીતુભાઈ 9869322453. (૧૫૭-ડી)

**ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ**

૧ થી ૬ બેડરૂમના ફ્લેટ, ઓફિસ, દુકાનો તૈયાર બંધાતામાં લેવા, વેચવા, ભાડેથી હિતેશભાઈ ૯૯૨૦૯૨૭૯૧૮, ૯૮૨૦૦૦૮૦૦૩. (૧૭૭-એ)

**''ડીવેલપમેન્ટ''**

સોસાયટી - લેન્ડલોર્ડ (ઓલ ઓવર મુંબઈ) પ્રોજેક્ટ ફાયનાન્સ-લોન- નિતીન - 9867222020. (૧૭૪-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

ભાડેથી. તિલક રોડ, 2 બેડરૂમ, હોલ, કિચન- 740', કારપેટ. 9821069113, 9870769113. (૧૭૨-ડી)

**પાર્લા (ઈસ્ટ વેસ્ટ)**

૨-૩-૪ બેડરૂમ- હોલ- કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૫૭-એ)

**જુહુ સ્કીમ ગુલમહોર રોડ**

૨-૩-૪ બેડરૂમ- હોલ- કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૫૭-સી)

**દેવલાલી**

ફ્લેટ, દુકાન, બંગલા, પ્લોટ લેવા - વેચવા / ભાડેથી. પરેશ - 9930803959 - 9930106054. (૧૬૨-સી)

**સાઉથ મુંબઈ**

બે/ત્રણ/ચાર બેડરૂમ-દેરાસર પાસે, વેચાણ/ભાડેથી, ફર્નિશ્ડ, સ્પેશિયસ, સારી સોસાયટીમાં-નેપિયન્સી/ વાલ્કેશ્વર/બ્રિચકેન્ડી/અલ્ટામાઉન્ટમાં લેવા/વેચવા/લીઝમાટેસંપર્ક- ભરતભાઈ - ૯૩૨૨૨૪૬૯૯૦. (બી-૧૬૩૧૭)

**તારદેવ (નવજીવન)**

એક બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ, વેજીટેરીયન બિલ્ડિંગ, દેરાસર પાસે, પાર્કિંગ, રેડી પઝેશન. વે કરો. ભરતભાઈ - ૯૩૨૨૨૪૬૯૯૦. (બી-૧૬૩૧૬)

**વડાલા**

શાંત હરિયાળી માહોલ, નવું મકાન છ બેડરૂમ લીવલાઈસન્સથી વેચાણથી ''વિનોદ'' 9892980593. (૧૬૦-એ)

***લોનાવલા***

દહેરાસરની સામે 3 BHK બંગલો વેચાણમાં 9869151200. (બી-૧૬૩૦૭)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**

વલ્લભબાગ એક્સટેન્શન 2 બેડરૂમ, 765', 3 બેડરૂમ - 987', 2000' પીસફુલ પોલ્યુશન ફ્રી લોકેશન. "S. J. REAL ESTATE" 90222 79684. (૧૫૦-સી)

**ઘાટકોપર (ઈસ્ટ), ભાડેથી**

ઓડીયન શોપિંગ સેન્ટર - 2 બેડરૂમ હોલ કિચન-750 કારપેટ, 70000 (નેગોશિયેબલ) 9820477770. (૧૫૩-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

વેચાણથી. પંતનગર - ૨ બેડરૂમ - 695' કારપેટ, તિલક રોડ - ૨ બેડરૂમ - 820' કારપેટ, ૬૦' રોડ - 3 બેડરૂમ - 950' કારપેટ. મનીશ વોરા - 9324339343. (૧૫૦-ઈ)

**વિદ્યાવિહાર (વેસ્ટ) ભાડેથી**

નિલકંઠ કીંગડમ, 2.5 બેડરૂમ, હોલ, કિચન, 950' કારપેટ, લીફ્ટ, પાર્કિંગ, ગેસ લાઈન. મુકેશભાઈ (બ્રોકર) 8169019857, 9323030141. (૧૫૦-જી)

**અંધેરી (વેસ્ટ)**

જુહુગલી ઉપાશ્રય લેનમાં, રેરા સર્ટિફિકેટવાળા બંધાતા બિલ્ડિંગમાં 2 / 3 બેડરૂમના ફ્લેટો વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૭૯૫)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**

ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી / વેચાણથી લેવા - વેચવા ''જીનલ વોરા'' - 9320206906. (૧૬૨-એ)

**વિલે-પારલા ઈસ્ટ**

સ્ટેશન નજીક પ્રાઈમલોકેશનમાં ફુલ્લી ફર્નિશ 3 બેડરૂમ હોલ કિચન ૧૨૦૦' કારપેટ ફ્લેટ તુરંત જ આઉટરાઈટથી રેડીપઝેશનમાં આપવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓ પોતાની ઓફર મોકલવા વિનયતી મોબાઈલ- 09819201737, 09820550033. (૧૬૫-એ)

**ચોપાટી**

ન્યુ ટાવર, 2 BHK રેરા કાર્પેટ 800 સ્કે. ફીટ, 1 રિઝર્વ પાર્કિંગ, જૈન મંદિર પાસે, 6.10 CR વેચવાનું છે. 8080753577 (Time: 10-6). (દલાલ માફ). (બી-૧૬૩૨૦)

**વિલેપાર્લે (વેસ્ટ)**

બાપુભાઈ વશી રોડ 1, 2, 3 તેમજ 4 બેડરૂમ એમિનીટીઝવાળા ટાવરમાં રેડી પઝેશન- 8356990950. (જેપી/૪૫૦૯-બી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી આઝાદ રોડ- 2 બેડરૂમ- 650' 1st Floor 2.10 Cr. તેમજ ફર્નીશ્ડ 3 બેડરૂમ- 1025' 7th Floor 3.30 Cr. + Taxes Extra ''નવકાર એસ્ટેટ''-96196 74640. (જેપી/૪૫૦૯-સી)

**વિલેપાર્લે (વેસ્ટ)**

ઈર્લા KLS હોસ્પિટલ પાસે નવા ટાવરમાં 3- બેડરૂમ 890' હાયર ફ્લોર, પઝેશન- March 2026. ''નવકાર એસ્ટેટ''-9819117722. (જેપી/૪૫૦૯-ડી)

**ANDHERI**

સ્ટેશન નજીક બજેટમાં FLATS - OFFICES, નવી-જૂની સોસાયટીમાં વેચાતા-ભાડાથી લેવા-આપવા 9820601794 Bharat Mayani. (એસડીબી-૨૭૯૯)

**બાંદ્રા વેસ્ટ**

રેડી પઝેશન સીકેસ સીલીંક વ્યુ 4 બેડરૂમ 2260 કારપેટ 2380 કારપેટ. લેવા હરીશ 9892399459. (બી-૧૬૩૪૯)

**સાન્તાક્રુઝ વેસ્ટ**

દેરાસર, હવેલીની પાસે 2,3,4 બેડ એમિનીટીઝ હાઈરાઈસ ટાવર અમિત- 7045622403. (બી-૧૬૩૫૦)

**વાલ્કેશ્વર**

પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૯૫૩૩. (એસડીબી- ૨૮૦૪)

**પેડર રોડ ભાડેથી**

અઢી બેડરૂમ (૧૧૦૦ કાર્પેટ) (ડુપ્લેક્ષ) (ફુલ્લી ફર્નિશ્ડ) (પાર્કિંગ) ૧૩૦૦૦૦ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૯૫૩૩. (એસડીબી- ૨૮૦૫)

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૧૫૫-એ)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

૪ બેડરૂમ કારપેટ ૧૯૦૦', નવું બિલ્ડીંગ, ઓ.સી. સાથે, 9.25 કરોડ, નેગોશીએબલ, લેવા/ વેચવા. / લીવલાયસંસથી. ''ચેતન નાગર'' 9820141544 / 9920141544. (બી-૧૬૩૪૭)

**કાંદિવલી (વેસ્ટ)**

3 BHK ફર્નિશ્ડ વાસ્તુ અનુસાર રેડી પઝેશન સ્ટેશન દેરાસર નજીક Rs. 3,25,00,000/- હિતેષભાઈ : 8850516707. (જેપી/ ૪૫૧૧-એ)

**કાંદિવલી (વેસ્ટ)**

ફર્નિશ્ડ ફ્લેટ 2 બેડરૂમ Rs. 1,31,00,000/- 1 બેડરૂમ Rs. 1,25,00,000/-. હિતેષભાઈ : 9820732933. (જેપી/૪૫૧૧-બી)

**કાંદિવલી (વેસ્ટ)**

2 BHK ફર્નિશ્ડ વાસ્તુ અનુસાર રેડી પઝેશન સ્ટેશન દેરાસર નજીક Rs. 2,10,00,000/- . હિતેષભાઈ: 8928293255. (જેપી/ ૪૫૧૧-સી)

## ૧૭. જગ્યા આપવી છે

**માટુંગા ફાઈવ ગાર્ડન**

બે થી પાંચ બેડરૂમના લકઝરીયસ ફ્લેટો રેડી બંધાતામાં લેવા મળો જવાહર ઠક્કર ૯૮૨૧૩૬૩૧૧૩. (૨૯૬)

IMMEDIATE POSSESSION. Rental / Sale Bungalows / Flats at Borivali, Kandivali, Juhu, Chembur, Deonar, Navi Mumbai. 7738964338, 7977677002, 7892258704. (B-16298)

**MAHALAXMI READY OC FLATS**

Resale and Investors Deals 2, 3 Bed 4.50 Cr., 7.35 Cr. 7 Star Amenities Rooftop Amenities also Byculla 2, 3 Bed with Jain Mandir and 7 Star Amenities Large Layout 3.35 Cr., 4.50 Cr. - 98192 27923. (B-16266)

**WORLI**

Urgently Sale below Market Rate 4 BHK 3691 sqft, Omkar 1973, Call 9869070123, 9167723483. (180-A)

**MAHALAXMI**

Urgently Sale below Market Rate 3 BHK 1450 sqft Piramal Mahalaxmi Call 9869070123, 9167723483. (180-B)

**MULUND (WEST)**

**MARATHON GALAXY 2**

L.B.S. Marg, Spacious Fully Furnished Well Maintained 3 BHK, Terrace Flat for Sale, (1 Car Parking) Swimming Pool, Gym, Garden 2.65 Cr., Owner "Kamlesh Panchal" 91-9820125374. (179-A)

**Andheri (E)**
Maheshwari Nagar
SALE
"Sterling Court -D"
• Large 2 BHK's
• Area 856' / 911 '
• 1 Car Parking
• All Amenities
• Ready Poss.
Shravan Shetty (Ag)
Call : 83692 48319
(147-B)

**"CHEMBUR"**

4 BHK with Balcony For Sale Near Lal Dungar Sindhi Society. Brokers welcome.: 9821097133. (182-A)

**PRABHADEVI**

Inder Tower 2 BHK 940 Fully Furnished 1 Parking 43000000 Ready Possession Shradha 9920655056 / 9820855056. (181-A)

**JUHU CHURCH**

Available 3 Bed Furnished on Rent. Students / Family - 08879561055. (B-16351)

## ૧૮. જગ્યા જોઈએ છે

**જગ્યા જોઈએ છે**

માટુંગા (ઈસ્ટ)માં 3 બેડરૂમ પાર્કિંગ સાથે ઓનરશીપ રેડી પઝેશન બજેટ 4.75થી 5 કરોડ. કિરીટ - 9819968298. (એસડીબીજી-૨૭૮૮)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)

**વસઈ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)

## ૨૦. ધંધાદારી જગ્યા

**અંધેરી-મરોલ**

ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં સેન્ટ્રલી એરકન્ડીશન ઓફિસ 1000' + 1000' કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, વેચાણથી/ ભાડેથી. તથા અન્ય ઘણી પ્રપોઝલ. એજન્ટ દિનેશ ઠક્કર - 9819337299. (૧૩૬-એ)

**મસ્જિદબંદર (વેસ્ટ)**

ગોદામ, સેમ્યુઅલ સ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફ્લોર, એરીયા 1100 ફુટ, લોરી ટચ, હાઈવેસ, બિલ્ડિંગ, ક્રોકરી, રેડીમેડ, પ્લાસ્ટિક ધંધાને લાયક, ભાડેથી રેડી કબજો લેવા મળો. મહેશ શાહ - 9820253026. (એસડીબીજી-૨૮૦૩)

**ઓફિસ - OFFICE**

Sanjar one world, મલાડ (વેસ્ટ), એસવી રોડ, 270' થી 700' વેચાણ તથા ભાડેથી, રિઝનેબલ ભાવ - ભાડેથી, પાર્કિંગ સાથે રેડી પઝેશન OC સાથે લેવા, 8898666616. (જેપી/૪૫૦૮-ઈ)

**ચર્નીરોડ**

સ્ટેશન પાસે ધંધાદારી જગ્યા ભાડેથી ૬૦૦ કાર્પેટ, માલકીન - ૯૬૧૯૨૩૭૫૯૬ / ૮૩૬૯૫૫૬૦૨૧. (બી-૧૬૨૬૫)

## ૨૦. ધંધાદારી જગ્યા

**વિલેપાર્લે વેસ્ટ**

લીવ લાઇસન્સથી ઓફિસ ડી જે રોડ ૧૫૫૦' આપવી છે. એજન્ટ: અશ્વિન મર્ચન્ટ: 9819874515. (૧૬૬-સી)

**ઓફિસ વેચાણથી**

Festival Discount Rs. 3,00,000/- in stamp Duty 95 લાખ+ કાંદીવલી વેસ્ટ Swastik House- સ્ટેશન સામે મેન એસવી રોડ, 90% લોન સંપર્ક - 9820866563. (જેપી/૪૫૧૨-એ)

**FORT, KALA GHODA**

Nariman Point 200 to 2000 sq. ft. on Outright and on Rent. Contact: Megh Prakash Shah 9870032042. (B-16348)

**ANDHERI (EAST)**

Opposite Railway Station, Near Metro 1300' Commercial, First Floor, Warmshell Office suitable for Diagnostic Centre, Insurance & Finance Company. Exclusive Entry with Exclusive Lift (2 Car Parking) OC Received. Available on Rent 3,60,000/- negotiable. Jigar Parekh: 9833424281 / 9920675286. (SDB-2806)

## ૨૩. મનોરંજન

**''પ્રાર્થના- 6500/-''**

''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'' :- 9820889938. (૧૩૫-એફ)

**નાટ્ય ગ્રુપ**

વર્ષના 8 પ્રોગ્રામ (6 નાટક + 1 MOVIE + 1 ORCHESTRA) નાટક મેમ્બરશીપ વ્યક્તિ દીઠના 2000/-થી શરૂ. 9619538663, 9820419608. (૧૨૪-એફ)

## ૩૧. નાણાંકીય

**IPO**

વેવ પાછો આવી ગયો... શું તમે તૈયાર છો? સીમલેસ, પ્રક્રિયા, રીયલ આઇટમ અપડેટસ, સ્માર્ટ વિશ્લેષણથી સરળતાથી અરજી કરો. થોડીક મિનિટોમાં TRADING DEMAT ACCOUNT ખોલો... 9323009875. (૧૪૬-સી)

**FUNDING**

For NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 yrs exp. financenetwork.in / 9819878744. (135-A)

## ૩૨. જમીન-મિલકત

**રાજકોટની**

આજુબાજુ ગામ: કાલાવડ રોડ, મોરબી રોડ, જામનગર રોડ, નાના - મોટા ખુલ્લા પ્લોટ, જમીન લેવા - વેચવા: 9082411822 / 9930730755. (૧૭૦-બી)

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૬૩૦૧)

**HEALTH INSURANCE**

TATA - કંપનીની નવી પ્રોડક્ટ. ઉંમર 0 થી 100 વર્ષ સુધી. 500% સુપર બોનસ. વગર કોઈ રોકટોક, CUSTOMIZE PLAN. (CLAIM SETTLEMENT 97.36%) ARTH: 9769989977. (૧૪૬-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**જયશ્રીદેવી**

જીવનના તમામ પ્રશ્નોના નિરાકરણ માટે મળો ફેંગશૂઈ એનર્જી હિલર. 9892121172. (જેપી/૪૫૦૬-સી)

**શાસ્ત્રીજી**

બધી સમસ્યાનું ઘર બેઠા ફોન માટે જન્માક્ષર દ્વારા જાણો તમારી સમસ્યા. (હોમવિઝિટ) 9765396401. (બી-૧૬૨૯૯)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉંદર, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૭૮-એ)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૩૨૬)

# 'લાડકી બહિણ'ને કારણે ગણેશોત્સવમાં 'આનંદાચા શિધા' નહીં મળે

રાજ્યના અન્ન પુરવઠા પ્રધાન છગન ભુજબળે વાસ્તવિકતા રજૂ કરી

મુંબઈ: લાડકી બહિણ યોજનાનો ફટકો 'આનંદાચા શિધા' સ્કીમને પડવાનો હોવાથી આ વર્ષે ગણેશોત્સવમાં જનતાને 'આનંદાચા શિધા' નહીં આપી શકાય એવી સ્પષ્ટતા કરી રાજ્યના અન્ન પુરવઠા ખાતાના પ્રધાન છગન ભુજબળે જણાવ્યું હતું કે 'લાડકી બહિણ' યોજના માટે ૪૫ હજાર કરોડ ફાળવવાના હોવાથી તેઓ નજીવા ભાવે રેશન નહીં આપી શકે. તહેવારોની મોસમમાં આ યોજના દ્વારા રાજ્યના ગરીબોને ચાર વસ્તુ માત્ર ૧૦૦ રૂપિયામાં આપવામાં આવે છે. લાડકી બહિણ યોજના માટે રાજ્યની તિજોરીમાંથી સામટા ૪૫ હજાર કરોડ ફાળવવા પડશે. એની થોડી થોડી અસર અન્ય યોજનાઓ પર પડી રહી હોવાનું છગન ભુજબળે સ્વીકાર્યું છે. હવે રાજ્ય સરકારની આવક વધારવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાની સ્પષ્ટતા કરી ભુજબળે વધુમાં જણાવ્યું હતું કે હાલ યોજનાઓ માટે ભંડોળની ફાળવણી નિયમિત નથી. જોકે જેમ જેમ ભંડોળ મળશે એમ એમ આ યોજનાઓ ચાલુ રાખવામાં આવશે. રાજ્યમાં ગરીબો માટે શરૂ કરવામાં આવેલી શિવ ભોજન થાળી યોજના બંધ થવાના આરે છે. શિવ ભોજન યોજના ચાલુ રાખવા માટે ૧૪૦ કરોડ રૂપિયાની જરૂર છે. સરકારે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગને માત્ર ૨૦ કરોડ રૂપિયા ફાળવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.■

# કબૂતરને ચણ નાખવાને મુદ્દે વિવાદ થતાં લોખંડના સળિયાથી હુમલો: ચાર સામે ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કબૂતરને ચણ નાખવાને મુદ્દે વિવાદ થતાં વૃદ્ધ પિતા સાથે ઉદ્ધત વર્તન કરી પુત્ર પર લોખંડના સળિયાથી હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના મીરા રોડની પોશ સોસાયટીમાં બની હતી. આ પ્રકરણે પોલીસે મહિલા સહિત ચાર જણ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

કાશીમીરા પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારની સવારે ૯ વાગ્યાની આસપાસ બની હતી. મીરા રોડ પૂર્વમાં ડી. બી. ઓઝોન સોસાયટીની બિલ્ડિંગ નંબર-૩૦માં રહેતા પ્રેમલ પટેલે (૪૬) નોંધાવેલી ફરિયાદ બાદ આશા વ્યાસ (૫૬), સોમેશ અગ્નિહોત્રી અને અન્ય બે જણ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ખાનગી બેંકની મલાડ શાખાના સિનિયર મેનેજર પ્રેમલ પટેલના પિતા મહેન્દ્ર પટેલ (૬૯) દૂધ લેવા માટે જઈ રહ્યા હતા. તે સમયે બિલ્ડિંગ નંબર-૨૮માં રહેતી આશા વ્યાસ સોસાયટી કમ્પાઉન્ડમાં કબૂતરોને ચણ નાખી રહી હતી. આ રીતે ચણ ન નાખવાની સલાહ મહેન્દ્રભાઈએ વ્યાસને આપી હતી, જેને પગલે વ્યાસ રોષે ભરાઈ હતી.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે વ્યાસે ગાળાગાળી કરી ઉદ્ધત વર્તન કર્યું હતું. ઝઘડાનો અવાજ સાંભળી પ્રેમલ પણ બિલ્ડિંગ નીચે આવ્યો હતો. મધ્યસ્થી કરનારા પ્રેમલને પણ વ્યાસે ગાળો ભાંડી હતી. તે સમયે વ્યાસની બિલ્ડિંગમાં રહેતો અગ્નિહોત્રી અન્ય બે જણ સાથે ત્યાં આવી પહોંચ્યો હતો. અગ્નિહોત્રીએ પ્રેમલ પર લોખંડના સળિયાથી હુમલો કર્યો હતો, જેમાં પ્રેમલને ઇજા થઈ હતી. ■

# આઠ ઓગસ્ટ સુધી હાર્બર લાઈનમાં વિશેષ નાઈટ બ્લોક

નવી મુંબઈ: હાર્બર રેલવે લાઇન પર મુસાફરી કરતા મુસાફરો માટે મહત્ત્વપૂર્ણ સમાચાર છે. વાશી રેલવે સ્ટેશન પર ઇલેક્ટ્રોનિક ઇન્ટરલિંકિંગનું કામ હાથ ધરવામાં આવ્યું હોવાથી મધ્ય રેલવેએ ચાર દિવસ માટે ખાસ બ્લોક જાહેર કર્યો છે. આ બ્લોક મંગળવાર, ૫ ઓગસ્ટથી શરૂ થઈ ગયો છે અને શુક્રવાર, ૮ ઓગસ્ટ સુધી રાત્રે ૧૦.૪૫ વાગ્યાથી સવારે ૩.૪૫ વાગ્યા સુધી લેવામાં આવશે. આ સમયગાળા દરમિયાન વાશી અને પનવેલ વચ્ચે લોકલ સેવાઓ સંપૂર્ણપણે બંધ રહેશે.

બ્લોક દરમિયાન કેટલાક રૂટ પણ બદલાયા છે. વડાલા રોડ સ્ટેશનથી સવારે ૫.૦૬ અને ૫.૫૨ વાગ્યે ઉપડનારી પનવેલ લોકલ ટ્રેનો અને સીએસએમટીથી સવારે ૪.૫૨ અને ૫.૩૦ વાગ્યે ઉપડનારી પનવેલ લોકલ ટ્રેનો નેરુળ સ્ટેશનથી ચલાવવામાં આવશે. તેવી જ રીતે સીએસએમટીથી સવારે ૫.૧૦ વાગ્યે ઉપડનારી ગોરેગાંવ લોકલ ટ્રેન વડાલા રોડ માર્ગે દોડશે.

આ સમયગાળા દરમિયાન કેટલીક લોકલ સેવાઓ સંપૂર્ણપણે રદ કરવામાં આવી છે. વાશી સ્ટેશનથી સવારે ૪.૦૩, ૪.૧૫, ૪.૨૫, ૪.૩૭, ૪.૫૦ અને ૫.૦૪ વાગ્યે ઉપડતી અપ લોકલ સેવાઓ રદ કરવામાં આવી છે, જ્યારે સીએસએમટી સ્ટેશનથી રાત્રે ૯.૫૦, ૧૦.૧૪ અને ૧૦.૩૦ વાગ્યે ઉપડતી ડાઉન લોકલ સેવાઓ પણ રદ કરવામાં આવી છે. ■

# ગણેશમૂર્તિના વિસર્જન માટે કૃત્રિમ તળાવોની સંખ્યા વધારાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગણેશોત્સવનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે ગણપતિબાપ્પાના આગમનની સાથે જ તેના વિસર્જન માટેની તૈયારીઓ જોરદાર કરવામાં આવી રહી છે, જેમાં આ વર્ષે કૃત્રિમ તળાવોની સંખ્યા વધારવાનો નિર્ણય મુંબઈ મહાનગરપાલિકાએ લીધો છે. ગયા વર્ષે ગણેશમૂર્તિના વિસર્જન માટે મુંબઈમાં ૨૦૪ કૃત્રિમ તળાવ બનાવવામાં આવ્યા હતા. પાલિકાના ઝોન-બેના ડેપ્યુટી કમિશનર તથા શ્રીગણેશોત્સવ સમન્વયક પ્રશાંત સપકાળેએ જણાવ્યું હતું કે મુંબઈગરા માટે પર્યાવરણપૂરક પદ્ધતિથી વિસર્જનની સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવવાની છે. પ્લાસ્ટર ઓફ પેરિસથી બનાવેલી ઘરની મૂર્તિ તેમ જ છ ફૂટ કરતા ઓછી ઊંચાઈની તમામ મૂર્તિના વિસર્જન આ વખતે ફરજિયાત રીતે કૃત્રિમ તળાવમાં કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. તેથી કૃત્રિમ તળાવોની સંખ્યા વધારવામાં આવશે. નાગરિકોએ પોતાના ઘરના તથા સાર્વજનિક મંડળોએ તેમની નાની મૂર્તિઓના વિસર્જન તેમના ઘરની નજીક આવેલા કૃત્રિમ તળાવમાં જ કરવાના રહેશે. કૃત્રિમ તળાવમાં વિસર્જન થતા બાદ તેમાં જમા થયેલા ગાળ (માટી)ને જમા કરીને તેને પર્યાવરણપૂરક પદ્ધતિએ ફરી ઉપયોગ કરવામાં આવશે. આ દરમ્યાન સાર્વજનિક ગણેશોત્સવ મંડળોએ ગણેશમૂર્તિના આગમન અને વિસર્જન રૂટ પર રહેલા ખાડાઓને તાત્કાલિક પૂરવાના અને અડચણરૂપ બની રહેલી ઝાડની ડાળખીઓનું ટ્રીમિંગ કરવાની માગણી પાલિકા સક્ષમ કરી હતી. ■

# કમલા મિલમાં ગેરકાયદે બાંધકામ તોડી પડાયાં

મુંબઈ: લોઅર પરેલની કમલા મિલ પરિસરમાં રહેલા 'લિવિંગ લિક્વિડ્સ' એસ્ટાબ્લિશમેન્ટમાં રહેલા ગેરકાયદે બાંધકામને તોડી પાડીને તેમા રહેલી બને હોટલના લાઇસન્સ રદ કરવાની કાર્યવાહી મુંબઈ મહાનગરપાલિકાએ પાંચ ઓગસ્ટ, મંગળવારના હાથ ધરી હતી. ગ્રાઉન્ડ પ્લસ અને પહેલા માળા પર ગાર્મેન્ટ શોપને બદલે રેસ્ટોરાં બાર અને વાઈન શોપ અને ગ્રાઉન્ડ ફ્લોર પર ટેલરિંગ શોપને બદલે રેસ્ટોરાં અને ડાઈનિંગ એવો ફેરફાર કરીને ગેરકાયદે રીતે ચલાવવામાં આવી રહ્યું હતું. તેથી પાલિકાએ 'લિવિંગ લિક્વિડ્સ' (મુંબઈ વાઈન્સ એન્ડ ટ્રેડર્સ)ને ચાર ઓગસ્ટના સ્ટોપ વર્ક નોટિસ ફટકારી હતી અને ત્યારબાદ પાંચ ઓગસ્ટના આકરી કાર્યવાહી કરી હતી.

આ અગાઉ ૩૧ જુલાઈ, ૨૦૨૫ના પણ કમલા મિલમાં આવેલી રેસ્ટોરાં અને ખાદ્ય પદાર્થ વેચનારી હોટલ સામે કાર્યવાહી કરીને બાંધકામ તોડી પાડીને જપ્તીની કાર્યવાહી કરવામાં આવી હતી. ■

# આરબીઆઇના નીતિ નિર્ણયની જાહેરાત અગાઉ સાવચેતીનો માહોલ: સેન્સેક્સ ૩૦૮ પોઈન્ટ ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રિઝર્વ બેન્કના વ્યાજદરને લગતા નીતિ નિર્ણયની જાહેરાત અગાઉ સાવચેતીના માહોલ વચ્ચે રિલાયન્સ અને એચડીએફસી બેન્કની આગેવાનીમાં ઓઇલ તથા ગેસ સેક્ટર અને બેન્કિંગ સેક્ટરના શેરોમાં વેચવાલીનું દબાણ વધી જતાં બજાર નેગેટિવ ઝોનમાં સરક્યું હતું. સેન્સેક્સ ૩૦૮.૪૭ પોઇન્ટ અથવા તો ૦.૩૮ ટકાના ઘટાડા સાથે ૮૦,૭૧૦.૨૫ની સપાટીએ અને નિફ્ટી ૭૩.૨૦ પોઇન્ટ અથવા તો ૦.૩૦ ટકાના ઘટાડા સાથે ૨૪,૬૪૯.૫૫ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો.

અમેરિકાએ ભારતને રશિયન ક્રૂડ ઓઇલની આયાત સંદર્ભે નવી ટેરિફ અને પેનલ્ટીની ચેતવણીઓ ઉચ્ચારી હોવાથી રોકાણકારોનું સેન્ટિમેન્ટ ખરડાયું હતું. નિફ્ટી આઈટી અને નિફ્ટી ફાર્મા શેરોની આગેવાનીએ પીછેહઠ થતાં સવારના સત્રમાં તમામ મુખ્ય ક્ષેત્રીય શેરઆંક નેગેટીવ ઝોનમાં ધકેલાયા હતા. સત્રને અંતે સ્મોલ અને મિડકેપ શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. બીએસઈ સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૨૭ ટકા અને મિડકેપ ઇન્ડેક્સ ૦.૧૪ ટકા નીચે ગબડ્યો હતો.

અદાણી પોર્ટ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ઇન્ફોસિસ, આઇસીઆઇસીઆઇ બેન્ક, ઇટર્નલ, બીઇએલ, એચડીએફસી બેન્ક, પાવર ગ્રીડ કોર્પોરેશન, આઇટીસી અને સન ફાર્માસ્યુટિકલ્સનો ટોપ લુઝર્સ શેરની યાદીમાં સમાવેશ હતો. જ્યારે, ટાઇટન, મારુતિ, ટ્રેન્ટ, ભારતી એરટેલ, બજાજ ફાઇનાન્સ, ટેક મહિન્દ્રા, સ્ટેટ બેન્ક, એલએન્ડટી, એચસીએલ ટેકનોલોજી અને એનટીપીસીનો ટોપ ગેઇનર્સ શેરમાં સમાવેશ હતો. ટાઈટન ૨.૧૬ ટકા, મારુતિ ૧.૩૦ ટકા, ટ્રેન્ટ ૧.૨૨ ટકા, ભારતી એરટેલ ૦.૭૭ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૬૯ ટકા, ટેક મહિન્દ્ર ૦.૬૬ ટકા, સ્ટેટ બેન્ક ૦.૬૧ ટકા, લાર્સન ૦.૫૭ ટકા અને એચસીએલ ટેકનોલોજી ૦.૫૪ ટકા વધ્યા હતા, જ્યારે અદાણી પોર્ટ્સ ૨.૩૮ ટકા, રિલાયન્સ ૧.૪૦ ટકા, ઈન્ફોસિસ ૧.૩૯ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૧૯ ટકા, ઈટર્નલ ૧ ટકા, બીઈએલ ૦.૮૦ ટકા, એચડીએફસી બેન્ક ૦.૭૯ ટકા, પાવર ગ્રીડ ૦.૭૧ ટકા, આઈટીસી ૦.૬૨ ટકા, સન ફાર્મા ૦.૫૮ ટકા અને એશિયન પેઈન્ટ્સ ૦.૫૨ ટકા ઘટ્યા હતા.

જેએસડબલ્યુ સિમેન્ટ રૂ. ૩,૬૦૦ કરોડના ઇશ્યૂ સાથે સાતમી ઓગસ્ટે બજારમાં પ્રવેશ કરશે. કોનપ્લેક્સ સિનેમાનો રૂ. ૯૦.૨૭ કરોડનો બુકબિલ્ડિંગ ઇશ્યૂ સંપૂર્ણપણે ૫૧ લાખ શેરનો ફ્રેશ ઇશ્યૂ છે, જે ૭ ઓગસ્ટના રોજ ખુલશે અને ૧૧ ઓગસ્ટે બંધ. થશે. ફાળવણી ૧૨ ઓગસ્ટે અને કામચલાઉ લિસ્ટિંગ તારીખ ૧૪ ઓગસ્ટ છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૬૮ થી રૂ. ૧૭૭ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૮૦૦ શેર છે. કંપની ટેક્નોલોજી અપગ્રેડેશન ઉપરાંત નવા રાજ્યો અને શહેરોમાં વિસ્તરણ કરી રહી છે. પેટીએમમાંથી એન્ટફિન એક્ઝિટ કરશે એવી ચર્ચા વચ્ચે બ્લોક ડીલ અંતર્ગત ૨.૯ ટકા ઇક્વિટીમાં હાથબદલો થયો હતો.

ઓલટાઈમ પ્લાસ્ટિક્સ સાતમી ઓગસ્ટે બુકબિલ્ડિંગ ભરણું લાવે છે. ઇન્ટિગ્રેટેડ સ્ટીલ પ્રોડક્ટ ઉત્પાદક અને ટીએમટી રિબાર્સની સિંહાદ્રી ટીએમટી બ્રાન્ડની માલિક સ્ટીલ એક્સચેન્જ ઇન્ડિયા લિમિટેડે પહેલા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામોમાં વાર્ષિક ધોરણે ૨૯૬.૩૦ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૦.૨૩ કરોડનો ચોખ્ખો નફો,૧૪.૫૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૦૪.૯૫ કરોડની કુલ આવક અને ૩૨.૬૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૬.૩૫ કરોડનો એબિટા નોંધાવ્યો છે.

પ્રથમ ક્વાર્ટરના નાણાકીય વર્ષ ૨૦૨૬ના પરિણામની જાહેરાત પછી આઇનોક્સ ઇન્ડિયાના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો. પ્રવેગ લિમિટેડને ૧૦ ઓગસ્ટે ગુજરાતના દ્વારકા જિલ્લાના ટીમડી ખાતે યોજાનાર હાઇ-પ્રોફાઇલ વર્લ્ડ લાયન ડે ૨૦૨૫ ઉજવણીના સંચાલન માટે પોરબંદર વનવિભાગના નાયબ વનસંરક્ષક તરફથી એવોર્ડ પત્ર (લેટર ઓફ ઇન્ટેન્ટ) મળ્યો છે. આ કરારની કિંમત આશરે રૂ. ૩.૯૯ કરોડ છે. નફામાં ૫૬ ટકાના ઉછાળા અને ૨:૧ના બોનસ ઇશ્યૂની જાહેરાત પર ગોડફ્રે ફિલિપ્સના શેરમાં ઉછાળો જોવાયો હતો. પ્રવાસન સંબંધિત પ્રોજેક્ટ્સને નાણાકીય સહાય પૂરી પાડતી, ટુરિઝમ ફાઇનાન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડે પ્રથમ ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૬.૪૪ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૬૫.૮૨ કરોડની કુલ આવક, ૫.૭૩ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૫૯.૮૫ કરોડનો એબિટા અને ૨૦.૩૧ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૩૦.૫૬ કરોડનો ચોખ્ખો નપો નોંધાવ્યો છે.

આઇસીએઆઇએ નાણાકીય ક્ષેત્રની ફ્રોડ સામે જાગરુકતા અને સુરક્ષા વધારવાના હેતુસર સેબી અને આરબીઆઇ સહિતના નિયામકોની સહભાગીતા સાથે ફ્યુચર પ્રુફ ફોરેન્સિક ૨૦૨૫ નામે એક પરિચર્ચાનું આયોજન કર્યું હતું, જેમાં ફ્રોડ રિસ્ક મેનેજમેન્ટ માટે રાષ્ટ્રવ્યાપી ધોરણે સેબી, કેગ અને બેન્કોના સહયોગ, ઓડીટર્સને ફોરેન્સિક સ્ટાન્ડર્ડ એઆઇ અને સ્પોશિયલાઇઝ્ડ ટ્રેનીંગ આપવાની ચર્ચા ઉપરાંત બેન્ક ફ્રોડના પ્રારંભિક લક્ષણો અંગે પ્રકાશન બહાર પાડવામાં આવ્યું હતું. રાજીવ આનંદની એમડી અને સીઈઓ તરીકે નિમણૂક પર ઇન્ડસઇન્ડ બેંકના શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો. જૂન ક્વાર્ટરમાં ભારતીય કોર્પોરેટ ક્ષેત્રમાં પ્રમોટર્સ હોલ્ડિંગ આઠ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યું છે. એમસીએક્સ અને ડેલ્હીવરીના પ્રથમ ક્વાર્ટરના પરિણામ સારા આવ્યા છે. ટાટા ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશનનો કોન્સોલિડેટેડ પ્રોફિટ જૂન ત્રિમાસિક ગાળામાં ૧૧.૬ ટકા વધીને રૂ. ૧૪૬.૩૦ કરોડ નોંધાયો છે. એક્ઝોનોબલે જૂન ત્રિમાસિકમાં ૨૦.૫૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૯૧ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. એબીબી ઇન્ડિયાનો ચોખ્ખો નફો જૂન ક્વાર્ટરમાં ૨૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૫૨ કરોડ નોંધાયો છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ, હોંગકોંગનો હેંગસેંગ અને જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ સકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. યુરોપિયન બજારો ગ્રીન ઝોનમાં ટ્રેડ થઇ રહ્યા હતા. સોમવારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, સોમવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૨,૫૬૬.૫૧ કરોડ રૂપિયાના ઇક્વિટી શેર ભારતીય બજારમાં વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ ૪,૩૮૬.૨૯ કરોડ રૂપિયાના ઇક્વિટી શેર ખરીદ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૦૨ ટકા ઘટીને ૬૮.૦૬ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. સોમવારે, ૩૦ શેરો વાળા સેન્સેક્સ ૪૧૮.૮૧ પોઈન્ટ વધીને ૮૧,૦૧૮.૭૨ પર બંધ થયો હતો, અને નિફ્ટી ૧૫૭.૪૦ પોઈન્ટ વધીને ૨૪,૭૨૨.૭૫ પર બંધ થયો હતો.

# ખાંડમાં ₹ ૧૦થી ૨૦નો સુધારો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૮૦થી ૩૯૩૦માં થયાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે મથકોથી વિપરીત સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૧૦ અને રૂ. ૨૦નો સુધારો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ પણ જળવાઈ રહ્યો હતો. તેમ જ એકંદરે માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૦૩૦થી ૪૧૦૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૪૦૮૨થી ૪૧૬૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

# વૈશ્વિક સોનું બે સપ્તાહની ટોચેથી પાછું ફરતા સોનામાં ₹ ૯૧ની નરમાઈ, ચાંદી ₹ ૫૨૨ વધી

મુંબઈ: ગઈકાલે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ એક સપ્તાહની નીચી સપાટી આસપાસ પહોંચવાની સાથે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ એક મહિનાના તળિયે પહોંચવાથી તેમ જ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ભારતની રશિયાથી થઈ રહેલી ખરીદીને ધ્યાનમાં લેતાં ભારતથી થતી આયાત સામે ટૅરિફમાં હજુ વધારો કરવાની ધમકી ઉચ્ચારી હોવાથી વૈશ્વિક વેપારમાં અનિશ્ચિતતા સપાટી પર રહેતાં ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ વધીને બે સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં વધ્યા મથાળેથી સાધારણ ઘટાડો અને ચાંદીના ભાવમાં ધીમો સુધારો આવ્યો હતો.

જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે વૈશ્વિક મિશ્ર અહેવાલને ધ્યાનમાં લેતા સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૧નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૫૨૨ની આગેકૂચ જળવાઈ રહી હતી.

આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની જળવાઈ રહેલી સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ભાવ કિલોદીઠ રૂ. ૫૨૨ વધીને રૂ. ૧,૧૨,૪૨૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહી હતી.

વધુમાં આજે ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત ડૉલર સામે રૂપિયામાં પીછેહઠ જળવાઈ રહેતાં આયાત પડતરો વધવાથી વેરારહિત ધોરણે સોનાના વેરારહિત ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૧ના સાધારણ ઘટાડા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૯,૬૭૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૦૦,૦૭૬ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચી સપાટીએથી માત્ર રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી હતી. આ સિવાય જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ગઈકાલે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવ ગત ૨૪ જુલાઈ પછીની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ આજે લંડન ખાતે હાજરમાં ભાવ સાધારણ ૦.૨ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૩૬૫.૪૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ ૩૪૨૩.૨૦ ડૉલર આસપાસના મથાળે ટકેલા રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે વધુ ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૩૭.૪૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

વધુમાં આજે ડૉલર ઈન્ડેક્સ એક સપ્તાહની નીચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ એક મહિનાની નીચી સપાટીએ પહોંચી હોવાના અહેવાલ હતા. એકંદરે અમેરિકાના રોજગારીના ડેટા નબળા આવવાની સાથે ટ્રેડ વૉરને કારણે વૈશ્વિક આર્થિક વૃદ્ધિની ચિંતા સપાટી પર જળવાઈ રહેતાં અમેરિકી ફેડરલ રિઝર્વ સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ સર્જાતા સોનામાં સુધારાને ટેકો મળી રહ્યો હોવાનું ઓએએનડીએનાં વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર પણ ફેડરલ રિઝર્વ સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી ૯૦ ટકા શક્યતા વ્યક્ત થઈ રહી છે.

સામાન્યપણે રાજકીય અને આર્થિક અનિશ્ચિતતા તથા નીચા વ્યાજદરના સંજોગોમાં સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્કયામતોમાં રોકાણકારોની માગ રહેતી હોય છે.

દરમિયાન ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ભારતની રશિયાથી થઈ રહેલી તેલની ખરીદીને ધ્યાનમાં લેતાં ભારતથી થતી આયાત સામેની ટૅરિફમાં વધારો કરવાની ધમકી આપી હતી, જ્યારે નવી દિલ્હીએ ટ્રમ્પની ટિપ્પણીને અન્યાયી લેખાવાની સાથે ભારત આર્થિક હિતો જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું હોવાથી ખટરાગ વધુ ઘેરો બનતાં સોનાના સુધારાને ટેકો મળ્યો હોવાનું વૉન્ગે ઉમેર્યું હતું.

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ઈ-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નં. | ૨૦૨૫_MCGM_૧૨૦૭૨૬૫ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | D વોર્ડમાં બીટ નં. ૨૧૯માં બાબુલનાથ રોડ (કવિવર્ય B. R. તાંબે ચોકથી બાબુલનાથ મંદિર ચોક સુધી) L.H.S. ખાતે ફૂટપાથમાં સુધારો. |
| ઈ-ટેન્ડર કિંમત (અંદાજિત કિંમત) | રૂ. ૩૭,૭૮,૩૮૩.૫૪/- |
| ટેન્ડર ફી | રૂ. ૭,૨૬૦ + ૧૮% GST |
| બીડ સુરક્ષા ડિપોઝીટ/ બારડી | રૂ. ૩૭,૮૦૦/- |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૦૬.૦૮.૨૦૨૫ ૧૨.૦૦ ક. થી |
| ટેન્ડર વેચાણ માટેની છેલ્લી તારીખ & સમય | ૧૪.૦૮.૨૦૨૫ ૧૨.૦૦ ક. સુધી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૧૪.૦૮.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પોર્ટલ | mahatenders.gov.in |
| પેકેટ A ખુલશે | ૧૮.૦૮.૨૦૨૫ ૧૨.૦૦ ક. પછી |
| પેકેટ B ખુલશે | ૧૮.૦૮.૨૦૨૫ ૧૨.૧૦ ક. પછી |
| પેકેટ C ખુલશે | ૨૦.૦૮.૨૦૨૫ ૧૨.૦૦ ક. પછી |
| સંચાર માટેનું સરનામું | આસી. કમિશનર 'D' વોર્ડ જોબનપુત્રા કમ્પાઉન્ડ, નાના ચોક, મુંબઈ-૪૦૦૦૦૭ની ઓફિસ. |
| બીડ ખોલવા માટેનું સ્થળ | 'D' વોર્ડ ઓફિસમાં ઓનલાઈન |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.

BMC કોઈપણ તબક્કે કોઈપણ કારણ જણાવ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ કે તમામ અરજી નકારવા કે કોઈપણ અરજી સ્વીકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
વૉર્ડ એક્ઝિક્યુટિવ એન્જિનિયર
D વોર્ડ

PRO/1204/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# ટ્રમ્પની ટૅરિફ વૃદ્ધિની ધમકી: રૂપિયો વધુ બાવીસ પૈસા તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહેવાની સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ બાવીસ પૈસા તૂટીને ૮૭.૮૮ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે ભારતની રશિયાથી ક્રૂડતેલની જળવાઈ રહેલી ખરીદીને ધ્યાનમાં લેતા અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ભારતથી થતી આયાત સામે વધુ ઊંચા ટૅરિફ લાદવાની ધમકી ઉચ્ચારતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. જોકે, આજે રિઝર્વ બૅન્કનો સંભવિતપણે હાજર બજારમાં હસ્તક્ષેપ ઉપરાંત ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં અમુક અંશે ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૬૬ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૭.૯૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૯૫ અને ઉપરમાં ૮૭.૭૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે બાવીસ પૈસાના ઘટાડા સાથે ૮૭.૮૮ના મથાળે બંધ રહ્યો હતો. ટ્રમ્પની ઊંચી ટૅરિફની ધમકી સાથે અમેરિકાની સાથેની ટ્રેડ ડીલની અનિશ્ચિતતા સપાટી પર આવી હતી. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈતરફી વલણ રહેવાની સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીના દબાણને ધ્યાનમાં લેતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકી ફેડરલ રિઝર્વ સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં કાપ મકે તેવા આશાવાદને પગલે ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળતી નરમાઈ અમુક અંશે રૂપિયાને ટેકો આપી શકે છે.

દરમિયાન આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૦૮.૪૭ પૉઈન્ટનો અને ૭૩.૨૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૫૬૬.૫૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં પીછેહઠ જળવાઈ રહી હતી. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯૭ ટકા ઘટીને બેરલદીઠ ૬૮.૦૯ ડૉલર આસપાસ અને ડૉલર ઈન્ડેક્સ ઘટ્યા મથાળેથી સાધારણ ૦.૧૮ ટકા વધીને ૯૮.૬૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

# ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૧૦ની તેજી આગળ ધપી હતી. તેમ જ તેની આગેવાની હેઠળ કોપરની અમુક વેરાઈટીઓ, ઝિન્ક સ્લેબ તથા લીડ ઈન્ગોટ્સમાં પણ છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ચારનો સુધારો આવ્યો હતો. જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. એક ઘટી આવ્યા હતા, જ્યારે બ્રાસ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ એને કોપર સ્ક્રેપ હેવીમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને અનુક્રમે રૂ. ૨૯૮૮ અને રૂ. ૧૩૪૨ના મથાળે રહ્યા હતા. આ સિવાય ટીન અને નિકલની આગેવાની હેઠળ અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૮૫૩, કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૨૯, રૂ. ૭૬૭, રૂ. ૨૬૯ અને રૂ. ૧૮૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૨૧૬ના મથાળે રહ્યા હતા.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ઈ-ટેન્ડર નોટીસ

નં. ACPN/૧૮૪૫/SR/AEM, તા. ૦૫/૦૮/૨૦૨૫

| | |
|---|---|
| ડીપાર્ટમેન્ટ | આસી. કમિશનર P/નોર્થનું કાર્યાલય, મલાડ (પ.), મુંબઈ-૪૦૦૦૬૪ |
| બીડ નં. | 2025_MCGM_1206686_1 2025_MCGM_1206686_2, 2025_MCGM_1206686_3 2025_MCGM_1206689_1, 2025_MCGM_1206689_2 2025_MCGM_1206689_3 2025_MCGM_1206691_1 2025_MCGM_1206691_2 2025_MCGM_1206695_1 2025_MCGM_1206695_2 2025_MCGM_1206695_3 2025_MCGM_1206695_4 2025_MCGM_1206692_1 2025_MCGM_1207039_1 2025_MCGM_1207039_2 |
| વિષય: | મલાડ (પૂ.) P/નોર્થ વોર્ડમાં વિવિધ સ્થાનો પર ૨૭.૦૮.૨૦૨૫ થી ૦૬.૦૯.૨૦૨૫ ગણપતિ વિસર્જન માટે બંદોબસ્તની જોગવાઈ |
| ટેન્ડર તા. | ૦૬.૦૮.૨૦૨૫, ૧૦.૦૦ ક.થી ૧૨.૦૮.૨૦૨૫, ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | www.mahatender.gov.in |
| a) સંપર્ક વ્યક્તિનું નામ: b) ઓફિસ નં. c) ઈ-મેલ ID | શ્રી મંદાર ચૌધરી ward Ex. Eng. P/N (૦૨૨) ૨૮૮૨૩૨૬૬ ee.pn@mcgm.gov.in |

સહી/-
આસી. કમીશનર P/N

PRO/1212/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# બેન્ચમાર્ક નેગેટિવ ઝોનમાં સરકવા છતાં માર્કેટ કેપમાં સુધારો

મુંબઇ: શેરબજાર સોમવારના સત્રને અંતે નેગેટીવ ઝોનમાં સરક્યું હતું. ઓટો અને પાવર ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા અને ઓઈલ એન્ડ ગેસ અને એનર્જી ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યા હતા, જ્યારે માર્કેટ કેપમાં રૂ.૮૫૦૦૦ કરોડનો ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સની ૧૭ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૩ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૧૪ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૨૭ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૩ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૩૬ ટકા ઘટ્યો હતો. મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૮૧,૦૧૮.૭૨ના બંધથી ૩૦૮.૪૭ પોઈન્ટ્સ (૦.૩૮ ટકા) ઘટ્યો હતો.

# નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાત ટોચનું નિકાસકર્તા રાજ્ય: ફિઓ

નવી દિલ્હી: ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાત દેશમાંથી થયેલી કુલ નિકાસ પૈકી ૨૬.૬ ટકાના હિસ્સા અને રૂ. ૯.૮૩ લાખ કરોડનાં શિપમેન્ટ સાથે દેશનાં ટોચના નિકાસકર્તા રાજ્ય તરીકેનું સ્થાન જાળવી રાખ્યું હોવાનું નિકાસકાર સંગઠન ફેડરેશન ઑફ ઈન્ડિયન એક્સપાર્ટ ઓર્ગેનાઈઝેશન (ફિઓ)એ આજે જણાવ્યું હતું. એકંદરે નિકાસમાં આગલા વર્ષની સરખામણીમાં સાધારણ ઘટાડો થયો હોવા છતાં ગુજરાત નિકાસ અગ્રતાક્રમ જાળવી રાખવામાં સફળ રહ્યું છે. નોંધનીય બાબત એ છે કે મહારાષ્ટ્રની નિકાસ રૂ. ૫,૫૭,૨૭૧ કરોડની સપાટીએ રહી હતી. તેની સરખામણીમાં ગુજરાતની નિકાસ માત્ર રૂ. ૩.૪ લાખ કરોડ ઓછી રહી હતી. ફેડરેશનની માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષની નિકાસમાં મહારાષ્ટ્ર બાદ અનુક્રમે તમિળનાડુ, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, આંધ્ર પ્રદેશ અને તેલંગણા રાજ્યનો સમાવેશ થતો હતો. જોકે, કુલ નિકાસના ૨૬.૬ ટકા અને રૂ. ૯.૮૩ લાખ કરોડનાં મૂલ્યની નિકાસ સાથે ગુજરાતે ટોચના નિકાસકાર રાજ્ય તરીકેનું સ્થાન જાળવી રાખ્યું હતું. તેમ જ ગુજરાતમાં પણ જામનગર જિલ્લો મુખ્યત્વે પેટ્રોલિયમ અને રિફાઈનરીની નિકાસને ટેકે રૂ. ૩.૬૩ લાખ કરોડના શિપમેન્ટ સાથે અગ્રેસર રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે રાજ્યની કુલ નિકાસમાં જામનગરનો હિસ્સો એક તૃતિયાંશ રહ્યો હતો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

પબ્લિક નોટીસ

નં. ACPN/૧૦૭૫/SR/AEM તારીખ ૦૫.૦૮.૨૦૨૫

| | |
|---|---|
| વિભાગ | આસી. કમિશનર P/નોર્થ, મલાડ (૫), મુંબઈ-૬૪ની ઓફિસ |
| સેક્શન | જાળવણી વિભાગ P/N |
| બીડ નં. | 2025_MCGM_1206345_1 2025_MCGM_1206345_2 2025_MCGM_1206345_3 2025_MCGM_1206345_4 2025_MCGM_1206345_5 2025_MCGM_1206345_6 2025_MCGM_1206345_7 2025_MCGM_1206345_8 2025_MCGM_1206345_9 2025_MCGM_1206345_10 2025_MCGM_1206345_11 2025_MCGM_1206345_12 2025_MCGM_1206345_13 2025_MCGM_1206345_14 2025_MCGM_1206345_15 2025_MCGM_1206345_16 2025_MCGM_1206345_17 2025_MCGM_1206345_18 2025_MCGM_1206345_19 |
| વિષય: | P/નોર્થ વોર્ડમાં મલાડ (પશ્ચિમ)માં વિવિધ સ્થળોએ ૨૭.૦૮.૨૦૨૫ થી ૦૬.૦૯.૨૦૨૫ સુધી ગણપતિ વિસર્જન માટે વ્યવસ્થાઓની જોગવાઈ |
| ટેન્ડર તારીખ | ૦૬/૦૮/૨૦૨૫, ૧૦.૦૦ ક.થી ૧૨/૦૮/૨૦૨૫, ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | www.mahatender.gov.in |
| સંપર્ક વ્યક્તિ a) નામ: b) ઓફિસ નં. c) ઈ-મેલ id | શ્રી. મંદાર ચૌધરી, વોર્ડ એક્ષિ. અન્જિ. (i/c.) P/N (૦૨૨) ૨૮૮૨૩૨૬૬ ee.pn@mcgm.gov.in |

સહી/-
આસી. કમિશનર P/N

PRO/1213/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

### આનંદોઃ મુંબઈના વિકાસ આડેનો અવરોધ દૂર થયો

# વિવિધ પ્રોજેક્ટો માટે પર્યાવરણની મંજૂરી માટે હવે દિલ્હી જવાની જરૂર નથી

▸ એસઈઆઈએએ અને એસઈએસી સક્ષમ અધિકારીઓઃ સુપ્રીમ કોર્ટ

▸ મુંબઈ શહેરમાં છેલ્લા પંદર મહિનાથી વિકાસની આડે આવેલો અવરોધ હવે દૂર થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સુપ્રીમ કોર્ટે મંગળવારે આપેલા એક ચુકાદાને પગલે મુંબઈ શહેરમાં છેલ્લા પંદર મહિનાથી વિકાસની આડે આવેલો અવરોધ હવે દૂર થયો છે. સુપ્રીમ કોર્ટે મંગળવારે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના ૨૯ જાન્યુઆરીના નોટિફિકેશનને માન્ય રાખ્યું, પરંતુ કેટલાક મોટા મકાન અને બાંધકામ પ્રોજેક્ટ્સને પૂર્વ પર્યાવરણીય મંજૂરીથી મુક્તિ આપતી વિવાદાસ્પદ કલમને રદ કરી દીધી.

મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રનની બનેલી બેન્ચે ૨૦,૦૦૦ ચોરસ મીટરથી વધુના બિલ્ટ-અપ એરિયાવાળા પ્રોજેક્ટ્સને, પછી ભલે તે ઔદ્યોગિક, શૈક્ષણિક અથવા અન્યથા હોય, પર્યાવરણીય અસર મૂલ્યાંકન (આઆઈએ) ૨૦૦૬ના શાસનમાંથી મુક્તિ આપી શકાતી નથી.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ નોટિફિકેશન કેરળને પણ લાગુ પડશે.

આ આદેશ આપતા, ચીફ જસ્ટિસે કહ્યું હતું કે, 'એવું સતત માનવામાં આવ્યું છે કે કુદરતી સંસાધનો આગામી પેઢી માટે ટ્રસ્ટમાં રાખવાના છે. તે જ સમયે, અદાલતોએ હંમેશા વિકાસ પ્રવૃત્તિઓની નોંધ લીધી છે અને દેશ તેના વિના પ્રગતિ કરી શકતો નથી.'

સર્વોચ્ચ અદાલતે હંમેશા ટકાઉ વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે તેનું અવલોકન કરતાં ચીફ જસ્ટિસે કહ્યું હતું કે, વિકાસને મંજૂરી આપવાની ખાતરી કરતી વખતે કોર્ટે પર્યાવરણને ઓછામાં ઓછું નુકસાન થાય તે માટે સાવચેતી રાખવાની પણ જરૂર છે અને આવી વિકાસ પ્રવૃત્તિઓ માટે ખર્ચ ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે.

આદેશમાં કહેવામાં આવ્યું છે કે કેન્દ્રીય મંત્રાલય માટે દેશભરમાં પ્રોજેક્ટ્સ પર વિચાર કરવો શક્ય બનશે નહીં અને તેથી રાજ્ય-

(જુઓ પાનું ૪) ▸▸

### બૉમ્બે હાઈ કોર્ટનો મોટો નિર્ણય

# ફ્લેટ જેટલો મોટો, તેટલું મેન્ટેનન્સ વધુ

### હવે અપાર્ટમેન્ટના કદ પ્રમાણે મેન્ટેનન્સ ચાર્જ ચૂકવવો પડશે

મુંબઈઃ મુંબઈ હાઈ કોર્ટે મહારાષ્ટ્ર એપાર્ટમેન્ટ ઓનરશિપ એક્ટ, ૧૯૭૦ હેઠળ એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ઘણા રેસિડેન્શિયલ કોલોની અથવા સોસાયટીઓમાં બધા ફ્લેટધારકો પાસેથી સમાન મેન્ટેનન્સ ચાર્જ વસૂલવામાં આવે છે અથવા દરેક સોસાયટીના આ અંગે અલગ અલગ નિયમો હોય છે. જોકે હવે હાઈ કોર્ટે એક કેસની સુનાવણી દરમિયાન એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે ચુકાદો આપ્યો છે કે એપાર્ટમેન્ટના કદના આધારે મેન્ટેનન્સ ચાર્જ ચૂકવવામાં આવશે. તેથી હવે મેન્ટેનન્સ ચાર્જ કદના આધારે ચૂકવવો પડશે.

પુણેમાં એક રેસિડેન્શિયલ કોલોનીનો વિવાદ હાઈ કોર્ટમાં પહોંચ્યો હતો. આ રહેણાંક સંકુલમાં ૧૧ ઇમારતો છે અને તેમાં ૩૫૬ થી વધુ ફ્લેટ છે. દરમિયાન કોન્ડોમિનિયમ મેનેજમેન્ટ બૉર્ડે ફ્લેટના કદને ધ્યાનમાં લીધા વિના બધા ફ્લેટ માલિકો પાસેથી સમાન મેન્ટેનન્સ ચાર્જ વસૂલવાનો ઠરાવ પસાર કર્યો હતો. આ કારણે નાના કદના ફ્લેટના માલિકોએ આ નિર્ણય સામે નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે કોન્ડોમિનિયમ મેનેજમેન્ટ બોર્ડનો આ નિર્ણય કાયદાનું ઉલ્લંઘન છે. ત્યારબાદ આ ફ્લેટના માલિકોના દાવાઓ સાથે સંમત થવાનો અને ધોરણો મુજબ મેન્ટેનન્સ ચાર્જ વસૂલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે કેટલાક

(જુઓ પાનું ૪) ▸▸

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ તબક્કાવાર, દિવાળી પછીનું મુહૂર્ત

નાશિકઃ રાજ્ય ચૂંટણી કમિશનર દિનેશ વાઘમારેએ નાશિકમાં મંગળવારે ચૂંટણી તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજી હતી. બેઠક બાદ તેમણે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં સ્થાનિક સંસ્થાઓની બહુપ્રતિક્ષિત ચૂંટણીઓ તબક્કાવાર યોજાશે. દિવાળી પછી એટલે કે ઓક્ટોબરના અંત પછી ચૂંટણી પ્રક્રિયા શરૂ થવાની ધારણા છે.

તેમણે કહ્યું કે ઓબીસી માટે લોટરી પદ્ધતિ અપનાવવામાં આવશે, જ્યારે અનુસૂચિત-જનજાતિ માટે અનામત નિશ્ચિત રહેશે. જિલ્લા પરિષદો, પંચાયત સમિતિઓ, નગર પરિષદો અને મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીઓ ૨૦૧૭થી બાકી છે. એક દિવસ પહેલા સુપ્રીમ કોર્ટે એક આદેશ પસાર કર્યો હતો જેમાં ઓબીસી માટે ૨૭ ટકા ક્વોટા સાથે અને ૨૦૧૭ ની વોર્ડ સીમાઓ અનુસાર સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજવાનો માર્ગ મોકળો કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે ચાર મહિનાની અંદર ચૂંટણીઓ યોજવાનો નિર્દેશ આપ્યો છે અને તે મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશનો, જિલ્લા પરિષદો અને મ્યુનિસિપલ કાઉન્સિલોની ચૂંટણીઓ તબક્કાવાર યોજાશે. ક્રમ પછીથી નક્કી કરવામાં આવશે. ચૂંટણી પ્રક્રિયા ડિસેમ્બરના અંત અથવા જાન્યુઆરી ૨૦૨૬ ના મધ્ય

(જુઓ પાનું ૪) ▸▸

### જૈન સમાજના રોષને ઠંડો પાડતા મુખ્ય પ્રધાન

# કબૂતરોને ચણ નાખવાની પરવાનગી આપી

### જરૂર પડે તો સુપ્રીમ કૉર્ટમાં જવાની પણ વિચારણા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે કહ્યું હતું કે શહેરમાં કબુતરખાના (કબૂતરોને ચણ નાખવાના સ્થળો) 'અચાનક' બંધ કરવા યોગ્ય નથી અને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ને જ્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા ન થાય ત્યાં સુધી પક્ષીઓને નિયંત્રિત ખોરાક આપવાનું સુનિશ્ચિત કરવા કહ્યું હતું. ફડણવીસના આ નિર્ણયને જૈન સમાજના વિજય તરીકે જોવામાં આવી રહ્યો છે.

આરોગ્ય સામેના જોખમોને લઈને મુંબઈમાં પરંપરાગત 'કબુતરખાના' બંધ કરવાના મુંબઈ હાઈકોર્ટના નિર્દેશ પર મુંબઈ મનપા દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી અને મુંબઈના જૈન સમાજે આ પગલાંનો તીવ્ર વિરોધ કર્યો હતો. આ બધા વચ્ચે મુખ્ય પ્રધાનના આ નિર્દેશ જૈન સમાજને માટે સંતોષજનક બની રહેશે એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

મુંબઈમાં 'કબુતરખાના'ના મુદ્દા પર એક બેઠકનું અધ્યક્ષપદ સંભાળનારા ફડણવીસે સૂચનો કરતી વખતે પક્ષીઓના જીવનનું રક્ષણ, પર્યાવરણનું રક્ષણ અને જાહેર આરોગ્ય વચ્ચે સમતુલા સાધવાનો મહત્વનો ઉલ્લેખ કર્યો હતો.

કબુતરખાના અંગેના કોઈપણ નિર્ણયો પક્ષીઓના ભૂખમરાથી બચાવવા માટે વૈકલ્પિક અને કરુણાપૂર્ણ વિકલ્પો સાથે હોવા જોઈએ, એમ પણ તેમણે કહ્યું હતું.

મંગળવારે બીએમસીએ જણાવ્યું હતું કે તેણે શહેરભરના 'કબુતરખાનાઓ'માં કબૂતરોને ચણ નાખવા બદલ ૧૪૨ વ્યક્તિઓ સામે કાર્યવાહી કરી છે અને ૧૩ જુલાઈથી ૩ ઓગસ્ટ દરમિયાન ૬૮,૭૦૦ રૂપિયાનો દંડ વસૂલ કર્યો છે.

મુખ્ય પ્રધાને એક સત્તાવાર નિવેદનમાં કહ્યું હતું કે, 'કબૂતરોના જીવનને બચાવવા, પર્યાવરણનું રક્ષણ કરવા અને નાગરિકોના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવા - આ ત્રણેય બાબતો અત્યંત મહત્વપૂર્ણ છે. જ્યાં સુધી

(જુઓ પાનું ૪) ▸▸

## ચણ નાખનારાઓ પાસેથી ₹ ૬૮,૦૦૦ દંડ વસૂલ

મુંબઈઃ દાદર કબૂતરખાના પાસે કબુતરોને ચણ નાખનાર અને પાલિકા વચ્ચેનો વિવાદ ચાલુ છે. આમ છતાં મહાનગરપાલિકા શહેરના અન્ય કબૂતરખાનાઓ પાસેથી સૌથી વધુ દંડ વસુલવામાં સફળ રહી છે. બીએમસીએ રવિવાર સુધી ૧૪૨ વ્યક્તિઓ પાસેથી રૂ.૬૮,૭૦૦ વસૂલ્યા હતા.

આશ્ચર્યજનક રીતે સૌથી વધુ દંડ દાદર કબૂતરખાના પાસેથી વસૂલવામાં આવ્યો હતો, જે કુલ દંડના ૩૨ ટકા જેટલો હતો. તેમ

(જુઓ પાનું ૪) ▸▸

## કોર્ટ અને સરકાર વચ્ચે પાલિકાના અધિકારીનો મરો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એક તરફ મુંબઈ હાઈ કોર્ટે પક્ષીઓને ચણ નાખવા સામે પોલીસમાં એફઆઈઆર ગુનો નોંધવાનો નિર્દેશ આપ્યો છે. બીજી તરફ રાજ્ય સરકારે અમુક પ્રમાણમાં પક્ષીઓને ખોરાક આપવાની મંજૂરી આપી હોવાને કારણે આમાં સુધરાઈના અધિકારીઓ મૂંઝવણમાં મૂકાઈ ગયા છે. કોર્ટના આદેશનું પાલન ના કરે તો તેમની સામે પગલાં

(જુઓ પાનું ૪) ▸▸



વિયેતનામ 50,000+Air થી
શીખરજી મહાયાત્રા સાથે/વગર
ચંપાપુરી-બનારસ-અયોધ્યા
12 કલ્યાણક ભૂમિ, મથુરા-સૌર્યપુરી કંપીલાજી અહિચ્છત્રા હસ્તિનાપુર SEPT TO JAN
૪૮ કલ્યાણક ભૂમિ, અયોધ્યા પુરીમતાલ રત્નપુરી-કોસંબી શ્રાવસ્તી બનારસ
ગંગા સાગર સાથે પુરી-કોનાર્ક ભુવનેશ્વર ચંપારણ
પંજાબ પંચતીર્થ DEC. 25
ફાગણ સુદ 13 પાલીતાણા
AUG TO DEC કિચન ગ્રુપ
સ્પીતી વેલી 09 SEP.
કેરાલા AUG TO DEC
ગેંગટોક-લાચુમ દાર્જીલીંગ દિ.7
રામેશ્વર-મદુરાઈ ઉટી-કોડાઈ-કુર્ગ
અરૂણાચલ-મેઘાલય-આસામ
સુ-મન ટુર 9224139889 9930096560
www.su-mantours.com
બાલી 56,000 થી દુબઈ 50,000 થી



DAILY DEPARTURE
ચાલો શિખરજી
ઑક્ટો. થી પ્રસ્થાન, સ્વતંત્ર રસોડું, ધરમશાળા/ હોટલમાં આવાસ, બધાંજ ભોજન, લક્ઝરિયસ વાહન, રાજગીરી,વારાણસી, ભાગલપુર, લચ્છવાડ,પાવાપુરી, કુંડલપુર, ગુણિયાજી, વિ.
દુબઈ આબુધબી દિવસ-૭ — ૩ સ્ટાર હોટલ BUR દુબઈમાં, વિઝા, NEW Attraction સાથેનાં ભરપૂર સાઈટસીન, બધાંજ ભોજન, YAS ISLAND
હિમાચલ કિન્નૌર સ્પીતી — અમૃતસર, ડેલહાઉઝી, ધરમશાળા, શિમલા, મનાલી, સાંગલા, ચિત્કુલ, કાઝા
કાશ્મીર — શ્રીનગર, ગુલમર્ગ, પહેલગામ, સોનમર્ગ
5-6 DAYS ALMATY KAZAKHSTAN
7 DAYS BAKU AZERBAIJAN
5-9 DAYS EGYPT
6-9 DAYS SRILANKA
6 DAYS THAILAND
HAZEL Treks N Tours Khar (w). @hazeltreksntours Since: 2003
PANKAJ CHHEDA 9869559938



south Africa


13 DAYS
DEP DATES 17th OCT 23rd OCT
Package Inclusions :
• Helicopter Ride, Hop On Hop Off Bus, Walk with Lion, Catamaran Ride, Safari Game Drive અને Hermanus નો અદભુત અનુભવ.
• વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
• રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
• વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74



PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"



Explore The Vibrant Cityscape of
South Korea
૧૦ દિવસ/10 DAYS
DEP: OCT : 22 NOV : 03
SEOUL, BUSAN, JEJU
ટૂર ની વિશેષતા
★ વર્લ્ડક્લાસ એરલાઈન્સમાં મુસાફરી
★ 4/5 સ્ટાર વૈભવી હોટેલ્સ
★ આપણા રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ શુદ્ધ શાકાહારી/જૈન ભોજન
★ લકઝરી કોચ બસમાં મુસાફરી
★ ગુજરાતી, હિન્દી અને ઈંગ્લિશ જાણતાં ટૂર મેનેજરની સેવા
★ ભરપુર સાઈટ સીઈંગ સાથે એન્ટ્રન્સ ફી, વિઝા સહિત તમામ ખર્ચ કોસ્ટમાં જ સામેલ.
NIRAV TOURS & TRAVELS 9004667806 8828037806
SHOP No. 006-A, 2ND FLOOR, RAGHULEELA MALL, POISAR, KANDIVALI (W). MUM - 400067



JAIN JAGRUTI CENTRE JJC 1975
જેજેસી નોર્થઈસ્ટ
JJC CELEBRATING 50 YEARS OF EXCELLENCE PAST | PRESENT | FUTURE
કબૂતરો બચાવ અભિયાન..
જેજેસી નોર્થઈસ્ટ ના પ્રમુખ શ્રી નિતીનભાઈ સંઘવી તરફથી ખાસ સંદેશ
આજે આપણો સમગ્ર સમાજ સતત વિકાસ તરફ આગળ વધી રહયો છે.
પરંતુ આ ઉન્નતી સાથે કુદરત નું જતન કરવાની પણ આપણી ફરજ બને છે.
મહારાષ્ટ્રના માનનીય મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડનવીસજી એ જે કબૂતર બચાવો અભિયાન શરૂ કર્યુ છે.તે ખુબજ પ્રસંશનીય અને જીવદયા નું પગલું છે.
માનવજાત અને પ્રાણીજાત વચ્ચે સંવેદનાજ સાચી માનવતા છે..
કબૂતરો આપણા શહેર માં સહજ જીવન જીવતા નિર્દોશ પક્ષીઓ છે.
તેમનું આશ્રાય,અન્ન અને પાણી ની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી આજે
તેમનું આશ્રાય,અન્ન અને પાણી ની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી તેમના જીવન ઉપર મહાસંકટ ઉભુ થયું છે. આ જીવદયા અભિયાન થકી સરકાર અને નાગરિકો મળીને કબૂતરો માટે દાણા પાણી મુકશો તો મહાન જીવદયા નું કાર્ય ગણાશે..
તેમના આશ્રાય સ્થાન ને સુરક્ષીત બનાવશો.અને સંવેદના સાથે પક્ષીઓ નું રક્ષણ કરશો.
આ પાવનકારી કાર્યમાં હું તેમજ મારી કમિટી સંપુર્ણ પણે સહભાગી છે..
આપ સૌ ને વિનમ્ર વિનંતી કરૂ છું કે તમારા વિસ્તારો માં કબૂતરો ને બચાવવા નો દાર્મમય પ્રયાસ કરો.તેમજ એવો સંકલ્પ કરીએ કે કબૂતરો તથા તમામ મુંગા પક્ષીઓ ને સહજતા થી જીવન જીવવાની સાર્થક તક આપીએ..
👉 તમારા ઘરની છત ઉપર એક પાણીનું અને દાણાનું વાસણ મુકો. થોડો સમય આપો. પ્રેમ આપો. આ નિર્દોષ જીવનું જીવન બચાવવાની સેવા એ સર્વોચ્ચ પુણ્ય છે.
💬 તમે પણ આ અભિયાનમાં જોડાવા ઈચ્છો છો તો નજીકની નગરપાલિકા અથવા પક્ષી કલ્યાણ કેન્દ્રનો સંપર્ક કરો.
કબૂતરો બચાવવો = આપણા હ્રદયનો અવાજ
જીવદયા આપણો ધર્મ.. મુંગા જીવની સુરક્ષા આપણું કર્મ..


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.